અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

16 NOVEMBER-2025 SUNDAY | Vol. : 17 | Issue : 135 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  કર્ણાટકમાં શેરડીના ખેડૂતોનું આંદોલન હિંસક બન્યું

4  "લાલો" કૃષ્ણ સદા સહાયતે! ઘણાં સમયે બધાં સાથે બેસીને જોઈ શકે એવી ફિલ્મ બની

6  પીરિયડ્સ અંગે રશ્મિકાના નિવેદન પર વિવાદ

7  ભારત G-20માં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર રહ્યું છે

### ડેડિયાપાડાની સ્નેહા વસાવાએ છાણ, ગુંદર અને ચોખાના લોટના મિશ્રણથી 5 દિવસમાં બનાવેલું પેઈન્ટીંગ વડાપ્રધાનને ભેટમાં આપ્યું

# પીએમ મોદીએ સંબોધન રોકીને વારલી પેઈન્ટીંગ સ્વીકાર્યું

**ડેડિયાપાડા, તા.15**

વડાપ્રધાન મોદી અવારનવાર પોતાના કાર્યક્રમમાં પોતાના પ્રસંશકો દ્વારા બનાવવામાં આવેલા ચિત્રો સ્વીકારતા જોવા મળ્યા છે.આજે ડેડિયાપાડાના કાર્યક્રમમાં પણ આવી એક ઘટના બની હતી. વડાપ્રધાન મોદી પોતાના આદિવાસીઓની કલા વિશે વાત કરી રહ્યા હતા ત્યારે સભામાં એક યુવતીએ પોતે બનાવેલું વારલી પેઈન્ટીંગ ઊંચું કરતા વડાપ્રધાનમાં ધ્યાનમાં આવ્યું હતું. વડાપ્રધાન મોદીએ આ વારલી પેઈન્ટીંગ સ્વીકાર્યું અને ત્યારબાદ આદિવાસીઓની કલાની વાત કરતા આદિવાસી કલાકાર પદ્મશ્રી પરેશભાઈ રાઠવાના નામનો પણ ઉલ્લેખ કર્યો હતો. સભાસ્થળે આ બંને લોકો સાથે વાતચીત કરી હતી. પીએમ મોદીને ભેટમાં આપેલા આ ચિત્રની વિશેષતા દર્શાવતા સ્નેહાએ કહ્યું કે વારલી પેઈન્ટીંગમાં ઘેરૈયો કલર અને સફેદ કલરનો ઉપયોગ થાય છે, પણ વડાપ્રધાનને આપેલું આ વારલી પેઈન્ટીંગમાં તેણે કલરનો નહીં પણ છાણ, ગુંદર અને ચોખાના લોટના મિશ્રણથી બનાવ્યું છે. સ્નેહા વસાવાએ કહ્યું કે આ વારલી પેઈન્ટીંગ તેણે માત્ર 5 દિવસમાં જ બનાવ્યું હતું. સ્નેહા વસાવાનું વારલી પેઈન્ટીંગ સ્વીકારીને વડાપ્રધાન મોદીએ કહ્યું કે કલા અને ચિત્રો આ આદિવાસી વિસ્તારમાં સહજ છે. ત્યારબાદ વડાપ્રધાને સભામાં હાજર પદ્મશ્રી પરેશભાઈ રાઠવાનો ઉલ્લેખ કરતા કહ્યું કે તેઓ ચિત્રકલાને આગળ ધપાવી રહ્યા છે અને મને સંતોષ છે કે અમારી સરકારે તેમને પદ્મ પુરસ્કારથી સમ્માનિત કર્યા છે.



### વડાપ્રધાન મોદીએ ભાષણ રોકીને ડેડિયાપાડાની યુવતીનું વારલી પેઈન્ટીંગ સ્વીકાર્યું

વડાપ્રધાન મોદીના સંબોધન તેઓ ગુજરાતના આદિવાસીઓની કલા વિશે વાત કરી રહ્યા હતા. તેમણે કહ્યુ કે ગુજરાતના આદિવાસીઓ પાસે અદભુત કલા છે. તેમણે બનાવેલા પેઈન્ટીંગ અને ચિત્રો ખાસ છે. આ સમયે જ સભામાં એક યુવતીએ હાથમાં વારલી પેઈન્ટીંગ ઉંચુ કરીને દર્શાવ્યું હતું. પોતાનું સંબોધન રોકીને વડાપ્રધાન મોદીએ ડેડિયાપાડાની સ્નેહા વસાવા યુવતીનું વારલી પેઈન્ટીંગ સ્વીકાર્યું હતું.

## NEWS BRIEF

### નિરમા યુનિવર્સિટીના કર્મચારીની 5 કરોડની ઉચાપત

#### વિદ્યાર્થીઓના બુક રિફંડના નાણાં પોતાના મિત્ર અને સંબંધીઓના ખાતામાં ટ્રાન્સફર કર્યા, અમદાવાદમાં 7 શખ્સો સામે ફરિયાદ

અમદાવાદના એસજી હાઈવે પર આવેલી નિરમા મના કર્મચારીએ 5 કરોડની ઉચાપત કરી છે. જે વિદ્યાર્થીઓના બુક રિફંડના નાણાં પેટે વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવ્યા હતાં. આરોપીએ પોતાના મિત્ર અને સંબંધીઓના ખાતામાં ટૂકડે ટૂકડે બે વર્ષમાં રૂપિયા ટ્રાન્સફર કર્યા હતાં. નિરમા યુનિવર્સિટીએ સોલા પોલીસ સ્ટેશનમાં કર્મચારી સહિત 7 શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે.કર્મચારીએ ટુકડે ટુકડે 5 કરોડ રૂપિયા ટ્રાન્સફર કર્યા, નિરમા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ બુક્સ માટે એડવાસ રૂપિયા આપ્યા હતા, જે અભ્યાસના અંતે પરત આપવાના હતાં. નિરમા યુનિવર્સિટીના કર્મચારીએ પોતાના મિત્રો અને સબંધીઓને વિદ્યાર્થીઓ તરીકે બતાવી તેમના ખાતામાં ટુકડે ટુકડે 5 કરોડ રૂપિયા ટ્રાન્સફર કરી લીધા છે. આ અંગે યુનિવર્સિટીને જાણ થતા કર્મચારી વિરુદ્ધ સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.ગોતામાં રહેતા નિકુંજ પટેલ નિરમા યુનિવર્સિટીમાં મેનેજમેન્ટ વિભાગમાં એસોસિયેટ પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે. તેને કહ્યું કે, નિરમા યુનિવર્સિટીમાં વિવિધ એક્ટિવિટી ચાલી રહી છે.

### પાકિસ્તાની આર્મી ચીફની સામે પડ્યા સુપ્રીમ કોર્ટના જજ


સુપ્રીમ કોર્ટે પાકિસ્તાનના આર્મી ચીફ અસીમ મુનીર સામે બળવો કર્યો છે. બે વરિષ્ઠ ન્યાયાધીશો, મન્સૂર અલી શાહ અને અતહર મિનલ્લાહે રાજીનામું આપી દીધું છે. તેમના રાજીનામા પત્રોમાં, ન્યાયાધીશોએ જણાવ્યું હતું કે મુનીરને કાનૂની કાર્યવાહીથી રક્ષણ આપવું અને તેમને સંરક્ષણ વડા તરીકે નિયુક્ત કરવા એ બંધારણનું ઉલ્લંઘન છે. તેઓએ 27મા બંધારણીય સુધારાનો વિરોધ કર્યો હતો. પાકિસ્તાન સુપ્રીમ કોર્ટ 27મા બંધારણીય સુધારા સામે પોતાનું વલણ કડક બનાવી રહી છે. સૂત્રો સૂચવે છે કે બે કે ત્રણ ન્યાયાધીશો ટૂંક સમયમાં રાજીનામું આપી શકે છે. સુપ્રીમ કોર્ટનું માનવું છે કે આર્મી ચીફને અમર્યાદિત સત્તાઓ આપનારા બંધારણીય સુધારાએ લોકશાહીના અન્ય સ્તંભોને નબળા પાડ્યા છે. પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટમાં મુખ્ય ન્યાયાધીશ સહિત 16 ન્યાયાધીશો છે. હાલમાં નવ અન્ય પદ ખાલી છે. બે ન્યાયાધીશોના રાજીનામા બાદ, સુપ્રીમ કોર્ટમાં હવે ફક્ત 14 વર્તમાન ન્યાયાધીશો છે. સુપ્રીમ કોર્ટની ઘણી સત્તાઓ રાષ્ટ્રપતિને સોંપવામાં આવી છે. પાકિસ્તાનની સંસદે બુધવારે 27મા બંધારણીય સુધારાને મંજૂરી આપી, જે આર્મી ચીફ અસીમ મુનીરની સત્તાઓમાં વધારો કરે છે અને સુપ્રીમ કોર્ટની સત્તાઓમાં ઘટાડો કરે છે. પાકિસ્તાન ઓબ્ઝર્વરના અહેવાલ મુજબ, આ સુધારામાં 48 કલમોમાં ફેરફારનો પ્રસ્તાવ છે. નેશનલ એસેમ્બલીએ આ બિલને 234 મતોની બહુમતીથી પસાર કર્યું, જેમાં ચાર સાંસદોએ તેની વિરુદ્ધ મતદાન કર્યું, જ્યારે સેનેટે બે દિવસ પહેલા જ તેને મંજૂરી આપી દીધી હતી. રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારી તેના પર હસ્તાક્ષર કરશે પછી તે કાયદો બનશે. મુનીરને ત્રણેય સશસ્ત્ર દળો માટે ચીફ ઓફ ડિફેન્સ ફોર્સિસ (CDF) તરીકે નિયુક્ત કરવામાં આવી રહ્યા છે. આ નિમણૂક 27 નવેમ્બર, 2025થી અમલમાં આવશે. પદ સંભાળ્યા પછી, તેઓ પરમાણુ શસ્ત્રોની કમાન સંભાળશે. તેઓ તેમનો કાર્યકાળ પૂર્ણ કર્યા પછી પણ તેમના પદ પર રહેશે અને આજીવન કાનૂની પ્રતિરક્ષાનો આનંદ માણતા રહેશે. દરમિયાન, જેલમાં બંધ પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફે તેને લોકશાહી વિરોધી ગણાવ્યું.

## ગમછો લહેરાવી PMનું સ્વાગત : બિહારમાં NDAની બમ્પર જીત બાદ સુરતમાં વસતા બિહારીઓ દ્વારા અભિવાદન ઝીલાયું

### રૂ. 9700 કરોડના વિકાસકામોનો શિલાન્યસ અને લોકાર્પણ

**અમદાવાદ , તા.15**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે (15 નવેમ્બર) ગુજરાત પહોંચ્યા હતા. તેમણે સુરતમાં બંધાઈ રહેલા મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલ કોરિડોરનું નિરીક્ષણ કર્યું હતું. ત્યાર બાદ તેમણે નર્મદા જિલ્લાના ડેડિયાપાડાની મુલાકાત લીધી હતી અને દેવમોગરા મંદિરમાં પાંડોરી માતાને પ્રાર્થના કરી હતી. ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં આદિવાસી સમુદાયો દ્વારા પાંડોરી માતાને કુળદેવી માનવામાં આવે છે. વડાપ્રધાને ડેડિયાપાડામાં 4 કિલોમીટરનો રોડ શો પણ કર્યો હતો, જ્યાં



રસ્તાના કિનારે હજારો આદિવાસી લોકો જોવા મળ્યા હતા. રોડ શો પછી, વડાપ્રધાન ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતિ ઉજવણીમાં હાજરી આપવા પહોંચ્યા હતા. જ્યાં તેઓએ 9,700 કરોડથી વધુના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. ઉલ્લેખનિય છે કે, દિલ્હી જવા રવાના થતા પહેલાં તેઓ સુરત એરપોર્ટ પર બિહારી સમુદાય સંબોધવા સુરત એરપોર્ટ પર પહોંચ્યા છે. બિહારીઓ દ્વારા ગમછો લહેરાવી પીએમ મોદીને આવકારવામાં આવ્યા હતા. સુરતની મુલાકાત પૂર્ણ કર્યા બાદ વડાપ્રધાન દિલ્હી જવા રવાના થયા હતા. સભાસ્થળે પહોચીને પીએમ મોદીએ ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતિ નિમિત્તે જનજાતીય ગૌરવ દિવસના મુખ્ય કાર્યક્રમમાં 9700 કરોડના વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ અને શિલાન્યાસ કર્યા હતા.

## KKRએ વેંકટેશ-રસેલને રિલીઝ કર્યા; CSKએ 11 ખેલાડીઓને છૂટા કર્યા

### IPLની ટીમમાં મોટી ઊથલપાથલ થઈ, પંજાબે મેક્સવેલ-ઈંગ્લિસને છોડ્યા

**કોલકાતા, તા.15**

કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)એ IPL ઈતિહાસના ત્રીજા સૌથી મોંઘા ખેલાડી વેંકટેશ અય્યરને રિલીઝ કર્યો છે. તો ટીમ સાથે 12 વર્ષથી જોડાયેલા આન્દ્રે રસેલને પણ રિલીઝ કરીને સૌને ચોંકાવ્યા છે. એટલે કે આ બંને ખેલાડીઓએ મિની ઓક્શનમાં ઉતરવું પડશે. IPL કમિટીએ શનિવારે રીટેન, રિલીઝ અને ટ્રેડ લિસ્ટ જાહેર કરી. તેના મુજબ ચેન્નઈ સુપર કિંગ્સ (CSK)એ મથિશા પથિરાના, ડેવોન કોનવે અને રચિન રવીન્દ્રને રિલીઝ કર્યા છે. ટીમે કુલ 11 ખેલાડીઓને રિલીઝ કર્યા છે. તો KKRએ વેંકટેશ અય્યરને ગયા વર્ષે મેગા ઓક્શનમાં 23.75 કરોડમાં ખરીદ્યો હતો. જ્યારે આન્દ્રે રસેલ 12 કરોડમાં રીટેન થયો હતો. બીજી તરફ પંજાબે 5 પ્લેયર્સને રિલીઝ કર્યા, જેમાં ગ્લેન મેક્સવેલ અને જોશ ઈંગ્લિસ



જેવા મોટા નામો છે. IPLનું મિની ઓક્શન 16 ડિસેમ્બરે UAEના અબુ ધાબી શહેરમાં યોજાશે. આ પહેલાં 2025માં સાઉદી અરેબિયા અને 2024માં દુબઈમાં ઓક્શન થઈ ચૂક્યું છે. વેંકટેશ અય્યર: ત્રીજો સૌથી મોંઘો પ્લેયર, પ્રદર્શન ખરાબ બેટિંગ ઓલરાઉન્ડર વેંકટેશ અય્યરને કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)એ મેગા ઓક્શનમાં 23.75 કરોડમાં ખરીદ્યો હતો.

## ખોટો વીડિયો ચલાવવા બદલ બીબીસીએ ટ્રમ્પની માફી માંગી

**બ્રિટન, તા.15**

બ્રિટનના અગ્રણી મીડિયા સંગઠન બીબીસીએ ગુરુવારે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની 6 જાન્યુઆરી, 2021ના તેમના ભાષણને ખોટી રીતે સંપાદિત કરવા બદલ માફી માંગી. જોકે, બીબીસીએ 1 બિલિયન ડોલર એટલે કે 8400 કરોડ રૂપિયાના માનહાનિના દાવા અંગે સ્પષ્ટપણે કહ્યું હતું કે તેણે ટ્રમ્પને બદનામ કર્યા નથી, તેથી તેમના 1 બિલિયન ડોલરના મુકદ્દમાનો કોઈ આધાર નથી. બીબીસીએ અહેવાલ આપ્યો છે કે સંગઠનના અધ્યક્ષ, સમીર શાહે, ટ્રમ્પના સમર્થકોએ યુએસ કેપિટોલમાં ધસી આવેલા ભાષણના સંપાદનને લગતા વિવાદ માટે વ્હાઈટ હાઉસને વ્યક્તિગત રીતે માફી માંગતો પત્ર મોકલ્યો હતો. આ વિવાદ બાદ, બીબીસીના ડિરેક્ટર જનરલ ટિમ ડેવી અને ન્યૂઝના સીઈઓ ડેબોરાહ ટર્નેસે તેમના પદ પરથી રાજીનામું આપી દીધું.



બીબીસીએ જણાવ્યું હતું કે દસ્તાવેજીમાં ભાષણના બે અલગ અલગ ભાગોને જોડવામાં આવ્યા હતા જેથી એવું લાગે કે ટ્રમ્પ સતત હિંસક કાર્યવાહીને ઉશ્કેરી રહ્યા હતા. વાસ્તવમાં, બંને ભાગો 50 મિનિટના અંતરે આપવામાં આવ્યા હતા. આનાથી ખોટી છાપ ઉભી થઈ કે ટ્રમ્પે સીધી હિંસા ભડકાવી હતી.

**બિહારમાં ચૂંટણી હારતા લાલુ પરિવારમાં તિરાડ**

## લાલુને કિડની આપનારી દીકરી રોહિણીએ પરિવાર સાથે સંબંધ તોડ્યો, રાજકારણમાંથી સંન્યાસ લીધો



**બિહાર, તા.15**

બિહાર વિધાનસભા ચૂંટણીમાં કારમી હાર બાદ, લાલુ પરિવારમાં મોટા ભાગલા પડ્યા છે. રોહિણી આચાર્યએ શનિવારે X પર પોસ્ટ કરીને લખ્યું, 'હું રાજકારણ છોડી રહી છું અને મારા પરિવાર સાથેના સંબંધો તોડી રહી છું. સંજય યાદવ અને રમીઝે મને આ કરવા કહ્યું, અને હું બધો દોષ લઈ રહી છું.' RJDએ 2020માં 75 બેઠકો જીતી હતી, જે 2025માં ફક્ત 25 બેઠકો પર સમેટાઈ ગઈ છે. તેજ પ્રતાપ આ ચૂંટણીમાં લગભગ 50,000 મતોથી હારી ગયા. લાંબા સંઘર્ષ પછી, તેજસ્વી પોતાની બેઠક જાળવી રાખવામાં સફળ રહ્યા. પરિણામો બાદ, લાલુ પરિવારમાં આરજેડી સાંસદ સંજય યાદવને લઈને સંઘર્ષ વધી ગયો છે. ગઈકાલે, તેજ પ્રતાપ સિંહે પણ લખ્યું હતું કે, 'જયચંદે આરજેડીને ખોખલી કરી દીધી છે.' આ પહેલા રોહિણીએ સોશિયલ મીડિયા પર પાર્ટીના બધા સભ્યો અને પરિવારને અનફોલો કરી દીધા હતા. 18 સપ્ટેમ્બરના રોજ, લાલુ યાદવની બીજી પુત્રી, રોહિણી આચાર્યએ ફેસબુક પર આલોક કુમાર નામના આરજેડી સમર્થકના નામે એક પોસ્ટ શેર કરી. પોસ્ટમાં લખ્યું હતું કે, 'આપણે બધા, આખા બિહાર સાથે, લાલુ પ્રસાદ યાદવ અને તેજસ્વી યાદવને આગળની હરોળમાં બેઠેલા જોવા માટે ટેવાયેલા છીએ. આપણે તેમની જગ્યાએ બીજા કોઈને સ્વીકારી શકતા નથી.



## ન્યૂઝ ટ્રેક

### સેવન્થ ડે સ્કૂલને AMCએ શો કોઝ નોટિસ ફટકારી:કોર્પોરેશન દ્વારા સ્કૂલને ભાડા પટ્ટે આપવામાં આવેલી જમીનમાં શરતોનો ભંગ

**અમદાવાદ તા.15**

અમદાવાદ શહેરના ખોખરા વિસ્તારમાં આવેલી સેવન્થ ડે સ્કૂલને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા નોટિસ ફટકારવામાં આવી છે. કોર્પોરેશન દ્વારા સેવન્થ ડે સ્કૂલની જગ્યા ભાડેપટ્ટે આપવામાં આવી હતી જેની શરતોનો ભંગ કરવામાં આવ્યો છે. શૈક્ષણિક હેતુ માટે જે નામથી જગ્યા ફાળવવામાં આવી છે તેના દ્વારા શિક્ષણ આપવામાં આવતું નથી અન્ય સંસ્થા દ્વારા શિક્ષણ આપવામાં આવતું હોવાનું સામે આવ્યું છે. બિલ્ડીંગમાં વધારાનું બાંધકામ કરવામાં આવ્યું છે ત્યાંના માટે મ્યુનિસિપલ કોર્પોરેશનની પણ કોઈ મંજૂરી લેવામાં આવી નથી જેના પગલે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નોટિસ ફટકારીને ખુલાસો માંગવામાં આવ્યો છે.

ટાઉન એન્ડ પ્લાનિંગ કમિટીના ચેરમેન પ્રીતિશ મહેતાએ જણાવ્યું હતું કે, શહેરના ખોખરા વિસ્તારમાં આવેલી સેવન્થ ડે સ્કૂલ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જે સંસ્થાને ભાડાપટ્ટે આપવામાં આવેલી છે. જેના માટે કરવામાં આવેલા કરારોનો ભંગ થયો હોવા અંગે લઈને કમિટીમાં અવારનવાર વિગતો માંગવામાં આવી હતી તેમ છતાં પણ કોઈ જાણકારી આપવામાં આવી નહોતી. આજે મળેલી કમિટીમાં ખોખરા વોર્ડના કોર્પોરેટર કમલેશ પટેલ દ્વારા સેવન્થ ડે સ્કૂલ મામલે કાર્યવાહી અંગે પ્રશ્ન કરવામાં આવ્યો હતો જેમાં તેમણે જણાવ્યું હતું કે સ્કૂલ અને મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી ભાડાપટ્ટે આપેલી જમીનના કરારનો ભંગ થયો હોવા અંગે નોટિસ આપવામાં આવી છે. 21 નવેમ્બરના રોજ સ્કૂલના સત્તાધીશોને જવાબ આપવા માટે બોલાવવામાં આવ્યા છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વર્ષ 2001માં ખોખરા વિસ્તારમાં શૈક્ષણિક હેતુ માટે 99 વર્ષના ભાડાપટ્ટે ઈન્ડીયા ફાયનાન્શીયલ એસોસીએશન ઓફ સેવેન્થ ડે એડવેન્ટીસ્ટને 10465 ચો.મી. જમીન ફાળવવામાં આવેલી હતી. જેના ઉપર શૈક્ષણિક હેતુ માટે બિલ્ડીંગ બાંધવામાં આવેલી હતી. જોકે જે સંસ્થા સાથે ભાડા પટ્ટાનો કરાર કરવામાં આવ્યો તેના કરતાં અન્ય સંસ્થા દ્વારા શૈક્ષણિક હેતુ માટે કોલેજ ચલાવવામાં આવતી હોવાનું સામે આવ્યું હતું જેને લઈને ભાજપના સત્તાધીશો દ્વારા એસ્ટેટ વિભાગ પાસે તમામ માહિતી માંગવામાં આવી હતી. એસ્ટેટ વિભાગ દ્વારા શો- કોઝ નોટીસ ફટકારીને ખુલાસો માંગવામાં આવ્યો હતો જો કે તેમના દ્વારા કોઈ જવાબ આપવામાં આવ્યો ન હોવાનું સામે આવ્યું હતું. ભાજપના સત્તાધીશો દ્વારા અવારનવાર રજૂઆત કરવામાં આવી હતી કે ભાડા પટ્ટાના કરારનો ભંગ થઈ રહ્યો છે છતાં પણ તેમના દ્વારા કોઈ નોટિસ આપવામાં આવી ન હોતી.

### મહિલા કોન્સ્ટેબલ નયનાની હરકતથી પોલીસની 'નજર નીચી' : ઘરમાં વોન્ટેડ આરોપીને આશરો આપતાં ખાખીની શાખ પર ડાઘ

**ભાવગનર, તા.15**

કહેવાય છે કે ગુનેગાર ભલે ગમે તેટલો શાતિર હોય, પરંતુ તે ક્યારેય પોલીસની નજરથી બચી શકતો નથી. પણ જો તે ગુનેગારને પોલીસ જ બચાવતી હોય તો? શું આ વાંચીને તમને ક્યાંક એવું તો નથી લાગતું ને કે લખવામાં કોઈ ભૂલ થઈ છે. તો તમને જણાવી દઈએ કે આ કોઈ લખવામાં ભૂલ નથી થઈ, પરંતુ ભાવનગરમાં ખાખીને ડાઘ લગાવતો એક કિસ્સો સામે આવ્યો છે અમે તેના વિશે તમને જણાવી રહ્યા છીએ. વાત જાણે એમ છે કે એટ્રોસીટી કેસમાં ફરાર એક આરોપી પાર્થ દિનેશ ધાંધલ્યા કે જેણે શોધવા ભાવગનર પોલીસે આખું ગામ ફેંદી નાખ્યું તે વોન્ટેડ આરોપીને ભાવનગર પોલીસમાં ફરજ બજાવતી એક મહિલા કોન્સ્ટેબલ(હવે સસ્પેન્ડેડ) નયના નાનજીભાઈ બારૈયાએ જ ઘરમાં આશરો આપ્યો હતો. આ વાત આટલેથી નથી અટકતી જ્યારે બાતમી મળતા SC-ST સેલ મહિલા કોન્સ્ટેબલ નયનાના ઘરે પહોંચે છે ત્યારે ઘરમાંથી ઇંગ્લિશ દારૂની એક બોટલ, ખાલી બિયરના ટીન અને પોલીસ ચોપડે વોન્ટેડ આરોપી પાર્થ દિનેશ ધાંધલ્યા પણ મળે છે. સાથે જ ઘરમાં સર્ચ દરમિયાન એક રૂમમાંથી અન્ય એક મહિલા કોન્સ્ટેબલ ઉષા ભુપતભાઈ જાની પણ મળી આવતા પોલીસે 2 મહિલા પોલીસ કર્મી અને વોન્ટેડ આરોપીને ઝડપી લીધા છે. ઉલ્લેખનીય છે કે મહિલા કોન્સ્ટેબલ નયનાની હરકતથી પોલીસની 'નજર નીચી' થઈ ગઈ છે. અને પોતાના ઘરમાં જ વોન્ટેડ આરોપીને આશરો આપતા ખાખીની શાખ પર ડાઘ લાગ્યો છે. ઘટના અંગે વિગતે વાત કરીએ તો તળાજા તાલુકાના દેવલી ગામે વાડી વિસ્તારમાં પીપરલા રોડ પર રહેતા પાર્થ દિનેશ ધાંધલ્યા વિરુદ્ધ એટ્રોસીટી અંગે ફરિયાદ દાખલ થઈ હતી. આ ગુનો નોંધાયા બાદ આરોપી વોન્ટેડ હોય આરોપીને ભાવનગર શહેરના ટોપ થ્રી સર્કલ પાછળ આવેલા રોયલ પાર્ક પ્લોટ નંબર.18માં રહેતી અને ભરતનગર પોલીસ સ્ટેશનમાં મહિલા કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતી નયના નાનજીભાઈ બારૈયા નામની મહિલા કોન્સ્ટેબલે પોતાના ઘરમાં આશરો આપ્યો હોવાની બાતમી SC-ST સેલની ટીમને મળી હતી. હાઈફાઈ લાઈફ સ્ટાઈલ, મોંઘી ગાડી, ફેશનેબલ કપડાં અને સોશિયલ મીડિયામાં રીલ બનાવવાની શોખીન મહિલા કોન્સ્ટેબલ નયનાની 'મીઠી નજર' નીચે આરોપી બિન્દાસ્ત તેના ઘરમાં રહેતો હતો. જે પોલીસનું નામ સાંભળી આરોપી ફફડવો જોઈએ તે પોલીસે જ આરોપીને પોલીસથી બચાવવા માટે પોતાના ઘરમાં આશરો આપ્યો હતો. આરોપી પાર્થ દિનેશ ધાંધલ્યા અને મહિલા કોન્સ્ટેબલને ભરોસો હતો કે ખાખી ક્યારેય ખાખી પર શંકા નહીં કરે. પણ મહિલા કોન્સ્ટેબલ અહીં જ છેતરાઈ ગઈ.

## રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની CMને ઉગ્ર રજૂઆત

# શિક્ષણના ભોગે કરાવાતી BLOની કામગીરીમાંથી મુક્તિ આપવા માગ

■ **SIRની કામગીરીમાં હાજર ન થતા શિક્ષકો સામે ધરપકડ વોરંટ**

**ભાવનગર, તા.15**

રાજ્યભારના શિક્ષકોને SIR (special intensive revision) એટલે કે, ખાસ મતદાર યાદી સુધારણા ઝૂંબેશની કામગીરી સોંપવામાં આવી છે. આ કામગીરીમાં હાજર ન થતાં કેટલાંક શિક્ષકો સામે ધરપકડ વોરંટ જાહેર કરવામાં આવ્યું છે. ત્યારે આજે (15 નવેમ્બર) રાજકોટ અને અમદાવાદમાં શિક્ષકો અને શૈક્ષિણીક સંઘો દ્વારા કલેક્ટર મારફતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને ઉગ્ર રજૂઆત કરવામાં આવી છે.

રાજકોટ જિલ્લાના અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે આવેદનમાં જણાવ્યું છે કે, મતદાર યાદી સુધારણાની આ કામગીરી વિદ્યાર્થીઓના ભણતરના ભોગે શિક્ષકોને સોંપવાને બદલે BLO (બૂથ લેવલ ઓફિસર)ની અલગ કેડર ઉભી કરવામાં આવે તેવી માગ છે. સાથે જ બીમાર હોય કે દૂર રહેતા હોય તેમાં શિક્ષકો હાજર થવામાં મોડું કરે તો તેની સામે ધરપકડ વોરંટ ઈસ્યુ કરવામાં આવી રહ્યા છે, જે ખૂબ જ નીંદનીય છે, જેથી શિક્ષકોને BLOની કામગીરીમાંથી મુક્ત કરવામાં આવે.

વોરંટ કાઢી ધરપકડ જેવી કાર્યવાહી કરવાની શિક્ષકોને ધમકી: અક્ષિતા જાની

અમદાવાદમાં અખિલ ભારતીય રાષ્ટ્રીય મહાસંઘના પ્રતિનિધિઓ કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા અને BLO તરીકે ફરજ બજાવતા શિક્ષકોને પડતી મુશ્કેલીઓ અંગે રજૂઆત કરી હતી. અહીં પ્રાંત મહિલા મંત્રી અક્ષિતા જાનીએ જણાવ્યું કે, જો સોંપાયેલ કામગીરી સમયસર પૂર્ણ ન થાય, તો વોરંટ કાઢી ધરપકડ જેવી કાર્યવાહી કરવાની ધમકી આપવામાં આવે છે. કેટલાક શિક્ષકોએ નોકરી પરથી દૂર કરવાની ચેતવણી મળતી હોવાનો આક્ષેપ પણ કર્યો.



### 'બૂથ લેવલ ઓફિસરની અલગ કેડર ઊભી કરો'

વધુમાં ઉમેર્યું કે, અગાઉ જ્યારે બીએલઓની કામગીરી શરૂ થાય ત્યારે વર્ષમાં માત્ર 8થી 10 રવિવાર જ કામગીરી રહેતી હતી. આ કામગીરી ઓનલાઈન કરી ચૂંટણી અધિકારી અને મામલતદાર તેમજ પ્રાંત અધિકારી દ્વારા તમામ કામગીરી શિક્ષકો ઉપર નાખી દેવામાં આવી છે. વર્તમાન સમયે મતદાર ગણતરી યાદીના ફોર્મનું વિતરણ, કલેક્શન અને ફોર્મ ભરવાની તમામ જવાબદારી શિક્ષકો ઉપર નાખી દેવામાં આવી છે.


### 'શિક્ષકો સામેના ધરપકડ વોરંટ ખૂબ જ નિંદનીય બાબત'

વધુમાં જણાવ્યું કે, શિક્ષકો કોઈ વખત બીમાર હોય કે અન્ય કોઈ કારણ હોય તો તેઓ પર દબાણ કરવામાં આવે છે. દિવાળી વેકેશનમાં જે શિક્ષકો પોતાના વતનમાં ગયા હતા, તેઓને તાત્કાલિક હાજર થવા માટેની સૂચના આપવામાં આવી. 200થી 300 કિલોમીટર દૂર રહેલા શિક્ષકોને આવતા સમય લાગે. જે શિક્ષકોને હાજર થવામાં મોડું થયું તેઓને ધરપકડ વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યા તે ખૂબ જ નિંદનીય બાબત છે. અમારે કહેવાનું કે કલેક્ટર, મામલતદાર અને પ્રાંત અધિકારી એક સમયે પોતે વિદ્યાર્થીઓ હતા અને તેમના પણ શિક્ષકો હતાં.

## બાઈકચાલકે અડફેટે લઈ યુવકને 10 ફૂટ ઢસડ્યો

### CCTV : વડોદરામાં રેસ્ટોરન્ટમાં કામ કરતા UPના યુવકે હોસ્પિટલમાં દમ તોડ્યો, પરિવારનો એકનો એક આધાર છીનવાયો

**વડોદરા, તા.15**



વડોદરા શહેરમાં અવારનવાર અકસ્માતની ઘટનાઓ સામે આવે છે, ત્યારે 14 નવેમ્બરની રાત્રે વધુ એક ગમખ્વાર અકસ્માત થયો હતો. જેમાં ચાલકે પૂરપાટ ઝડપે બાઈક હંકારી રોડ ક્રોસ કરતા યુવકને ટક્કર મારી 10 ફૂટ ઢસડ્યો હતો. આ દરમિયાન રસ્તા પર બાઈક ઘસડાતા તણખા પણ ઉડતા જોવા મળ્યા હતા. આ સમગ્ર ઘટનાના CCTV પણ સામે આવ્યા છે. અકસ્માતની ઘટનામાં ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ સમગ્ર ઘટનાને લઈ માંજલપુર પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે. શહેરના માંજલપુર વિસ્તારમાં આવેલા રેસ્ટોરન્ટમાં કામ કરતો બિપિન ગૌતમ (ઉ.વ. 28) તુલસીધામ ચાર રસ્તાથી કબીર કોમ્પ્લેક્સ તરફ જતો રોડ કરી રહ્યો હતો. તે દરમિયાન અજાણ્યા પૂરપાટ ઝડપે આવતા બાઈકચાલકે તેને ટક્કર મારી હતી. જેને લઈને ગંભીર ઈજાઓ પહોંચતા બિપિનને સારવાર અર્થે સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું કરૂણ મોત નીપજ્યું છે. જોકે, અકસ્માત કરનાર યુવકને પણ ઈજા થતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો છે. તો બીજી તરફ યુવકને ટક્કર મારનાર બાઈકચાલકના સંબંધીઓ મોડી રાત્રે રેસ્ટોરન્ટ આગળથી બાઈક લઈને ફરાર થઈ ગયા હતા.

### 'અમને ન્યાય જોઇએ છે, તેના ઘરમાં કોઈ કમાનાર નથી'

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, તમે CCTVમાં જોશો તો બાઈક પણ સ્પીડમાં દેખાતી નથી. અમે બાઈક ચલાવીએ છીએ પણ આપણે એ જોવું જોઈએ કે કોણ આવે છે.. કોણ જાય છે. તેણે જોરદાર ટક્કર મારી છે છતાં હજુ સુધી પોલીસે કાર્યવાહી કરી નથી. અમે તેના મૃતદેહને પોસ્ટમોર્ટમ બાદ કાનપુર લઈ જઈશું. પરંતુ પોલીસે હજુ સુધી કોઇ કાર્યવાહી કરી નથી. હજુ સુધી પોસ્ટમોર્ટમ થયું નથી.

## 14 ડિગ્રી સાથે નલિયામાં ઠંડીનો ચમકારો

### રાજકોટમાં 14.5 અને અમરેલી, વડોદરામાં 15.2 તાપમાન નોંધાયું, રાજ્યમાં બેવડી સીઝનનો અનુભવ થશે

**રાજકોટ, તા.15**

હવામાન વિભાગ ગઈકાલે રાજ્યના મોટાભાગના શહેરોમાં રાત્રિના અને વહેલી સવારના તાપમાનમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે, એટલે કે ઠંડીમાં વધારો થયો છે. સૌથી ઓછું ન્યૂનતમ તાપમાન નલિયા ખાતે 14 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. ત્યારબાદ રાજકોટ જ્યાં ન્યૂનતમ તાપમાન 14.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. શરૂઆતથી સૌથી ઠંડુ રહેતા અમરેલીમાં ન્યૂનતમ તાપમાન 15.2 ડિગ્રી સેલ્સિયસ જ્યારે વડોદરામાં પણ 15.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. સમગ્ર ગુજરાતમાં સરેરાશ મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ઓછું અને ન્યૂનતમ તાપમાન પણ સામાન્ય કરતાં નીચું રહેતા, રાજ્યમાં ઠંડકનો અનુભવ વધી રહ્યો છે. જ્યારે સૌથી ઓછું ઠંડુ દ્વારકામાં ન્યૂનતમ તાપમાન 21.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે અમદાવાદમાં ન્યૂનતમ તાપમાન 16.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું અને મહત્તમ તાપમાન 31.3 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. રાજ્યમાં હાલમાં બેવડી સીઝનનો અનુભવ થશે. રાજ્યમા મોટાભાગના જિલ્લાઓનું તાપમાન સામાન્ય કરતા નીચું નોંધાયું છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવના જણાવ્યા અનુસાર, આવનારા દિવસોમાં ન્યૂનતમ તાપમાનમાં વધુ નોંધપાત્ર ફેરફાર જોવા નહીં મળે, ન્યૂનતમ તાપમાન જે અમદાવાદમાં નોંધાયું છે તે 16.6 ડિગ્રી સેલ્સિયસ અને ગાંધીનગરમાં 15.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે.

### લગ્નના દિવસે જ વરરાજાએ દુલ્હનની લોખંડના પાઈપ મારી હત્યા કરી : ફેરા ફરવાના એક કલાક પહેલા દીવાલ સાથે માથું ભટકાડ્યું

**ભાવનગર, તા.15**

ભાવનગર શહેરમાં લગ્નના દિવસે જ યુવતીની કરપીણ હત્યા થઈ છે. શહેરના પ્રભુદાસ તળાવ વિસ્તારમાં ટેકરી ચોક નજીક આજે(15 નવેમ્બર) સવારે એક યુવતીની લોખંડના પાઈપ મારી હત્યા થતા પોલીસ કાફલો દોડી ગયો હતો. મરનાર યુવતીના આજે લગ્ન થવાના હતા અને તેના ભાવિ પતિએ જ તેની હત્યા કરી દીધી છે. સોનીબેન હિંમતભાઈ રાઠોડની હત્યા કરી આરોપી સાજન બારૈયા નાસી છૂટ્યો હતો. આ બનાવની જાણ થતા જ પોલીસ કાફલો બનાવ સ્થળે દોડી ગયો હતો અને તપાસ શરૂ કરી છે. પ્રાપ્ત માહિતી મુજબ યુવતી તેના ભાવિ પતિ સાથે લિવ-ઈનમાં રહેતી હતી અને આજે તેના લગ્ન થવાના હતા. લગ્ન થાય તે પૂર્વે જ તેની હત્યા થઈ ગઈ છે. સાજને સૌપ્રથમ ગત મોડી રાત્રિના આજ વિસ્તારમાં કોઈ અન્ય વ્યક્તિઓ સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી. ત્યારબાદ શેરીમાં બે ટુ-વ્હીલર અને મેલડી માતાજીના મંદિરની બહાર તોડફોડ કરી હતી. સાજને સૌપ્રથમ ગત મોડી રાત્રિના આજ વિસ્તારમાં કોઈ અન્ય વ્યક્તિઓ સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી.

## રાજકોટમાં પતિનું પત્ની પર ફાયરિંગ, હાલત ગંભીર

### પતિએ પોતાના લમણે ગોળી મારી આત્મહત્યા કરી, કાકી-ભત્રીજા વચ્ચે પાંગરેલા પ્રેમ સબંધનો કરુણ અંજામ

**રાજકોટ, તા.15**

રાજકોટના નાગેશ્વર વિસ્તારમાં આવેલી એક બિલ્ડિંગના પટાંગણમાં પતિએ પત્નીને ગોળી માર્યા બાદ પોતે પણ લમણે ગોળી માર્યાની કરુણ ઘટના સામે આવી છે. પત્નીના ભત્રીજા સાથેના પ્રેમ સંબંધના કારણે પતિ-પત્ની વચ્ચે દોઢ મહિનાથી ઝઘડો ચાલતો હતો. આજે (15 નવેમ્બર) સવારે પત્નીના પ્રેમ સબંધથી કંટાળેલા પતિએ યોગામાંથી પરત આવતાની સાથે બિલ્ડિંગના પટાંગણમાં જ પત્નીને ગોળી ધરબી દીધી હતી, જે બાદમાં પોતે પણ લમણે ગોળી મારી આપઘાત કરી લીધો હતો. હાલ પત્નીની હાલત ગંભીર છે, તેને પહેલાં સિવિલ બાદ વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાઈ છે. બનાવની જાણ થતા ગાંધીગ્રામ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. FSLની ટીમ દ્વારા



રિવોલ્વર કબજે કરી આગળની કાર્યવાહી શરૂ કરાઈ છે. આ અંગેની મળતી માહિતી મુજબ, રાજકોટના જામનગર રોડ પર આવેલ નાગેશ્વર વિસ્તારમાં રહેતા અને ચોટીલા આપાગીગા ઓટલા ખાતે સેવક તરીકે કામ કરતા પતિની પત્નીના આડાસંબંધને લઈ તકરાર ચાલી રહી હતી. પોતાના ભત્રીજા સાથે પત્નીને પ્રેમ સબંધ હતો, જેની જાણ થતા પતિ અને પત્ની વચ્ચે ઝઘડો થયો હતો.

## 'ખેડૂતની ફરિયાદ આવશે તો અધિકારીઓની ખેર નથી ' : Dy.CM હર્ષ સંઘવીની ચેતવણી

■ **₹10 હજાર કરોડના સહાય પેકેજ મુદ્દે Dy.CM હર્ષ સંઘવીની અધિકારીઓને ચેતવણી, જો વળતર સમયસર નહીં મળે તો વાત નહીં, પગલાં લેવાશે**

**સુરત, તા.15**

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતના લસકાણા ખાતે આયોજિત 'પ્રજા વાત્સલ્ય પ્રતિનિધિ અભિવાદન સમારોહ'માંથી રાજ્યના અધિકારીઓને આકરો સંદેશ આપ્યો. તેમણે તાજેતરમાં કમોસમી વરસાદને કારણે ખેડૂતોને અપાયેલા સહાય પેકેજની વાત કરતાં સ્પષ્ટ ચેતવણી આપી હતી કે, જો એક પણ ખેડૂતની વળતર બાબતે ફરિયાદ આવશે તો જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં લેવામાં આવશે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, સરકારે કમોસમી વરસાદથી થયેલા નુકસાનના સર્વેનું કામ માત્ર 7 દિવસના રેકોર્ડ સમયમાં પૂર્ણ કરાવ્યું છે. તેમણે ખાતરી આપી હતી કે, રાજ્ય સરકારે જાહેર કરેલું 10 હજાર કરોડનું પેકેજ 10 દિવસમાં ખેડૂતોના ખાતામાં પહોંચી જશે. આ દરમિયાન, તેમણે અધિકારીઓને સખત સૂચના આપતાં ભારપૂર્વક જણાવ્યું હતું કે: ખેડૂત સહાય ઉપરાંત સંઘવીએ સમાજમાં ચાલી રહેલા બે ગંભીર દુષણ સામે લડવાનો સંકલ્પ લેવડાવ્યો હતો. તેમણે જણાવ્યું કે, ડ્રગ્સને જડમૂળથી નાબૂદ કરવા માટે તેઓ પોલીસની પાછળ સખતપણે પડ્યા છે અને ગુજરાતમાંથી ડ્રગ્સનું દૂષણ નાબૂદ ન થાય ત્યાં સુધી તેઓ ઝંપવાના નથી. તેમણે ગુજરાત પોલીસની કામગીરીની માહિતી આપતાં જણાવ્યું કે, છેલ્લા 4 વર્ષમાં 75 પાકિસ્તાની ડ્રગ્સ વેચનારાને જેલમાં મોકલવામાં આવ્યા છે.

## ગાંધીનગર નજીક RRUમાં પોલીસ ભરતીથી લઈ AI સેક્ટરના વીકએન્ડ કોર્સ

**કચ્છ, તા.15**

ગુજરાતમાં ટૂંક સમયમાં જ મોટી પોલીસ ભરતી આવી રહી છે. જેના માટે ઉમેદવારોને થિયરી અને પ્રેક્ટિકલ પરીક્ષામાં મદદ મળી રહે એ માટે ગાંધીનગર પાસે લવાડ ગામ ખાતે આવેલી રાષ્ટ્રીય રક્ષાશક્તિ યુનિવર્સિટીએ એક પહેલ કરી છે. જેના ભાગરૂપે ઉમેદવારો માટે વીકએન્ડના તાલીમ વર્ગો શરૂ કરવામાં આવ્યા છે. એકદમ મામુલી ફીમાં શરૂ કરાયેલા આ વર્ગોમાં અલગ-અલગ ક્ષેત્રના નિષ્ણાતો ઉમેદવારોને માર્ગદર્શન પૂરું પાડી રહ્યા છે. સરકારી ભરતી સિવાય પણ RRUમાં 1 મહિનાથી લઈને 6 મહિના સુધીના ટૂંકા સર્ટિફિકેટ કોર્સ ચાલે છે, જે આધુનિક સમયમાં કોઈપણ વ્યક્તિને નવી નોકરી માટે કામ લાગી શકે છે.ગુજરાતના પોલીસબેડામાં વિવિધ પદો પર અંદાજે 36 હજાર લોકોને ભરતી કરવા માટેની તૈયારીઓ ચાલી રહી છે. નવી નોકરી મેળવવા ઈચ્છુક ઉમેદવારોએ તૈયારીઓ પણ શરૂ કરી દીધી છે. આવા સમયે ગાંધીનગરના લવાડ પાસે આવેલી રાષ્ટ્રીય રક્ષા શક્તિ યુનિવર્સિટીમાં અત્યારે એક મહિનાના સમયગાળા માટે વિવિધ કોર્સ શરૂ કરવામાં આવ્યા છે. 1 નવેમ્બર, 2025થી શરૂ થયેલો આ કોર્સ 22 નવેમ્બર, 2025ના રોજ પૂરો થશે. જેમાં કુલ ચાર શનિવારનો સમાવેશ થાય છે. ત્યાર બાદ ડિસેમ્બર મહિનામાં અન્ય વિષય સાથે વીકએન્ડ ટ્રેનિંગ કોર્સ શરૂ કરવામાં આવશે.

## મેઘાણીનગરની ગામડાથી બદતર હાલત : ગંદકી, ખુલ્લી ગટર અને રખડતા ઢોરના ત્રાસથી લોકો ત્રાહિમામ

**જૂનાગઢ, તા.15**

જૂનાગઢ મહાનગરપાલિકાની હદમાં આવેલો મેઘાણીનગર વિસ્તાર આજે વિકાસના નામે જાણે શ્રાપિત હોય તેવી દયનીય હાલતમાં જીવી રહ્યો છે. મહાનગરપાલિકાના નકશામાં આ વિસ્તારનું અસ્તિત્વ છે કે કેમ, તેવો સવાલ અહીંના સ્થાનિકો ઉઠાવી રહ્યા છે. કારણ કે કરોડોના વિકાસના દાવાઓ વચ્ચે આ વિસ્તાર પાયાની સુવિધાઓથી વંચિત છે. રખડતા ઢોર, ગંદકીના ગંજ અને ગટરના ગંધાતા પાણીના કારણે મેઘાણીનગરની હાલત ગામડાં કરતાં પણ વધુ ખરાબ બની ગઈ છે. મુખ્યમંત્રી કે નેતાઓના આગમન સમયે જ માત્ર શહેરના મુખ્ય રસ્તાઓ પર સફાઈ થાય છે, પરંતુ મેઘાણીનગર જેવા વિસ્તારોને સુવિધાથી વંચિત રાખવામાં આવ્યા છે. સ્થાનિક મહિલાઓએ આ અંગે મહાનગરપાલિકાના અધિકારીઓ અને પદાધિકારીઓ પર ભ્રષ્ટાચાર અને બેદરકારીના ગંભીર આક્ષેપો લગાવ્યા હતા અને રોષભેર કહ્યું હતું કે, 'જો સુવિધા આપી શકતા ન હોય તો ઢાંકણીમાં પાણી લઈ અને ડૂબી મરો'.ગામડાંથી પણ બદતર પરિસ્થિતિનું ગ્રાઉન્ડ રિયાલિટી ચેક જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા કરોડો રૂપિયાના વિકાસના કામો કરવામાં આવતા હોવાના દાવા વચ્ચે, મેઘાણીનગરની મુલાકાત દરમિયાન જે દ્રશ્યો જોવા મળ્યા, તે તંત્રની સદંતર નિષ્ક્રિયતાની ચાડી ખાય છે. વહેલી સવારે સ્થાનિકોના કોલને પગલે મેઘાણીનગર પહોંચેલી ટીમે જોયું કે ખુલ્લી ગટરોનું ગંધાતું પાણી રસ્તાઓ પર ફરી વળ્યું છે, જેના કારણે રોડની સ્થિતિ અત્યંત ખરાબ થઈ ગઈ છે. ઠેર-ઠેર ગંદકીના ગંજ ખડકાયેલા છે અને આ રોડ પર જ 50થી વધુ રખડતા ઢોરનું ટોળું બેસી રહે છે, જેના પોદરા આખા વિસ્તારમાં ફેલાયેલા છે. સ્થાનિકોએ આક્રોશ સાથે જણાવ્યું કે જ્યારે મુખ્યમંત્રી કે નેતાઓ શહેરની મુલાકાતે આવે છે, ત્યારે જ જૂનાગઢ મહાનગરપાલિકાના સત્તાધીશો અને અધિકારીઓ શહેરના મુખ્ય રસ્તાઓને શણગારે છે, ડામર પાથરે છે અને સાફ-સફાઈ કરે છે. પરંતુ મેઘાણીનગર જેવા અનેક વિસ્તારોને જાણે શહેરના નકશામાંથી કાઢી નાખવામાં આવ્યા હોય તેવી અનુભૂતિ સ્થાનિકો કરી રહ્યા છે. લોકોએ સ્પષ્ટપણે કહ્યું કે, જૂનાગઢ શહેર ઐતિહાસિક નગરી તરીકે હવે માત્ર સોશિયલ મીડિયામાં જોવાનું જ સારું લાગે તેવી દિવસે ને દિવસે શહેરની પરિસ્થિતિ થઈ રહી છે. સ્થાનિક મહિલાઓના આક્રોશ સાથે ગંભીર આક્ષેપો ભાવિનીબેન મકવાણાએ જણાવ્યું હતું કે, 365 દિવસનો ટેક્સ ભરીએ ત્યારે માંડ 48 દિવસનું કામ થાય છે. કચરાની ગાડી 8 દિવસે એકવાર આવે છે

### મહિલાઓએ કહ્યું- 'સુવિધા ન આપી શકતા હોવ તો ઢાંકણીમાં પાણી લઈ ડૂબી મરો'

તંત્રના પદાધિકારીઓને પડકાર ફેંકતા કહ્યું હતું કે, 'અહીં એકવાર આવો, અહીં એકવાર આવીને જુઓ કે અહીંની હાલત શું છે. અહીંના રસ્તાઓ, ભૂગર્ભ ગટરના નામે અહીં માત્ર વાતો છે, એક પણ સુવિધા અહીં નથી.' તેમણે ટેક્સ ભરવા છતાં સુવિધા ન મળવાની વ્યથા વ્યક્ત કરતાં કહ્યું કે, 'અમે દર વર્ષે 365 દિવસનો ટેક્સ ભરીએ, ત્યારે માંડ 48 દિવસનું કામ થાય છે.' કચરાની અનિયમિતતા અંગે તેમણે કહ્યું કે, 'કચરો લેવા માટે ગાડી પણ 8 દિવસે એકવાર આવે છે અને કારણ પૂછતા 'અમારી ગાડી બગડી ગઈ છે' તેમ કહેવામાં આવે છે.

# સેનાએ 16,000 ફૂટની ઊંચાઈએ મોનોરેલ ચલાવી : તેને ગજરાજ કોર્પ્સે બનાવી

■ **અરુણાચલ પ્રદેશના પર્વતીય વિસ્તારોમાં સરળતાથી સહાય પહોંચશે**



**દિલ્હી, તા.15**

ભારતીય સેનાના ગજરાજ કોર્પ્સે એક ઈનહાઉસ હાઈ-એલ્ટીટ્યુડ મોનોરેલ વિકસાવી છે. આ સ્માર્ટ નવીનતા અરુણાચલ પ્રદેશના ખડકાળ પર્વતીય પ્રદેશમાં, 16,000 ફૂટની ઊંચાઈએ કાર્યરત થવા માટે રચાયેલ છે, જે સૈનિકોને આવશ્યક પુરવઠો ઝડપી પહોંચાડશે. આ નવી સિસ્ટમ ભારતીય સેનાને કામેંગ હિમાલયી પ્રદેશમાં પુરવઠો પહોંચાડવામાં મદદ કરી રહી છે, જ્યાં રસ્તાઓ કે અન્ય વાહનો સુલભ નથી. પર્વતોમાં, સાંકડા રસ્તાઓ, છૂટા ખડકો, અણધારી હવામાન અને મર્યાદિત ઓક્સિજનને કારણે ટૂંકા અંતર પણ લાંબા અને મુશ્કેલ લાગે છે. સૈનિકોને ઘણીવાર વિવિધ જરૂરી વસ્તુઓ પીઠ પર લઈ જવી પડતી હતી, જેમાં સમય અને મહેનતની જરૂર પડતી હતી. હવે, મોનોરેલ સમય અને મહેનત બંને બચાવશે, સાથે સાથે જોખમ પણ ઘટાડશે. ગજરાજ ભારતીય સેનાની ચોથી કોર્પ્સ (IV કોર્પ્સ) છે. તે સેનાના પૂર્વીય કમાન્ડનો એક ભાગ છે, જેની સ્થાપના 4 ઓક્ટોબર 1962ના રોજ ચીન-ભારત યુદ્ધ દરમિયાન થઈ હતી. તેને ઉત્તરપૂર્વીય સુરક્ષાની કરોડરજ્જુ માનવામાં આવે છે. તેનું મુખ્ય મથક તેઝપુર, આસામમાં છે. તેને ઉત્તરપૂર્વ ભારતના સુરક્ષા, બળવાખોરી વિરોધી કામગીરી અને સરહદ વ્યવસ્થાપનમાં સૌથી સક્રિય અને વ્યૂહાત્મક કોર્પ્સ માનવામાં આવે છે. જ્યાં રસ્તાઓ કે અન્ય વાહનો સુલભ નથી. પર્વતોમાં, સાંકડા રસ્તાઓ, છૂટા ખડકો, અણધારી હવામાન અને મર્યાદિત ઓક્સિજનને કારણે ટૂંકા અંતર પણ લાંબા અને મુશ્કેલ લાગે છે. સૈનિકોને ઘણીવાર વિવિધ જરૂરી વસ્તુઓ પીઠ પર લઈ જવી પડતી હતી, જેમાં સમય અને મહેનતની જરૂર પડતી હતી. હવે, મોનોરેલ સમય અને મહેનત બંને બચાવશે, સાથે સાથે જોખમ પણ ઘટાડશે. ગજરાજ ભારતીય સેનાની ચોથી કોર્પ્સ (IV કોર્પ્સ) છે. તે સેનાના પૂર્વીય કમાન્ડનો એક ભાગ છે, જેની સ્થાપના 4 ઓક્ટોબર 1962ના રોજ ચીન-ભારત યુદ્ધ દરમિયાન થઈ હતી. તેને ઉત્તરપૂર્વીય સુરક્ષાની કરોડરજ્જુ માનવામાં આવે છે. તેનું મુખ્ય મથક તેઝપુર, આસામમાં છે. તેને ઉત્તરપૂર્વ ભારતના સુરક્ષા, બળવાખોરી વિરોધી કામગીરી અને સરહદ વ્યવસ્થાપનમાં સૌથી સક્રિય અને વ્યૂહાત્મક કોર્પ્સ માનવામાં આવે છે. આ કોર્પ્સમાં 71મો માઉન્ટેન ડિવિઝન, 5મો બોલ ઓફ ફાયર ડિવિઝન અને 21મો રીઅલ હોર્ન ડિવિઝનનો સમાવેશ થાય છે. 1962ના ચીન-ભારત યુદ્ધમાં તેણે સક્રિય ભૂમિકા ભજવી હતી. તે સમયે નવી રચના થઈ હોવા છતાં, તેના સૈનિકોએ અરુણાચલ પ્રદેશના ઘણા વિસ્તારોનું રક્ષણ કર્યું હતું. ગજરાજનો અર્થ હાથી થાય છે, જે શક્તિ, સ્થિરતા અને બહાદુરીનું પ્રતીક છે. આ નામ ઉત્તરપૂર્વ ભારતમાં હાથીઓની મુખ્ય હાજરી અને આ કોર્પ્સની તાકાતને પ્રતિબિંબિત કરવા માટે પસંદ કરવામાં આવ્યું હતું. તેનું મુખ્ય મથક તેઝપુર, આસામમાં છે. તેને ઉત્તરપૂર્વ ભારતના સુરક્ષા, બળવાખોરી વિરોધી કામગીરી અને સરહદ વ્યવસ્થાપનમાં સૌથી સક્રિય અને વ્યૂહાત્મક કોર્પ્સ માનવામાં આવે છે. આ કોર્પ્સમાં 71મો માઉન્ટેન ડિવિઝન, 5મો બોલ ઓફ ફાયર ડિવિઝન અને 21મો રીઅલ હોર્ન ડિવિઝનનો સમાવેશ થાય છે. 1962ના ચીન-ભારત યુદ્ધમાં તેણે સક્રિય ભૂમિકા ભજવી હતી. તે સમયે નવી રચના થઈ હોવા છતાં, તેના સૈનિકોએ અરુણાચલ પ્રદેશના ઘણા વિસ્તારોનું રક્ષણ કર્યું હતું. ગજરાજનો અર્થ હાથી થાય છે, જે શક્તિ, સ્થિરતા અને બહાદુરીનું પ્રતીક છે. આ નામ ઉત્તરપૂર્વ ભારતમાં હાથીઓની મુખ્ય હાજરી અને આ કોર્પ્સની તાકાતને પ્રતિબિંબિત કરવા માટે પસંદ કરવામાં આવ્યું હતું. તેનું મુખ્ય મથક તેઝપુર, આસામમાં છે. તેને ઉત્તરપૂર્વ ભારતના સુરક્ષા, બળવાખોરી વિરોધી કામગીરી અને સરહદ વ્યવસ્થાપનમાં સૌથી સક્રિય અને વ્યૂહાત્મક કોર્પ્સ માનવામાં આવે છે. આ કોર્પ્સમાં 71મો માઉન્ટેન ડિવિઝન, 5મો બોલ ઓફ ફાયર ડિવિઝન અને 21મો રીઅલ હોર્ન ડિવિઝનનો સમાવેશ થાય છે. 1962ના ચીન-ભારત યુદ્ધમાં તેણે સક્રિય ભૂમિકા ભજવી હતી. તે સમયે નવી રચના થઈ હોવા છતાં, તેના સૈનિકોએ અરુણાચલ પ્રદેશના ઘણા વિસ્તારોનું રક્ષણ કર્યું હતું. ગજરાજનો અર્થ હાથી થાય છે, જે શક્તિ, સ્થિરતા અને બહાદુરીનું પ્રતીક છે. આ નામ ઉત્તરપૂર્વ ભારતમાં હાથીઓની મુખ્ય હાજરી અને આ કોર્પ્સની તાકાતને પ્રતિબિંબિત કરવા માટે પસંદ કરવામાં આવ્યું હતું.

## ભાજપે કહ્યું-બધા સાથે વાત કર્યા પછી CM ફેસ નક્કી કરીશું

### JDUએ કહ્યું- બિહારમાં ફક્ત નીતિશ જ, ચિરાગ મુખ્યમંત્રીને મળ્યા; પટનામાં રાજકીય હિલચાલ તેજ



**બિહાર, તા.15**

બિહાર વિધાનસભા ચૂંટણીમાં NDAના પ્રચંડ વિજય બાદ, પટનામાં રાજકીય હિલચાલ તેજ થઈ ગઈ છે. શનિવાર સવારથી જ નેતાઓ મુખ્યમંત્રી નિવાસસ્થાને અવર-જવર કરી રહ્યા છે. સૌથી પહેલા વિજય કુમાર ચૌધરી CM હાઉસ પહોંચ્યા હતા, ત્યારબાદ ચિરાગ પાસવાન અને અન્ય નેતાઓ પણ આવ્યા હતા. જેડીયુના રાષ્ટ્રીય કાર્યકારી પ્રમુખ સંજય ઝા પણ મુખ્યમંત્રી નિવાસસ્થાને પહોંચ્યા. તેઓ વિજેતા ઉમેદવારોની યાદી લઈને આવ્યા. આ જ ક્રમમાં, ફુલવારીના નવા ચૂંટાયેલા ધારાસભ્ય શ્યામ રજક પણ મુખ્યમંત્રી નિવાસસ્થાને પહોંચ્યા હતા. CM ફેસ પર 2 નિવેદન, JDU- શ્યામ રજકે સ્પષ્ટપણે કહ્યું કે બિહારમાં નેતૃત્વનો એક જ વિશ્વસનીય ચહેરો છે: મુખ્યમંત્રી નીતિશ કુમાર. બિહારમાં બીજો કોઈ ચહેરો નથી; નીતિશ કુમાર એકમાત્ર વિકલ્પ છે. શપથ ગ્રહણ સમારોહ અંગે શ્યામ રજકે કહ્યું કે મુખ્યમંત્રી નિર્ણય લેશે. નીતિશ કુમાર મુખ્યમંત્રીપદનો ચહેરો છે અને બીજું કંઈ વિચારી શકાય નહીં. ભાજપ- વિનોદ તાવડેએ કહ્યું હતું કે બધા પક્ષો સાથે બેસીને નક્કી કરશે કે મુખ્યમંત્રી કોણ હશે. ચિરાગ પાસવાન, વિજય ચૌધરી, સુનીલ કુમાર, મનીષ વર્મા, અરુણ માંઝી, એન્જિનિયર શૈલેન્દ્ર, જેડીયુના પ્રદેશ અધ્યક્ષ ઉમેશ કુશવાહા, કૃષ્ણ કુમાર મન્ટુ, લલન સિંહ, જેડીયુના રાષ્ટ્રીય કાર્યકારી પ્રમુખ સંજય ઝા. શ્યામ રજક, નીતિન નવીન.મંત્રી શ્રવણ કુમારે કહ્યું, 'બિહારમાં સુશાસન બાબુઓના કાર્ય અને બિહારની પ્રગતિ માટે વડાપ્રધાનના સમર્થનની પ્રશંસા કરીએ છીએ. બિહારના લોકોએ બિહારને વિકાસના માર્ગ પર લઈ જવા માટે નીતિશ કુમારમાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે.'બિહારમાં સુશાસન બાબુઓના કાર્ય અને બિહારની પ્રગતિ માટે વડાપ્રધાનના સમર્થનની પ્રશંસા કરીએ છીએ. બિહારના લોકોએ બિહારને વિકાસના માર્ગ પર લઈ જવા માટે નીતિશ કુમારમાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે.' ધારાસભ્ય દળના નેતા ફિક્સ છે. નીતિશ કુમાર જ છે. તેઓ મુખ્યમંત્રી રહેશે. તેઓ પહેલા પણ હતા, આજે પણ છે અને ભવિષ્યમાં પણ રહેશે. ટૂંક સમયમાં સારા સમાચાર આવશે. જ્યારે પણ કોઈ નીતિશને હટાવવાની વાત કરે છે, ત્યારે નીતિશનો ટીઆરપી વધી જાય છે. જનતા દરેક મોરચે તેમના પર વિશ્વાસ વ્યક્ત કરે છે.' ધારાસભ્ય દળના નેતા ફિક્સ છે. નીતિશ કુમાર જ છે. તેઓ મુખ્યમંત્રી રહેશે. તેઓ પહેલા પણ હતા, આજે પણ છે અને ભવિષ્યમાં પણ રહેશે. ટૂંક સમયમાં સારા સમાચાર આવશે. જ્યારે પણ કોઈ નીતિશને હટાવવાની વાત કરે છે, ત્યારે નીતિશનો ટીઆરપી વધી જાય છે. જનતા દરેક મોરચે તેમના પર વિશ્વાસ વ્યક્ત કરે છે.



પટનામાં બિહાર વિધાનસભા ચૂંટણીની મતગણતરી દરમિયાન NDA ગઠબંધન આગળ હોવાથી ભાજપ સમર્થકો ઉજવણી કરી રહ્યા છે. |

## રાજસ્થાનના 10 શહેરોમાં સીઝનનું સૌથી ઓછું તાપમાન રેકોર્ડ

### ફતેહપુરમાં તાપમાન 5 ડિગ્રી સુધી પહોંચ્યું; MPમાં કોલ્ડવેવ, શહડોલમાં 7.2 ડિગ્રી સાથે સૌથી ઠંડુ

**હિમાલય, તા.15**



હિમાલયથી ફૂંકાતા બર્ફીલા પવનોને કારણે ઉત્તર અને મધ્ય ભારતમાં તાપમાનમાં ઘટાડો થયો છે. રાજસ્થાનમાં આ સિઝનમાં પહેલીવાર તાપમાન 5 ડિગ્રીથી નીચે ગયું છે. સીકર, અલવર અને ફતેહપુર (સીકર) સહિત 10થી વધુ શહેરોમાં સીઝનનું સૌથી ઓછું તાપમાન નોંધાયું છે. મધ્યપ્રદેશમાં સતત કોલ્ડવેવ ચાલુ છે. ખાસ કરીને ભોપાલ, ઈન્દોર, ઉજ્જૈન, સાગર, ગ્વાલિયર અને જબલપુર વિભાગોમાં લઘુત્તમ તાપમાન 10 ડિગ્રીથી નીચે છે. ગુરુવાર-શુક્રવાર રાત્રે શહડોલ સૌથી ઠંડુ શહેર હતું, જે પહેલીવાર 7.2 ડિગ્રી સુધી પહોંચ્યું હતું. શિવપુરી બીજા ક્રમનું સૌથી ઠંડુ શહેર હતું, જ્યાં લઘુત્તમ તાપમાન 8 ડિગ્રી નોંધાયું હતું. બુધવારે દિલ્હીની હવાની ક્વોલિટીમાં થોડો સુધારો થયો છે, પરંતુ પ્રદૂષણની લોકો પર અસર થઈ રહી છે. 14 નવેમ્બરના રોજ સવારે 6:15 વાગ્યે કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB) ના ડેટા અનુસાર, રાજધાનીની સરેરાશ AQI 386 નોંધાયો હતો, જે મંગળવારના 404 કરતા થોડો સારો છે. જોકે, આ સુધારો 'ગંભીર' થી 'ખૂબ જ ખરાબ'કેટેગરીમાં રહ્યો. MP કોલ્ડવેવથી ઠરી ગયું... ભોપાલમાં છેલ્લા સાત દિવસથી શીતલહેર; 1 શહેરોમાં તાપમાન 10 ડિગ્રીથી નીચે, મધ્યપ્રદેશ કોલ્ડવેવથી ઠરી ગયું છે. ખાસ કરીને ભોપાલ, ઈન્દોર, ઉજ્જૈન, સાગર, ગ્વાલિયર અને જબલપુર વિભાગના શહેરોમાં ઠંડા પવનો ફૂંકાઈ રહ્યા છે. ભોપાલમાં છેલ્લા સાત દિવસથી કોલ્ડવેવની સ્થિતિ છે. સીનિયર હવામાનશાસ્ત્રી ડૉ. દિવ્યા ઈ. સુરેન્દ્રને જણાવ્યું હતું કે 15 અને 16 નવેમ્બરના રોજ રાજ્યના ઘણા શહેરોમાં કોલ્ડવેવનું એલર્ટ આપવામાં આવ્યું છે. રાજસ્થાનમાં આજે શીત લહેરની ચેતવણી; પારો 5 ડિગ્રી સુધી ઘટી ગયો, 10થી વધુ શહેરોમાં સીઝનનું સૌથી ઓછું તાપમાન રહ્યું, ઉત્તર ભારતમાંથી ફૂંકાતા બરફવર્ષાથી રાજસ્થાનમાં તાપમાનમાં વધુ ઘટાડો થયો છે. શુક્રવારે રાજ્યમાં પહેલીવાર પારો 5 ડિગ્રી સુધી પહોંચ્યો. સીકર, અલવર અને ફતેહપુર (સીકર) સહિત 10 થી વધુ શહેરોમાં સીઝનનું સૌથી ઓછું તાપમાન નોંધાયું. બાડમેર અને ફલોદી સિવાય, બધા શહેરોમાં લઘુત્તમ તાપમાન 15 ડિગ્રીથી નીચે ગયું. ઉત્તર પ્રદેશના 5 જિલ્લાઓમાં તાપમાન 10 ડિગ્રીથી નીચે; 16 નવેમ્બરથી ઠંડી વધશે, ઉત્તર પ્રદેશમાં આ દિવસોમાં ઠંડા પશ્ચિમી પવનોને કારણે તાપમાનમાં તીવ્ર ઘટાડો થયો છે.

## 150ની સ્પીડથી કાર ખાડામાં પડી, 5નાં મોત

### મૃતકોમાં એક વડોદરાનો, રતલામમાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પરની દુર્ઘટના; 15 વર્ષના છોકરાનું પણ મૃત્યુ




**રતલામ , તા.15**

રતલામમાં એક કાર બેકાબૂ થઈને ખાઈમાં પડી ગઈ. દુર્ઘટનામાં 5 લોકોના મૃત્યુ થયા છે. આમાં 15 વર્ષનો બાળક અને 60 વર્ષના વૃદ્ધ સામેલ છે. દુર્ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે. એક્સિડન્ટ રતલામ જિલ્લાના રાવટી પોલીસ સ્ટેશન હેઠળના ભીમપુરા ગામની પાસે માહી નદીના બ્રિજ પહેલાં થયો. સવારે લગભગ 7:30 વાગ્યે MH03 EL 1388 રજીસ્ટર્ડ નંબરની મહિન્દ્રા XUV 700 દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર રેલિંગ તોડીને નીચે પડી ગઈ. પોલીસ મુજબ, દુર્ઘટના ડ્રાઈવરને ઝોકું આવવાને કારણે થઈ. કારમાં સવાર 4 લોકો મુંબઈ જ્યારે 1 ગુજરાતના વડોદરાનો રહેવાસી છે. તેઓ દિલ્હીથી મુંબઈ જઈ રહ્યા હતા. બધા મૃતદેહોને રતલામ મેડિકલ કોલેજમાં રાખવામાં આવ્યા છે. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI)ના ડિરેક્ટર સંદીપ પાટીદારે કહ્યું- જે જગ્યાએ દુર્ઘટના થઈ, તેનાથી 10 ફીટ દૂર સ્પીડ ગન લગાવેલી છે. આનાથી ખબર પડી છે કે ગાડીની ગતિ લગભગ 150 કિલો મીટર પ્રતિ કલાક હતી. ઈન્દોર જિલ્લાના મહુમાં એક પેસેન્જર બસ અને કાર વચ્ચે અકસ્માત થયો હતો. અકસ્માત બાદ બંને વાહનો ઊંડી ખીણમાં ખાબક્યા હતા. બે મહિલાઓ સહિત ત્રણ મુસાફરોના મોત થયા અને 12 ઘાયલ થયા. બસ ઓમકારેશ્વરથી ઈન્દોર જઈ રહી હતી.

# કર્ણાટકમાં શેરડીના ખેડૂતોનું આંદોલન હિંસક બન્યું

## 100થી વધુ ટ્રેક્ટર સળગાવી દીધા ; ખેડૂતોએ શેરડી ટન દીઠ ભાવ ₹3300ની માંગ કરી





**કર્ણાટક, તા.15**

કર્ણાટકના બાગલકોટમાં, શેરડીના ભાવમાં વધારાની માંગણી સાથે ખેડૂતોનું વિરોધ પ્રદર્શન હિંસક બન્યું છે. રબકવી-બનહટ્ટીમાં ગોદાવરી સુગર ફેક્ટરીમાં શેરડી ભરેલા 100થી વધુ ટ્રેક્ટરને આગ ચાંપી દેવામાં આવી. એસપી સિદ્ધાર્થ ગોયલે જણાવ્યું હતું કે ખેડૂતોએ પથ્થરમારો પણ કર્યો હતો, જેમાં કેટલાક પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા. કેટલાક લોકો ઘાયલ પણ થયા હતા. તેમણે પોતે પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી. રાજ્યની ખાંડ મિલો પાસેથી ખેડૂતો શેરડી માટે પ્રતિ ટન 3500ની માંગ કરી રહ્યા છે. જ્યારે ખાંડ મિલ માલિકોએ પ્રતિ ટન 3300નો ભાવ આપ્યો છે, ત્યારે ખેડૂતો આ ભાવ સ્વીકારવા તૈયાર નથી. રાજ્યના ઘણા જિલ્લાઓમાં 7 નવેમ્બરથી શેરડીના ખેડૂતો ભાવ સામે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. ખેડૂત નેતા સુભાષ શિરાબુરે જણાવ્યું હતું કે ખેડૂતોએ આગ લગાવી ન હતી. તેમના મતે, ફેક્ટરી સાથે સંકળાયેલા લોકો પોલીસની સામે જ આગ લગાવી રહ્યા હતા. 'અમારા લોકો અને કેટલાક પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા,' તેમણે કહ્યું. 'પોલીસ વાહન પર પણ હુમલો કરવામાં આવ્યો હતો.' તેમણે આરોપ લગાવ્યો હતો કે ખેડૂતોને બદનામ કરવા માટે ફેક્ટરીની અંદર આગ લગાવવામાં આવી હતી. ત્રણ તાલુકાઓમાં BNSની કલમ 163 લાગુ કરવામાં આવી, આ ઘટના બાદ, બાગલકોટના ડેપ્યુટી કમિશનરે BNSS-2023ની કલમ 163 હેઠળ આદેશો જારી કર્યા, જેમાં 13 નવેમ્બરના રોજ રાત્રે 8 વાગ્યાથી 16 નવેમ્બરના રોજ સવારે 8 વાગ્યા સુધી જામખંડી, મુધોલ અને રબકવી-બનહટ્ટી તાલુકાઓમાં દેખાવો, હડતાળ અને કોઈપણ ભીડ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો

ખેડૂતો 3500 રૂપિયાના ભાવ પર મક્કમ છે હાલમાં, શેરડીના ખેડૂતો અને સરકાર વચ્ચે ભાવને લઈને વિવાદ ચાલી રહ્યો છે. મુધોલના ખેડૂતો પ્રતિ ટન 3,500ની માંગણી પર મક્કમ છે, જ્યારે ગયા અઠવાડિયે બેલગાવીના ખેડૂતો 3,300 માટે સંમત થયા હતા. આ મુદ્દાનો વિરોધ કરવા માટે ખેડૂતો ટ્રેક્ટર, બળદગાડા અને ઓટો-રિક્ષા લઈને મોટી રેલી યોજી રસ્તા પર ઉતરી આવ્યા હતા. 7 નવેમ્બરથી બાગલકોટ, મુધોલ અને આસપાસના વિસ્તારોમાં ખેડૂતો રસ્તા રોકો અને રેલીઓ કરી રહ્યા છે. 13 નવેમ્બરના રોજ, તેઓએ ગોદાવરી (સમીરવાડી) ખાંડ ફેક્ટરીને ઘેરી લીધી, જ્યાં કેટલાક લોકોએ શેરડી ભરેલા ટ્રેક્ટરોને આગ ચાંપી દીધી. બેલગાવીના ખેડૂતો પ્રતિ ટન 3,300 ના સરકારી ભાવ પર સંમત થયા છે, પરંતુ બાગલકોટ અને હાવેરીના લોકો હજુ પણ તેને ભ્રામક કહે છે. તેઓ કહે છે કે રિકવરીના આધારે દર નક્કી કરવાથી ખેડૂતોને નુકસાન થાય છે. ભાજપના નેતા અને વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા આર. અશોકે કહ્યું કે લાખો રૂપિયાની કિંમતના સેંકડો ટન શેરડી અને ટ્રેક્ટર સળગતા જોતા હૃદયદ્રાવક હતું. કોંગ્રેસ સરકાર પર બેદરકારીનો આરોપ લગાવતા, તેમણે ખેડૂતોને વળતર અને મુખ્યમંત્રી સાથે સીધી વાતચીતની માંગ કરી. ભાજપના પ્રદેશ પ્રમુખ બી. વાય. વિજયેન્દ્રએ પણ સરકાર પર પ્રહાર કરતા કહ્યું કે, "ખેડૂતોની માંગણીઓ વાજબી છે, પરંતુ સરકાર ખાંડ ફેક્ટરી માલિકોના દબાણ હેઠળ છે. હિંસામાં સામેલ 6 લોકોની ધરપકડ પોલીસે જણાવ્યું હતું કે 7 નવેમ્બરના રોજ હટ્ટારગી ટોલ પ્લાઝા નજીક વિરોધ પ્રદર્શન દરમિયાન પથ્થરમારા સંદર્ભે 6 લોકોની ધરપકડ કરવામાં આવી છે. પોલીસ અધિક્ષક ભીમાશંકર ગુલેદના જણાવ્યા અનુસાર, આ વ્યક્તિઓ ખેડૂત નહોતા પરંતુ વિરોધ પ્રદર્શનમાં ખલેલ પહોંચાડવા આવ્યા હતા. વીડિયો ફૂટેજ દ્વારા તેમની ઓળખ કરવામાં આવી હતી. તેમની સામે BNS એક્ટ સહિત વિવિધ કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. બાકીના આરોપીઓની શોધખોળ ચાલુ છે.

### હિંસામાં સામેલ 6 લોકોની ધરપકડ

પોલીસે જણાવ્યું હતું કે 7 નવેમ્બરના રોજ હટ્ટારગી ટોલ પ્લાઝા નજીક વિરોધ પ્રદર્શન દરમિયાન પથ્થરમારા સંદર્ભે 6 લોકોની ધરપકડ કરવામાં આવી છે. પોલીસ અધિક્ષક ભીમાશંકર ગુલેદના જણાવ્યા અનુસાર, આ વ્યક્તિઓ ખેડૂત નહોતા પરંતુ વિરોધ પ્રદર્શનમાં ખલેલ પહોંચાડવા આવ્યા હતા. વીડિયો ફૂટેજ દ્વારા તેમની ઓળખ કરવામાં આવી હતી. તેમની સામે BNS એક્ટ સહિત વિવિધ કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. બાકીના આરોપીઓની શોધખોળ ચાલુ છે. 'અમારા લોકો અને કેટલાક પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા,' તેમણે કહ્યું. 'પોલીસ વાહન પર પણ હુમલો કરવામાં આવ્યો હતો.' તેમણે આરોપ લગાવ્યો હતો કે ખેડૂતોને બદનામ કરવા માટે ફેક્ટરીની અંદર આગ લગાવવામાં આવી હતી. ત્રણ તાલુકાઓમાં BNSની કલમ 163 લાગુ કરવામાં આવી.

## તંત્રી લેખ

# તેજપ્રતાપ યાદવએ ખુલાસો કર્યો, ચૂંટણી પરિણામો પછી શું થશે

નવીદિલ્હી: બિહાર વિધાનસભા ચૂંટણીનું પહેલા તબક્કાનું મતદાન થઈ ગયું છે. પ્રથમ તબક્કાના મતદાન પછી આરજેડીના પ્રમુખ લાલુપ્રસાદ યાદવના તરછોડાયેલા પુત્ર અને જનશક્તિ જનતાદળના પ્રમુખ તેજપ્રતાપ યાદવએ બિહારમાં બનનાર હવે પછીની સરકાર બાબતે પોતાનું સ્ટેન્ડ સાફ કરી દીધું છે. ચૂંટણીના પરિણામો આવતા પહેલા જ એમણે કહી દીધું છે કે ૧૪ નવેમ્બર ૨૦૨૫ પછી તેઓ શું કરશે. તેજપ્રતાપ યાદવએ કહ્યું હતું કે 'ચૂંટણી પરિણામો પછી કોઈની પણ સરકાર બને જે સામાન્ય માણસને રોજગારી આપશે, સ્થળાંતર રોકશે, બિહારમાં બદલાવ લાવશે એમની સાથે તેઓ રહેશે. જનતા માલિક છે, જનતા નક્કી કરશે કે કોણ સત્તામાં રહેશે. મારા પિતાએ પોતે કહ્યું છે કે જો પ્રધાનમંત્રી બનવાનો મોકો મળે તો પણ જતો કરવો જોઈએ નહીં. જો મને મુખ્યમંત્રી બનવા મળે તો હું શા માટે આ મોકો જવા દઉં.'

જેએનયુની ચૂંટણીમાં એબીવીપીની હાર, 'લાલ સલામ'ની તમામ બેઠકો પર જીત, દિલ્હીની જવાહરલાલ નહેરુ યુનિવસટી (જેએનયુ)ની વિદ્યાર્થી ચૂંટણી હંમેશા ચર્ચામાં રહે છે. દેશ અને રાજ્યમાં ભલે ભાજપની સરકાર હોય, પરંતુ જેએનયુના વિદ્યાર્થીઓ હંમેશા સામ્યવાદી વિચારધારા પસંદ કરે છે. હંમેશની જેમ આ વખતે પણ ચારે બેઠકો પર ભાજપની વિદ્યાર્થી પાંખ એબીવીપીને હાર મળી છે. ડાબેરી વિચારસરણીમાં માનતા અદીતી મિશ્રા પ્રમુખ તરીકે ચૂંટાયા છે. ઉપપ્રમુખ તરીકે કે ગોપીકા, મહામંત્રી તરીકે સુનીલ યાદવ અને સંયુક્ત મંત્રી તરીકે દાનીસ અલી ચૂંટાયા છે. દિલ્હીમાં જ્યારે પણ વિદ્યાર્થી આંદોલન થાય છે ત્યારે જેએનયુના વિદ્યાર્થીઓ અગ્રેસર હોય છે. ૨૦૨૦માં જ્યારે સીએએ વિરુદ્ધ દિલ્હીમાં આંદોલન ચાલી રહ્યું હતું ત્યારે જેએનયુના વિદ્યાર્થીઓએ પણ દેખાવો કર્યા હતા. ત્યાર પછી જેએનયુના કેટલાક વિદ્યાર્થીઓની ધરપકડ પણ થઈ હતી જેમાંથી હજી કેટલાક જેલમાં છે. વંદે માતરમના ઉત્સવ બાબતે કાશ્મીરમાં વિરોધ શા માટે, વંદે માતરમની રચનાને ૧૫૦ વર્ષ પુરા થયાના પ્રસંગએ કેન્દ્ર સરકારે દેશ આખામાં ઉત્સવ મનાવવાનું નક્કી કર્યું છે. દેશની તમામ સ્કૂલોમાં વંદે માતરમ ગાવું ફરજીયાત બનાવવામાં આવ્યું છે. જોકે સરકારના આ નિર્ણયનો વિરોધ જમ્મુ-કાશ્મીરની સ્કૂલોમાં થઈ રહ્યો છે. કાશ્મીરના મુસ્લિમ ધર્મગુરુઓએ પણ નારાજગી બતાવી છે. એમના કહેવા પ્રમાણે વંદે માતરમ ગાવાનું ફરજીયાત કરવું એ મુસ્લિમોની ધાર્મિક બાબતોમાં દખલગીરી છે. સરકારે આ આદેશ પાછો લેવો જોઈએ. સરકારના આદેશ પ્રમાણે વિવિધ સ્કૂલોમાં ૭ નવેમ્બર ૨૦૨૫થી ૭ નવેમ્બર ૨૦૨૬ સુધીમાં સંગીત અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન થશે. સરકારનું કહેવું છે કે આ કાર્યક્રમને કારણે યુવાનો અને વિદ્યાર્થીઓમાં દેશભક્તિ અને રાષ્ટ્રીય ગૌરવની ભાવનાનો વિકાસ થશે. જમ્મુ-કાશ્મીરમાં મુતહીદા મજલીસ એ ઉલેમાંની બેઠક મળી હતી અને સરકારના નિર્ણયનો વિરોધ કરવામાં આવ્યો હતો.ભારતની માફક અમેરિકામાં મેયર ફક્ત નામ માત્રના નથી હોતા, આપણા દેશમાં મેયર ફક્ત દેખાડા પુરતા હોય છે. મેયરનું કામ ફક્ત ઉદઘાટનો કરવાનું અને સરકારી કાર્યક્રમોમાં હાજર રહેવાનું હોય એવું ઘણા માને છે. જોકે અમેરિકાની વાત જુદી છે.

# "લાલો" કૃષ્ણ સદા સહાયતે! ઘણાં સમયે બધાં સાથે બેસીને જોઈ શકે એવી ફિલ્મ બની



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

'લાલો' કૃષ્ણ સદા સહાયતે ફિલ્મ એ રાતોરાત ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની બોલબાલા વધારી દીધી છે, અને હવે તો આખું ગુજરાત એને જોવા નીકળી પડ્યું છે. ડાયરેક્ટર અંકિત સખિયા અને પ્રોડ્યુસર માનસી પારેખ, પાર્થિવ ગોહિલ અને અજય બળવંત એ ફિલ્મ બનાવી છે. ફિલ્મના મુખ્ય કલાકારોમાં રીવા રચ્છ, શ્રુહદ ગોસ્વામી, કરણ જોશી અને મિષ્ટી કડેચા છે. ફિલ્મનું શૂટિંગ જૂનાગઢમાં થયું છે અને માત્ર એક કરોડ ના ઓછાં બજેટની ફિલ્મ અત્યારે પચ્ચીસ કરોડ ઉપરનો નખો દેખાડે છે. ફિલ્મની સ્ટોરી એક રિક્ષા ચાલકની પોતાની ભૂતકાળની ભૂલો માંથી બહાર આવવા મથતો અને એ જ રીતે કૃષ્ણના આધ્યાત્મિક દર્શનથી આત્મ શોધન અને આત્મ મંથન એટલે કે જાગરણ બતાવે છે, અને ફિલ્મની વ્યુહ રચના એ એક સામાન્ય માનવીની મૂંઝવણ ને જબરદસ્ત રીતે આલેખી છે.

ઘણાં સમયે કોઈ સાફ સૂથરી અને આંખો પરિવાર જોઈ શકે, એવી ફિલ્મ આવી છે, બાકી હાલમાં તો ફિલ્મને નામે... આમ તો ફિલ્મો સમાજનું દર્પણ છે, અને ફિલ્મમાં જે બિભત્સતા કે અશ્લીલતા દેખાડે છે, એવું બધું આજકાલ જોવા મળે જ છે! પણ સાફ સુથરા સમાજનો વિકાસ જોઈને એક બાજુથી રાજી થવાય, તો તરત જ બીજી બાજુ એવા સમાચાર સાંભળવા મળે કે દુઃખી થઈ જવાય! કળિયુગની આજ વ્યાખ્યા છે, કે જ્યાં ધર્મ પણ પરાકાષ્ઠા એ હોય, અને અધર્મ પણ એટલી જ પરાકાષ્ઠા એ હોય. સમય ખૂબ ઝડપથી ગતિ કરી રહ્યો છે. પહેલા તો 25 વર્ષ આસપાસ જનરેશન ગેપ આવતો, ફેશન ટ્રેન્ડ બદલાતો, અને હવે તો ફેશન શું છે? એ નક્કી જ થઈ શકે નહીં! એવી હાલત છે. અમારા કોલેજની વાત કરું તો એ સમયમાં એટલે કે આજથી 40 એક વર્ષ પહેલા, કોઈ યુવતી કે મહિલા લિપસ્ટિક લગાડે, ઉંચી હિલના સેન્ડલ પહેરે, સ્લીવલેસ કપડા પહેરે, બોય કટ વાળ કપાવે, કે ગોગલ્સ પહેરે તો ફેશનેબલ છે, એવું લેબલ લાગતું. પુરુષ હોય તો હીરો જેવા હેર કટ કરાવે, ગોગલ્સ અને કપડાં કે અન્ય ફેશન એસેસરીઝનો ઉપયોગ કરીને ફેશનેબલ બનતો. ટૂંકમાં બોલીવુડની નકલ કરે એને ફેશનેબલ છે, એવું કહેતાં. ધીરે ધીરે એ બધું સામાન્ય થતું ગયું, દર મહિને પાર્લરમાં જવું એ બધું જ મેન્ટેન કરે. શિક્ષણનો વ્યાપ વધતા ટીનેજ યુવક યુવતીઓ ઘરથી બહાર નીકળ્યા, અને ધીરે ધીરે ફેશન એટલે વ્યસન એવું એક ચલણ બની ગયું! હાથમાં દારૂનો ગ્લાસ હોય, મોઢામાં સિગરેટ હોય, છોકરા જેવા કપડાં પહેર્યા હોય કે પછી અડધું શરીર દેખાતું હોય એ રીતનો પહેરવેશ હોય, એવો ફેશન ટ્રેન્ડ છે.

પરંતુ સિનેમા ટીવી અને હવે આ ઓટીટી પ્લેટફોર્મ એ તો ફેશનની આખી વ્યાખ્યા જ બદલી નાખી. ગાલી ગલોચ કરવું, વિકૃત જાતીય સંબંધો અને લગ્નેતર સંબંધો



એટલે કે એક્સ્ટ્રા અફેરની બોલબાલાનું નામ જ ફેશન થઈ ગયું છે! ઓટીટી પરની સિરીઝ જોવો કે ફિલ્મ, કોઈ પ્રતિબંધ નહિ! ગાળાગાળીની તો વાત જવા દો, ટીવીનાં અમુક પ્રોગ્રામ સિવાય ડ્રોઈંગ રૂમમાં હવે સાથે બેસીને જોવાય એવાં પ્રોગ્રામ બહુ ઓછાં આવે છે! જો કે એમાં પણ દારૂ સિગારેટ તો છે જ. માનવીય કલ્ચર કેટલી હદે નીચું ગયું છે, અથવા તો આવું જોઈને જશે એમાં કોઈ શંકાને સ્થાન નથી. લેસ્બિયન અને ગે એ પણ જાણે ફેશન ટ્રેન્ડ હોય એમ દરેક ફિલ્મમાં બતાવવામાં આવે છે. કુદરતની અમુક વિલક્ષણતાઓને, કે જે સમાજમાં ક્યાંક ગણ્યાગાંઠ્યા જોવા મળતાં, અને એ કિન્નર! બસ આટલું જ હતું. પરંતુ હવે તો.... દર સો વ્યક્તિએ એક વ્યક્તિ જાતીય વિકૃત હોય એવું આ પ્લેટફોર્મ બતાવે છે. રૂપિયા માટે હીરો હિરોઈન આવા રોલ તો કરે પરંતુ, એ પણ અભિનય કરતી વખતે કમ્ફર્ટ નથી એવું સ્પષ્ટ દેખાય આવે. સિનેમા ઘરમાં દેખાડવામાં આવતી ફિલ્મ પર જ પ્રતિબંધ લગાવી શકાય! બાકી વધે તો જે પીરસવું હોય એ સદંતર ખોટું છે, જલ્દી એની માટે કોઈ નિયમો બનવા જોઈએ. મનોરંજનને નામે પીરસાતુ આવી સાવ હલકી કક્ષાનું મનોરંજન સમાજમાં વિકૃતિઓ વધારશે, અને એવું થઈ પણ રહ્યું છે. પહેલાંના સમયમાં લોકો હત્યા કરતાં તો પણ, કા પોઈઝન આપતાં અથવા તો રિવોલ્વરથી શૂટ કરતાં, કે પેશન્ટ હોય તો ઓક્સિજનમાં કાઢી નાંખતા, અથવા તો માથામાં જોરથી પ્રહાર કરીને હત્યા કરતાં, પરંતુ આજકાલ તો અરેરાટી થઈ જાય એ રીતે હત્યા થાય છે, અને ખબર પડી જાય કે હવે મૃત છે, છતાં લાશ પર ખુન્નસ કાઢતા હોય, એ રીતે એની પર પ્રહારો થતાં જોવા મળે છે, ક્યાંક ક્યાંક તો એના અંગે અંગના કટકા કરી નાખે છે. રેપ એટલે કે બલાત્કાર પણ હવે ગેંગ રેપ.. આ બધું જ આ વિવિધ વિકૃત રસના ઓવરડોઝથી થઈ રહ્યું છે. જે સતત જોવામાં આવે એ કરવાની ઈચ્છા પણ થાય! અને આમ ગુનાહ કે પતનના માર્ગે માનવી ક્યારે પગલાં માંડી દે છે, એની એને પણ ખબર નથી.

પુરુષ અને સ્ત્રીમાં આપણે ત્યાં સ્ત્રીને મર્યાદાનું બીજું નામ કહેવામાં આવે છે. પરંતુ આજકાલ મર્યાદા એ મ્યુઝિયમમાં સાચવીને રખાઈ ગયેલી વસ્તુની જેમ મુકાઈ ગઈ છે. પહેલા પણ લગ્નેતર સંબંધો હતાં, પરંતુ એમાં વધુ પુરુષ જવાબદાર રહેતો, અને આજકાલ તો 18 કે 20 વર્ષના સંતાનોની માતા પણ..! પરિવર્તન એ પ્રકૃતિનો નિયમ છે, પરંતુ સ્ત્રી ખુદ પ્રકૃતિ સ્વરૂપ છે! એણે વિચારવું રહ્યું કે શું મારે આવું પરિવર્તન જોઈએ છે? કે જે મારા અસ્તિત્વ પર ડાઘ લગાવી રહ્યું છે! જીવન જીવવાના દરેકના અલગ અલગ દ્રષ્ટિકોણ હોય, અને એની માટે એ પૂર્ણપણે સ્વતંત્ર પણ હોય. પરંતુ માનવી એક સામાજિક પ્રાણી છે, અને એને સમાજમાં જ રહેવાનું છે, માટે એને સામાજિક નિયમોને નિભાવવા જોઈએ. માનવીય મનમાં કામ અને કામનાઓનો જીવન પર્યંત અંત નથી, પણ કામ અને રામ બંને સાથે હોય તો જ બચી શકાય! અને એટલે જ લગ્ન સંસ્થા છે! પણ આજે જે રીતે લિવિંગ રિલેશનશિપ, અથવા તો લવ મેરેજ, અને પછી તરત જ ડિવોર્સ થાય છે, આ બધું જોતા લગ્ન સંસ્થા જોખમમાં છે! આજકાલની પેઢી સંતાનને પોતાની સ્વતંત્રતામાં બાધક માનતી જાય છે, એવામાં આ લેસ્બિયન અને ગે.. નામની વિકૃતિ સમાજને ગુમરાહ કરી શકે એમ છે, કારણ કે યેનકેન પ્રકારે પોતાના કામ ભાવને પ્રેમને નામે ગમે ત્યાં.. અને હવે તો સુપ્રીમ કોર્ટે પણ એમની ફેવરમાં નિણર્ય આપ્યો છે. ઓટીટી પ્લેટફોર્મ પર પ્રતિબંધ આવે કે ના આવે! પરંતુ આપણા સંતાનોને ગુમરાહ થતા બચાવવા માટે આપણે એને આ બધું જોવાથી રોકવા પડશે! મનોરંજન ને નામે એનું મન ખરેખર પ્રસન્ન થાય એવી કલા બતાવવી પડશે! કામ જેટલો જ રામ એટલે કે મર્યાદા પણ જરૂરી છે એ સમજાવવું પડશે, અને આવી ફિલ્મો ને વધુ ને વધુ પ્રોત્સાહન આપી ફરીવાર સારી ફિલ્મ બને એવું કરવું પડશે. આપણું ભવિષ્ય આપણા હાથમાં છે ત્યાં કોઈ નિર્ણય લઈ લેવો જોઈએ. જય હિન્દ.

# અમદાવાદ શહેર-જિલ્લાના તમામ 21 વિધાનસભા મત વિસ્તારોમાં એન્યુમરેશન ફોર્મ મેળવવા અને પરત આપવા માટે વિશેષ કેમ્પ

- **તા. ૧૫, ૧૬ અને ૨૨, ૨૩ નવેમ્બરના રોજ સવારે ૯ થી ૧ વાગ્યા સુધી આ કેમ્પનો લાભ લઈ શકાશે**

અમદાવાદ, તા. 015

અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાર યાદી ખાસ સઘન સુધારણા ઝૂંબેશ(SIR)ની કામગીરી પ્રગતિમાં છે, ત્યારે શહેર-જિલ્લાના વિવિધ વિસ્તારોમાં રિડેવલપમેન્ટ, ડિમોલિશન અથવા અન્ય કોઈ કારણસર સ્થળાંતર કરનારા તેમજ એ સિવાયના તમામ મતદારો માટે જિલ્લાના તમામ ૫૫૨૪ મતદાન મથકો ખાતે તા. ૧૫, ૧૬ અને ૨૨, ૨૩ નવેમ્બરના રોજ સવારે ૯ થી ૧ વાગ્યા સુધી વિશેષ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો તમામ મતદારો લાભ લઈ શકશે. ભારતીય ચૂંટણી પંચ દ્વારા તા. ૦૧-૦૧-૨૦૨૬ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદાર યાદી ખાસ સઘન સુધારણા ઝૂંબેશ એટલે કે Special Intensive Revision(SIR) શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત, હાલ મતદારોની ગણતરીનો તબક્કો (Enumeration Phase) ચાલી રહ્યો છે, ત્યારે શહેર-જિલ્લાના ૨૧ વિધાનસભા મત વિસ્તારમાંથી એક પણ લાયક મતદારનું નામ મતદારયાદીમાંથી બાકાત ન રહે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર શ્રી સુજીત કુમારના માર્ગદર્શનમાં સઘન કામગીરી કરવામાં આવી રહી છે. આ કામગીરી સમયસર પૂર્ણ થાય તે જરૂરી છે. આ માટે શહેર-જિલ્લાના તમામ વિધાનસભા મતવિસ્તારોમાં મતદાર યાદી સુધારણા માટે વિશેષ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ વિશેષ કેમ્પના ચાર દિવસ દરમિયાન મતદારો પોતાના સંબંધિત મતદાન મથક પર જઈને BLO એટલે કે બૂથ લેવલ ઑફિસરની મદદથી વર્ષ-૨૦૦૨ની મતદાર યાદીમાં પોતાનું નામ શોધી શકશે તેમજ જો નામ ન હોય અથવા તેમનાં માતા/પિતા/દાદા/દાદીનું નામ પણ વર્ષ-૨૦૦૨ની મતદાર યાદીમાં ન હોય, તેવા કિસ્સામાં કયા પુરાવા રજૂ કરવા તે અંગેનું માર્ગદર્શન પણ BLO પાસેથી મેળવી શકાશે. ઉલ્લેખનીય છે કે, અનેક વિસ્તારોમાં રિડેવલપમેન્ટ કે ડિમોલિશનના કારણે નાગરિકોએ હંગામી સ્થળાંતર કર્યું હોય, BLOની મુલાકાત સમયે ઘરે હાજર ન હોય અથવા અન્ય કોઈ પણ કારણસર એન્યુમરેશન ફોર્મ મળ્યું ન હોય, તો આવા તમામ મતદારો ઉપરોક્ત દિવસો દરમિયાન સંબંધિત મતદાન મથક પર જઈ એન્યુમરેશન ફોર્મ મેળવી શકશે તેમજ ભરેલાં ફોર્મ પરત પણ આપી શકશે. આમ, ઉપરોક્ત દિવસો દરમિયાન વધુ ને વધુ સંખ્યામાં આ વિશેષ કેમ્પનો લાભ લેવા તેમજ મતદાતા તરીકેના પોતાના હક અને ફરજપાલન માટે ચૂંટણી તંત્રને સહયોગ આપવા માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર શ્રી સુજીત કુમાર દ્વારા તમામ નાગરિકોને અનુરોધ કરાયો છે. આમ, ઉપરોક્ત દિવસો દરમિયાન વધુ ને વધુ સંખ્યામાં આ વિશેષ કેમ્પનો લાભ લેવા તેમજ મતદાતા તરીકેના પોતાના હક અને ફરજપાલન માટે ચૂંટણી તંત્રને સહયોગ આપવા માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર શ્રી સુજીત કુમાર દ્વારા તમામ નાગરિકોને અનુરોધ કરાયો છે.

# ધનને સંસારી લોકો અર્થ કહે છે પણ અર્થએ તો ખરેખર અનર્થ છે એમ સમજી લોભને જીતવો જોઇએ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે જોઇએ તો મધમાખી જેમ મધ એકઠું કરે છે તેમ લોકો બહુ કષ્ટ વેઠી ધનએકઠું કરે છે,પણ મધ માખીની જેમ તેને બીજો જ કોઈ ભોગવે છે. એટલે કંઈપણ એકઠું કરવું નહીં એ હું મધમાખી-ગુરુ પાસેથી શીખ્યો છું તેવી રીતે અજગર ગુરુ પાસેથી હું શીખ્યો છુંકે,નિશ્ચેષ્ટ પડી રહેવું અને જે આવી મળે તેમાં સંતુષ્ટ રહેવું. આથી મને વૈરાગ્ય અને સંતોષની પ્રાપ્તિ થઈ છે.

ગૃહસ્થ ધર્મની વાત કરતાં કહે છે કે,સાવધાન થઈ પતિપત્ની પવિત્ર જીવન ગાળે તો સંન્યાસીને જે આનંદ મળે છે તે જ આનંદ ગૃહસ્થાશ્રમીને પણ મળે.પવિત્ર જીવન ગાળનાર પતિ પત્ની સાધુ સંતોની સેવા કરી પરમાત્માને પુત્ર રૂપે ગોદમાં રમાડશે. સ્ત્રીનોસંગ એ સત્સંગ બનેતો ગૃહસ્થાશ્રમ દિવ્ય બને છે. ગૃહસ્થને ઘરે સંન્યાસી આવે છે. ગૃહસ્થાશ્રમ શ્રેષ્ઠ છે. ગૃહસ્થ સમજી લે કે,ઘરમાં ભરેલું મારું નથી.કોથળીમાં ભરેલું મારું નથી.ભાણામાં આવેલુંય મારું નથી.મારા પેટમાં ગયું એટલું મારું એટલુંયે તારું નથી.અરે તને પચે એટલું જ તારું છે.

ગૃહસ્થાશ્રમનો મહિમા અપાર છે. દાન ગૃહસ્થાશ્રમમાં વિશેષ કરીને થઈ શકે છે, તેથી ગૃહસ્થાશ્રમમાં દાન કરવા ખાસ આજ્ઞા કરી છે. દાનથી ધનની શુદ્ધિ થાય છે. ગૃહસ્થને ખાસ એક આજ્ઞા કરી છે કે,વર્ષમાં એક માસ ગંગાકિનારે જવું. વર્ષમાં એક માસ ઠાકોરજી માટે કાઢવો. ઘરમાં બરાબર ભક્તિ થઈ શકતી નથી. તીર્થમાં નિવાસ કર્યા પછી ઘરને યાદ કરવું નહીં. તીર્થમાં બેસી ઘરને યાદ કરવા કરતાં ઘરમાં રહી ઈશ્વરનું ભજન કરવું સારું છે.સ્થાનનો પણ મહિમા છે સ્થાનનું વાતાવરણ હોય છે. એ વાતાવરણનો લાભ લેવા ખાતર સ્થાનની પસંદગી કરવી જોઇએ. ભક્તિ કરવામાં સ્થાન શુદ્ધિની બહુ જરૂર છે. માર્કંડેય પુરાણમાં એક કથા છે. રામલક્ષ્મણ જંગલમાંથી જતા હતા.એક જગ્યાએ લક્ષ્મણજીની બુદ્ધિ બગડી.કહે છેકે,કૈકેયીએ તો રામને વનવાસ આપ્યો છે,મને નહીં.મારે રામની સેવા કરવાની શું જરૂર છે?ત્યારે રામજીએ કહ્યું, લક્ષ્મણ!આ જગ્યાની માટી રૂપાળી લાગે છે. તેનું પોટલું બાંધી રાખ તો!લક્ષ્મણે માટીનું પોટલું બાંધ્યું, ને માટી દૂર મૂકી. તરત એને સીતારામનાં પ્રત્યક્ષ દર્શન થયાં. પછી પોટલી ઊંચકી એટલે લક્ષ્મણના મનમાં સીતારામજી પ્રત્યે કુભાવ આવ્યો. લક્ષ્મણને આશ્ચર્ય થયું. તેમણે રામજીને કારણ પૂછ્યું. રામજી કહે,લક્ષ્મણ તેમાં તારો દોષ નથી.આ માટી તેનું કારણ છે. જે ભૂમિમાં જેવાં કામ થાય છે તેના પરમાણુઓ તે ભૂમિનાવાતાવરણ માં રહે છે.આ માટી જે ખેતરનીછે તે ખેતરમાં સુંદ-ઉપસુંદ નામના બે રાક્ષસો રહેતા હતા.તેઓએ તપશ્ચર્યા કરી. બ્રહ્મા પ્રસન્ન થયા. રાક્ષસોએ માંગ્યું,અમે અમર રહી એ એવું વરદાન આપો. બ્રહ્માએ વરદાન તો આપ્યું,પણ કહ્યુંકે,તમે બેઉ ભાઈ અંદર અંદર બાઝશો ત્યારે તમારું મરણ થશે. આ બંને ભાઈઓ વચ્ચે ગાઢ પ્રેમ.એટલે તેમને ખાતરી કે, અમારી વચ્ચે કોઈ ઝઘડો થવાનો નથી એટલે કે અમે



કદી મરવાના નથી. અમને કોણ મારે એવું છે, એમ સમજી સુંદ-ઉપસુંદે ત્રાસ વર્તાવ્યો.તેથી બ્રહ્માએ તેમને મારવા અપ્સરા તીલોત્તમાને મોકલી.તીલોત્તમાને જોઈ તેને પરણવા બંને ભાઈ અંદર અંદર બાઝયાને બેઉ મરી ગયા!એમના એ સંસ્કાર આ માટીમાં છે!માટે ગૃહસ્થ પુરુષ ઘરને પવિત્ર રાખે, પવિત્ર સ્થળે જઈ થોડો વખત પણ રહે ને પવિત્ર સ્થળના વાતાવરણનો લાભ લે. હવાખાવાનાં સ્થળો સુંદર હશે, પણ ભગવાન લીલા કરે છે અને જ્યાં સંત-મહાત્મા ઓએ વર્ષોનાં વર્ષો પ્રભુનું ચિંતન કર્યું તેવા સ્થળે જવાથી માનવીની બુદ્ધિમાં ફરક પડી જાય છે.

કામનાઓનું મૂળ સંકલ્પ છે. એટલે સંકલ્પનો ત્યાગ કરી કામનાઓને જીતવી. મનમાં સુખ ભોગવવાનો સંકલ્પ દુઃખનું કારણ બને છે. કામનો સંકલ્પ પૂર્ણ ન થાય એટલે ક્રોધ થાય છે. માટે કામનાઓનો ત્યાગ એટલે ક્રોધ પર જીત. નિશ્ચય કરો, મને દુઃખ આપનાર ક્રોધ ઉપર જ હું ક્રોધ કરીશ,અને એને હરાવીશ. આવા નિશ્ચય આગળ ક્રોધનું કંઈચાલશે નહીં.કામ,ક્રોધ પછી લોભ આવે છે.ધનને સંસારીલોકો અર્થ કહેછે પણ અર્થએ તો ખરેખર અનર્થ છે એમ સમજી લોભને જીતવો જોઇએ.

ઉપનિષદ કહે છે કે,આ શરીર રથ છે.ઈન્દ્રિયો તેને જોડેલા ઘોડા છે. મન એ ઘોડાઓની લગામ છે. શબ્દાદિ વિષયો જુદા જુદા માર્ગો છે.બુદ્ધિએ રથને હાંકનારોસારથિ છે અને ચિત્ત એ રથને બાંધવાનું ઈશ્વરે સર્જેલું મોટું બંધન છે.દસ પ્રાણોએ રથની ધરી છે. ધર્મ-અધર્મએ રથનાં બે પૈડાછે અહંકાર જીવ એ રથમાં બેસનારો રથી છે.ૐકારએ જીવનું ધનુષ્ય છે. શુદ્ધ જીવ એનું બાણ છે.પર બ્રહ્મએ તાકવાનું નિશાન છે.રાગ, દ્વેષ, લોભશોક, મોહ, ભય, મદ, માન, અપમાન,અસૂયા, હિંસા, મદ્સર, પ્રમાદ, ક્ષુધા અને નિદ્રા વગેરે શત્રુ ઓ છે. આ મનુષ્ય શરીરરૂપી રથ પોતાને વશ છે ત્યાં સુધીમાં જ મનુષ્યે ગુરુ ચરણોની સેવા કરી તીક્ષ્ણ જ્ઞાનરૂપી તલવાર લઈ રાગદ્વેષાદિ શત્રુઓને જીતવા પ્રયત્ન કરવો જોઈએ. પરંતુ જો એમ ન કર્યું તો તે રથમાં બેઠેલા પ્રમાદી જીવને બુદ્ધિરૂપી સારથિ અવળે માર્ગે લઈ જઈ વિષયોરૂપી ચોરો વચ્ચે લાવી મૂકે છે. પછી એ ઘોડા અને સારથિ સહિત તે રથ સંસારરૂપી કૂવામાં પડે છે. માટે ગૃહસ્થે રોજ થોડો સમય પણ ભગવાનનું ધ્યાન ધરવું.

ગૃહસ્થ હું કમાઉં છું, હું ધન પેદા કરું છું, એવું અભિમાન ન રાખે. દ્રવ્ય મારું છેએવું અભિમાન પણ ન રાખે.દ્રવ્ય સર્વનું છે કારણ કે જગતમાં જે કંઈ છે તેમના માલિક પરમાત્મા છે.આજે છેલ્લે એક ચિંતનાત્મક વાત જોઈએ તોવર્ષો પહેલાની વાત છે,એક ગામમાં એક સજ્જન રહેતા હતા તે ખૂબ જ દયાળુ અને ઉદારહતા ક્યારેય કોઈને શ્રાપ આપતા ન હોતા. તેમના ઘરે આવનાર કોઈ પણ વ્યક્તિ સાથે તેઓ ખૂબ જ આતિથ્ય કરતા હતા.લોકો તેમની પાસે સલાહ માટે આવતા હતા.

એકવાર,એક કેદી જેલમાંથી ભાગી જાય છે,અને પોલીસ તેનો પીછો કરી રહી છે.જ્યારે તે ગામ ની વચ્ચે પહોંચે છે,ત્યારે તેને એક ઘરનો દરવાજો ખુલ્લો દેખાય છે. તે એ જ સજ્જનનું હતું તે પરવાનગી વિના પ્રવેશ કરે છે.

કેદી પ્રવેશતાની સાથે જ,સજ્જન નમ્રતાથી કહે છે,'અંદર આવો, સાહેબ,તમારું સ્વાગત છે' તે તેને આરામથી બેસાડે છે અને પૂછે છે કે તે કોણ છે અને ક્યાંથી આવી રહ્યો છે.કેદી કહેછે'હું રસ્તો ભૂલી ગયો છું.શું તમે મને રાત માટે રહેવાની જગ્યા આપી શકો છો?હું ખૂબ આભારી રહીશ.' સજ્જન કહે છે, 'કેમ નહીં,અહીં આરામથી રહો. સ્નાન કરો.હું તમારા માટે ખોરાક અને આશ્રય ની વ્યવસ્થા કરીશ.'જ્યારે કેદી સ્નાન કરે છે,ત્યારે સજ્જન તેના માટે બધી વ્યવસ્થા કરે છે.ખાધા પછી બધા સૂઈ જાય છે પરંતુ તેનો ઈરાદો ખરાબ થઈ જાય છે અને તે ત્યાંથી સોનાની વસ્તુઓ ચોરી કરે છે અને પછી ભાગી જાય છે.રસ્તામાં,પોલીસ તેને પકડી લે છે,અને પૂછપરછ કરવામાં આવે છે,ત્યારે તે કહે છે કે તેણે તે સજ્જન પાસેથી તે વસ્તુઓ ચોરી હતી.કેદીને સજ્જન સમક્ષ લાવવામાં આવે છે,પરંતુ તે માણસ કહે છેકે તેણે પોતે જ તેને સોનાની વસ્તુ દાનમાં આપી હતી.

કેદીની આંખો ખુલે છે,અને તે માણસની માફી માંગે છે,કહે છે કે જ્યારે પણ તમને કોઈ વસ્તુની જરૂર હોય,ત્યારે તમારે તે માંગવી જોઈએ, ચોરી ન કરવી જોઈએ.

વાચક ચાહક મિત્રો તેથી જ એવું કહેવાય છે કે જો તમારી પાસે શ્રદ્ધા હશે,તો બધું જ જગ્યાએ આવી જશે.આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

## સાબરમતી-હરિદ્વાર દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનના ફેરા વિસ્તારિત

**અમદાવાદ, તા. 15**

ટ્રેન નંબર 09426 હરિદ્વાર-સાબરમતી સ્પેશિયલ પરિવર્તિત માર્ગથી ચાલશે, પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખતાં સાબરમતી-હરિદ્વાર દ્વિ-અઠવાડિક સ્પેશિયલ ટ્રેનના ફેરા વિસ્તારિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઉત્તર પશ્ચિમ રેલવેના જયપુર સ્ટેશન પર રિ-ડેવલપમેન્ટ કામ માટે મેગા બ્લૉકને લીધે ટ્રેન નંબર 09426 હરિદ્વાર-સાબરમતી પરિવર્તિત માર્ગથી ચાલશે. વિગતો નીચે મુજબ છે: ટ્રેન નંબર 09425 સાબરમતી-હરિદ્વાર સ્પેશિયલને 29 નવેમ્બર 2025 સુધી વિસ્તારિત કરવામાં આવી છે. આ જ રીતે ટ્રેન નંબર 09426 હરિદ્વાર-સાબરમતી સ્પેશિયલને 30 નવેમ્બર 2025 સુધી વિસ્તારિત કરવામાં આવી છે. ટ્રેન નંબર 09426 હરિદ્વાર-સાબરમતી સ્પેશિયલ 30 નવેમ્બર 2025 સુધી નિર્ધારિત માર્ગ રેવાડી-અલવર-જયપુર-ફુલેરાને બદલે પરિવર્તિત માર્ગ વાયા રેવાડી-નારનૌલ-રીંગસ-ફુલેરાના રસ્તે ચાલશે. પરિવર્તિત માર્ગ દરમિયાન આ ટ્રેન અટેલી, નારનૌલ, નીમ કા થાના, રીંગસ અને ફુલેરા સ્ટેશનો પર વધારાનું રોકાણ કરશે. ટ્રેનોના સંચાલન સમય, રોકાણ અને સંરચનાથી સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રી www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકનકરી શકે છે.

17 થી 24 નવેમ્બર સુધી રેલવે ક્રોસિંગ નં. 29 (ખોડા રેલવે ફાટક) બંધ રહેશે, પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળના સાણંદ-છરોડી સ્ટેશનો વચ્ચે આવેલ રેલવે ક્રોસિંગ નં. 29 (કિ.મી. 533/2-4) જરૂરી સમારકામ કાર્ય માટે 17 નવેમ્બર 2025ના રોજ સવારે 08.00 વાગ્યાથી 24 નવેમ્બર 2025ના સાંજે 20.00 વાગ્યા સુધી બંધ રહેશે. રસ્તા ઉપયોગકર્તાઓ આ અવધિ દરમિયાન રેલવે ક્રોસિંગ નં. 37 (સચાણા રેલવે ફાટક) અને રેલવે ક્રોસિંગ નં. 22 (સાણંદ જોગણી માતા રેલવે ફાટક) નો ઉપયોગ કરી શકે છે.

## અમદાવાદ શહેર-જિલ્લામાં ૫૫૨૪ બુથ લેવલ ઑફિસર્સ દ્વારા ૬૨.૫૯ લાખથી વધુ મતદારો માટે મતદારયાદી ખાસ સુધારણા ઝુંબેશ પ્રગતિમાં



- નાગરિકોને જરૂરી સહયોગ આપવા અને વિશેષ કેમ્પનો લાભ લેવા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર શ્રી સુજીત કુમારની અપીલ
- અધિક જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી યોગેશ ઠક્કરે મતદારો માટે આયોજિત વિશેષ કેમ્પ સહિતની ઉપયોગી વિગતો અંગે માહિતી આપી

**અમદાવાદ, તા. 15**

અમદાવાદ શહેર-જિલ્લામાં મતદાર યાદી ખાસ સઘન સુધારણા ઝૂંબેશ(SIR)-૨૦૨૫ અંતર્ગત મીડિયાકર્મીઓને માહિતી આપતા જિલ્લા કલેક્ટર સુજીત કુમારે જણાવ્યું હતું કે તા. ૪ નવેમ્બરથી શરૂ થયેલી આ પ્રક્રિયામાં ૫૫૨૪ બીએલઓ દ્વારા જિલ્લાના ૨૧ વિધાનસભા મતવિસ્તારોમાં કુલ ૬૨.૫૯ લાખથી વધુ મતદારોના ફોર્મ ભરવા સહિતની કામગીરી હાલ પ્રગતિમાં છે. ત્યારે શહેર-જિલ્લાના તમામ મતદારોને આ પ્રક્રિયામાં જરૂરી સહયોગ આપવા તેમણે અપીલ કરી હતી. આ અંગે અધિક જિલ્લા ચૂંટણી અધિકારી યોગેશ ઠક્કરે જણાવ્યું હતું કે હાલમાં મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ હેઠળ ગણતરીનો તબક્કો એટલે કે એન્યુમરેશન ફેઝ ચાલી રહ્યો છે. જેનો મૂળ ઉદ્દેશ એક પણ લાયક મતદાર આ યાદીમાંથી બાકાત ન રહી જાય અને એક પણ ગેરલાયક વ્યક્તિનું નામ આ યાદીમાં ન રહી જાય તેવો છે. તેમણે ઉમેર્યું કે આ કામગીરી માટે આવતાં દરેક બીએલઓ પાસે વર્ષ ૨૦૨૨ની યાદી ઉપલબ્ધ છે. વધુમાં, https://chunavsetu-search.gujarat.gov.in/ અથવા https://ceo.gujarat.gov.in/Index, https://voters.eci.gov.in/ સહિત વોટર હેલ્પલાઈનનો ઉપયોગ કરી ૨૦૦૨ની યાદીની વિગતો સર્ચ કરી મેળવી શકાય છે તેની માહિતી પણ આપી હતી. ઉલ્લેખનીય છે કે અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાર યાદી ખાસ સઘન સુધારણા ઝૂંબેશ(SIR)ની કામગીરીને વધુ ઝડપી અને અસરકારક બનાવવા માટે જિલ્લાનાં તમામ મતદાન મથકો ખાતે તા. ૧૫, ૧૬ અને ૨૨, ૨૩ નવેમ્બરના રોજ સવારે ૯ થી ૧ વાગ્યા સુધી વિશેષ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો તમામ મતદારોને લાભ લેવા મીડિયાના માધ્યમથી તેમણે અપીલ કરી હતી. આ પ્રસંગે નિવાસી અધિક કલેક્ટર શ્રી ભાવિન સાગર, જિલ્લા વહીવટી તંત્રના સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. તા. ૧૫, ૧૬ અને ૨૨, ૨૩ નવેમ્બરના રોજ સવારે ૯ થી ૧ વાગ્યા સુધી વિશેષ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો તમામ મતદારોને લાભ લેવા મીડિયાના માધ્યમથી તેમણે અપીલ કરી હતી. આ પ્રસંગે નિવાસી અધિક કલેક્ટર શ્રી ભાવિન સાગર, જિલ્લા વહીવટી તંત્રના સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગોવિંદ ગુરુ લીમડી તાલુકામાં ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતિ - જન જાતીય ગૌરવ દિવસની ભવ્ય ઉજવણી



**ઝાલોદ પ્રતિનિધિ દ્વારા, તા. 15**

ગુજરાત રાજ્ય નાણાપંચ અધ્યક્ષ યમલ વ્યાસ તથા ધારાસભ્ય મહેશ ભૂરીયાની વિશેષ ઉપસ્થિતિમાં ગોવિંદ ગુરુ લીમડી તાલુકાના કંબોઈ ધામ ખાતે ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતિ અને જન જાતીય ગૌરવ દિવસની ભવ્ય ઉજવણી યોજાઈ હતી. કાર્યક્રમની શરૂઆતમાં રાજકીય અગ્રણીઓએ ગોવિંદ ગુરુ સમાધિ ધામ ખાતે આરતી-પૂજા કરી આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ સભામંડપ ખાતે દિપ પ્રાગટ્ય કરીને મુખ્ય મહેમાનો દ્વારા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. સ્વાગત ગીત અને પ્રાર્થના ગીત દ્વારા ઉપસ્થિત મહાનુભાવોને આવકારવામાં આવ્યા હતા. પ્રોગ્રામનું શાબ્દિક સ્વાગત પ્રાંત અધિકારી અરવિંદ ભાટિયા દ્વારા કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાનો યમલ વ્યાસ, મહેશ ભૂરીયા તેમજ અન્ય આગેવાનોનું પુષ્પગુચ્છ, પાઘડી અને આદિવાસી બંડી પહેરાવી સન્માન કરવામાં આવ્યું. સ્કૂલની બાલિકાઓએ આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરતાં સુંદર નૃત્યનું પ્રસ્તુતિ કરી સૌનું મન મોહી લીધું. પાંચે પાંચ સ્ટેજ ટીમોને ધારાસભ્ય મહેશ ભૂરીયાએ રૂ. 5000નો રોકડ ઈનામ આપીને પ્રોત્સાહિત કર્યા. આ પ્રસંગે ધારાસભ્ય મહેશ ભૂરીયાએ જણાવ્યું હતું કે ભગવાન બિરસા મુંડા આદિવાસી સમાજના મસીહા અને દેશના વીર ક્રાંતિકારી હતા. નાની ઉંમરે અંગ્રેજ શાસકોથી લડી સમાજના હકો માટે સશક્ત સંઘર્ષ કર્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દેડિયાપાડા ખાતે યોજાયેલ કાર્યક્રમનું લાઈવ પ્રસારણ અહીં કંબોઈ ધામમાં મોટી સંખ્યામાં લોકોએ નિહાળ્યું હતું. કાર્યક્રમ દરમિયાન આદિજાતિ સમાજના રમતવીરો, તેજસ્વી વિદ્યાર્થીઓ તેમજ વિવિધ લાભાર્થીઓને પ્રશસ્તિપત્ર તથા યોજનાના લાભો પ્રદાન કરવામાં આવ્યા.

## અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા રૂપાવટી ગામમાં 'બેટી બચાવો, બેટી પઢાવો' અંતર્ગત કાર્યક્રમ યોજાયો





**સ્વ-સહાય જૂથની બહેનોને સમાજમાં જાતિ સમાનતાની વિચારધારા અને તેમના હકો વિશે માહિતગાર કરાયાં**

**સમાજમાં સ્ત્રી-પુરુષ સમાનતાની વિચારધારા ફેલાવતાં અને મહિલાઓને તેમના હકો વિશે માહિતગાર કરતાં આ કાર્યક્રમમાં 'સંકલ્પ' હબ ફોર એમ્પાવરમેન્ટ ઑફ વિમન યોજનાના જેન્ડર સ્પેશિયલિસ્ટ શ્રી જીતેશભાઈ સોલંકી દ્વારા મુખ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું**

**અમદાવાદ, તા. 15**

અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા બાવળા તાલુકાના રૂપાવટી ગામે 'બેટી બચાવો, બેટી પઢાવો' યોજનાના ઉદ્દેશ્યોને વધુ મજબૂત કરવા માટે સ્વ-સહાય જૂથની બહેનો સાથે જાતિ સમાનતા અંગેનો એક જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

સમાજમાં સ્ત્રી-પુરુષ સમાનતાની વિચારધારા ફેલાવતાં અને મહિલાઓને તેમના હકો વિશે માહિતગાર કરતાં આ કાર્યક્રમમાં 'સંકલ્પ' હબ ફોર એમ્પાવરમેન્ટ ઑફ વિમન યોજનાના જેન્ડર સ્પેશિયલિસ્ટ શ્રી જીતેશભાઈ સોલંકી દ્વારા મુખ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

શ્રી જીતેશભાઈએ સ્ત્રી-પુરુષ સમાનતા, છોકરીઓના હકો, સુરક્ષા, શિક્ષણનું મહત્વ અને સમાજમાંથી લિંગભેદ દૂર કરવાની જરૂરિયાત અંગે વિગતવાર માહિતી આપી હતી. દૈનિક જીવનમાં સમાનતા અપનાવવાની રીતો અને છોકરીઓ માટે સલામત તેમજ સહાયક વાતાવરણ કેવી રીતે તૈયાર કરી શકાય તેવા વ્યવહારુ માર્ગદર્શન પર ધ્યાન કેન્દ્રિત કરાયું હતું. શ્રી જીતેશભાઈએ પ્રેરણાત્મક ઉદાહરણો થકી ભાગ લેનારી સ્વ-સહાય જૂથની બહેનોમાં જાતિ સમાનતા પ્રત્યે સકારાત્મક જાગૃતિ અને સમજણ વિકસાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. આ કાર્યક્રમમાં ગામના સરપંચ શ્રી જતીનભાઈ ભરવાડ અને સ્થાનિક આગેવાનો હાજર રહ્યાં હતાં. શકાય તેવા વ્યવહારુ માર્ગદર્શન પર ધ્યાન કેન્દ્રિત કરાયું હતું. શ્રી જીતેશભાઈએ પ્રેરણાત્મક ઉદાહરણો થકી ભાગ લેનારી સ્વ-સહાય જૂથની બહેનોમાં જાતિ સમાનતા પ્રત્યે સકારાત્મક જાગૃતિ અને સમજણ વિકસાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. આ કાર્યક્રમમાં ગામના સરપંચ શ્રી જતીનભાઈ ભરવાડ અને સ્થાનિક આગેવાનો હાજર રહ્યાં હતાં.

## ઝાલોદમાં ભગવાન બિરસા મુંડાની પ્રતિમાનું સાંસદ જશવંતસિંહ ભાભોર દ્વારા અનાવરણ

**ઝાલોદ પ્રતિનિધિ દ્વારા, તા. 15**

તા. – ઝાલોદ નગરપાલિકા દ્વારા ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતિ નિમિત્તે સર્કલ ખાતે સ્થાપિત પ્રતિમાનું અનાવરણ સાંસદ જશવંતસિંહ ભાભોરના હસ્તે વિધિવત્ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂર્વ સાંસદ બાબુભાઈ કટારા અને પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મહાન ક્રાંતિકારી, આદિવાસી સમાજના ગૌરવ અને માત્ર 25 વર્ષની ઉંમરે અંગ્રેજ સાશનના પાયાને હચમચાવનાર ધરતીઆબા ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતિને સમગ્ર દેશભરમાં 'જનજાતીય ગૌરવ દિવસ' તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. આ યાદગાર અવસરને ઝાલોદ નગરપાલિકા દ્વારા વિશેષ ભવ્યતા સાથે ઉજવાયો. કાર્યક્રમ દરમ્યાન ઢોલ-નગારા સાથે ફટાકડાની ભવ્ય આતશબાજી કરી સમગ્ર માહોલને ગૌરવમય બનાવી દેવાયો. મહાનુભાવોને પુષ્પગુચ્છ, આદિવાસી બંડી તેમજ તીર-કામઠા અર્પણ કરી પરંપરાગત સન્માન આપવામાં આવ્યું હતું. આ અવસરે સાંસદ જશવંતસિંહ ભાભોર, પૂર્વ સાંસદ બાબુભાઈ કટારા, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા, પ્રાંત અધિકારી અરવિંદ ભાટિયા, મામલતદાર શૈલેન્દ્ર પરમાર, ભાજપ જિલ્લા કોષાધ્યક્ષ પંકજ અગ્રવાલ, નગરપાલિકા ચીફ ઓફિસર યોગેશ ગણાત્રા, પ્રમુખ રેખાબેન વસૈયા, કારોબારી પ્રમુખ દિનેશ પંચાલ, નગરપાલિકાના કાઉન્સિલરો, ભાજપના પદાધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં નગરજનોએ ઉપસ્થિતિ દર્શાવી હતી.

## બ્રહ્માકુમારીઝ ગુજરાત હીરક જયંતિ મહોત્સવે ઝાલોદમાં 'શાંતિ સેમિનાર'નું આયોજન

**ઝાલોદ પ્રતિનિધિ દ્વારા, તા. 15**

બ્રહ્માકુમારીઝ - ગુજરાત હીરક જયંતિ મહોત્સવ નિમિત્તે તથા શાંતિપૂર્ણ વિશ્વ માટેની વૈશ્વિક પહેલ અને બિલિયન મિનિટ્સ ઓફ પીસ અપીલ પ્રોજેક્ટ અંતર્ગત ઝાલોદ સ્થિત વસંત મસાલા પ્રા. લિ. ખાતે તા. 13/11/2025 ના રોજ વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મીતાદીદી, સુરેશભાઈ પટેલ, મુગજીભાઈ કિશોરી તેમજ વસંત મસાલા કંપનીના તમામ સ્ટાફ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સેમિનાર




દરમિયાન વિશ્વ શાંતિ માટે ધ્યાન યોગનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું અને સર્વેને રોજિંદા જીવનમાં ધ્યાન અપનાવવા પ્રેરિત કરવામાં આવ્યા. વિશ્વમાં શાંતિ બની રહે, દેશ મુશ્કેલીઓથી સુરક્ષિત રહે અને સર્વજનો સુખી રહે તેવી મંગલ પ્રાર્થનાઓ કરવામાં આવી.

**બચત યોજનાઓ, રોકાણના વિકલ્પો, નાણાકીય સમાવેશ, લોન સંબંધિત બાબતો અને છેતરપિંડીથી બચાવ અંગે માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું**

# માઈક્રોફાઈનાન્સ ઇન્ડસ્ટ્રી નેટવર્ક (MFIN) દ્વારા અમદાવાદમાં નાણાકીય જાગૃતિ કાર્યક્રમનું સફળ આયોજન

**ગાંધીનગર, તા. 15**


ભારતીય રિઝર્વ બેંક (RBI) દ્વારા માન્યતા પ્રાપ્ત NBFC - MFI (નોન-બેંકિંગ ફાઇનાન્સિયલ કંપની - માઈક્રોફાઈનાન્સ ઈન્સ્ટિટ્યુશન) માટેની રાષ્ટ્રીય સ્તરની 'સ્વ-નિયામક સંસ્થા' માઈક્રોફાઈનાન્સ ઈન્ડસ્ટ્રી નેટવર્ક (MFIN) દ્વારા અમદાવાદ જિલ્લાના ચાંદખેડા ખાતે નાણાકીય જાગૃતિ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મહિલા ઉધારકર્તાઓની સક્રિય ભાગીદારી જોવા મળી હતી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને નાણાકીય બાબતોની બહેતર સમજ આપવાનો હતો, જેમાં મુખ્યત્વે બચત યોજનાઓ અને રોકાણના વિકલ્પો વિશે માહિતી આપવી, લોન લેવા અને ચૂકવવા અંગે માર્ગદર્શન આપવું, અને નાણાકીય છેતરપિંડીથી બચવા માટે જરૂરી સાવચેતીઓ વિશે શિક્ષણ આપવાનો સમાવેશ થતો હતો. કાર્યક્રમ દરમિયાન, શ્રી કિરણ કુમાર ચાવડા (એલડીએમ, ભારતીય સ્ટેટ બેંક, અમદાવાદ જિલ્લા) એ લોન વાસ્તવિક જરૂરિયાત અને ચૂકવવાની ક્ષમતા પર આધારિત હોવી જોઈએ તેની ભલામણ કરી અને ભારપૂર્વક જણાવ્યું કે RBI દ્વારા માન્યતા પ્રાપ્ત સંસ્થાઓ RBIના નિર્દેશોનું પાલન કરી રહી છે; તેમણે ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં માઈક્રોફાઈનાન્સની ભૂમિકાની પ્રશંસા કરી અને લખપતિ દીદી યોજના, PMJJY, PMJSY જેવી યોજનાઓ પર ભાર મૂક્યો.

શ્રી અનિલ મોરથાના (નિર્દેશક, આર.ઈ.એસ.ટી.આઈ., અમદાવાદ જિલ્લા) એ જણાવ્યું કે RBI દ્વારા નિયંત્રિત સંસ્થાઓ માઈક્રોફાઈનાન્સમાં મોખરે છે અને નાણાકીય સમાવેશ માટે અત્યંત મહત્વપૂર્ણ છે, અને તેમણે MFIN ને બ્લોક સ્તરે વધુ કાર્યક્રમોનું આયોજન કરવાની સલાહ આપી.

શ્રી એમ. એન. ચાવડા (એસીપી, ઈ.ઓ.ડબલ્યુ., અમદાવાદ પોલીસ) એ ઉધારકર્તાઓને છેતરપિંડીથી બચવા માટે નિયમિત ચૂકવણી કરવા અને જરૂરી પગલાં લેવાની સલાહ આપી; તેમણે વધતી છેતરપિંડીને ધ્યાનમાં રાખીને લોકોને નાણાકીય છેતરપિંડીથી બચવાની રીતો વિશે જાગૃત કરવા પર ભાર મૂક્યો અને લોન માફીની ભ્રામક ઝુંબેશોથી સાવધાન રહેવા તથા આવી ઘટનાઓની તાત્કાલિક ૧૯૩૦ પર જાણ કરવા જણાવ્યું, સાથે જ કોઈ પણ સમસ્યાના કિસ્સામાં MFINના ટોલ-ફ્રી નંબર - ૧૮૦૦૧૦૨૧૦૮૦ પર સંપર્ક કરવા જણાવ્યું. આ જાગૃતિ કાર્યક્રમમાં શ્રી ધૂલિયા (પીઆઈ, ઈ.ઓ.ડબલ્યુ., અમદાવાદ પોલીસ) પણ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી ઘનશ્યામ સિંહ મોરી (પી.એસ.આઈ., સાયબર સેલ, અમદાવાદ ગ્રામીણ પોલીસ) એ ઉધારકર્તાઓને લોન માફીના ખોટા સંચારમાં ન ફસાવા માટે ચેતવણી આપી, કારણ કે તે તેમના ક્રેડિટ સ્કોરને અસર કરી શકે છે. MFINના પ્રતિનિધિ શ્રી દેવેન્દ્ર શાહપુરકર (ઉપાધ્યક્ષ, પશ્ચિમી ક્ષેત્ર) એ જણાવ્યું કે આ કાર્યક્રમ દૂરના વિસ્તારોમાં રહેતા લોકોને નાણાકીય સેવાઓ સાથે જોડવાનો પ્રયાસ છે અને આ વિસ્તારમાં અનધિકૃત લોકો દ્વારા ફેલાવવામાં આવતા ભ્રામક પ્રચારને ધ્યાનમાં રાખીને MFIN દ્વારા ભવિષ્યમાં પણ આવા કાર્યક્રમોનું આયોજન ચાલુ રાખવાની યોજના જાહેર કરી. શ્રી શાહપુરકરે કાર્યક્રમમાં સહાય અને માર્ગદર્શન આપવા બદલ શ્રી જ્ઞાનેન્દ્ર સિંહ મલિક (પોલીસ કમિશનર, અમદાવાદ શહેર), શ્રી સુજીત કુમાર (કલેક્ટર, અમદાવાદ જિલ્લા), અને શ્રી શરદ સિંઘલ (સંયુક્ત પોલીસ કમિશનર, ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ શહેર)નો આભાર વ્યક્ત કર્યો હતો.





# રવીન્દ્ર જાડેજા હવે રાજસ્થાન તરફથી રમશે : રીવાબાએ 'ખમ્મા ઘણી' લખીને જાહેરાત કરી

**જડ્ડુએ જે ટીમથી શરૂઆત કરી હતી, તે જ ટીમમાં પરત ફર્યો રવીન્દ્ર જાડેજા હવે એક સ્ટાર ઓલરાઉન્ડર તરીકે સ્થાપિત થયા પછી રાજસ્થાન ટીમમાં પરત ફર્યો છે. જાડેજાએ કહ્યું કે રાજસ્થાન રોયલ્સ તેમના માટે પહેલું ઘર છે અને વાપસી તેમના માટે ખૂબ જ ઈમોશનલ મોમેન્ટ છે.**

**મુંબઈ, તા. 15**

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)એ છેલ્લા કેટલાક દિવસોથી ચર્ચામાં રહેલા કેટલાક ટ્રેડ ડીલ્સની ઑફિશિયલ જાહેરાત કર્યું છે. ફ્રેન્ચાઈઝીસ માટે તેમના ખેલાડીઓને રીટેન કરવાની 5 વાગ્યાની ડેડલાઈન પહેલાં, એક પ્રેસ રિલીઝે IPL 2026ના ઓક્શન પહેલાં કયો ખેલાડી કઈ ફ્રેન્ચાઈઝીમાં ગયો છે તેનું લિસ્ટ બહાર પાડ્યું છે. અત્યાર સુધીના સૌથી મોટા ટ્રેડ ડીલ્સમાં ચેન્નઈ સુપર કિંગ્સ (CSK)ના લેજન્ડ રવીન્દ્ર જાડેજા હવે રાજસ્થાન રોયલ્સ (RR) તરફથી રમશે. તેને RRના જ કેપ્ટન સંજુ સેમસનના બદલે ટ્રેડ કર્યો છે. તો મોહમ્મદ શમીએ લખનઉએ ટ્રેડ કરીને ખરીદ્યો છે.

IPL 2026ના અત્યાર સુધીના તમામ કન્ફર્મ થયેલા ટ્રેડ ડીલ્સ પ્રેસ રિલીઝ મુજબ, CSKમાંથી જાડેજાનો RRમાં ટ્રેડ કન્ફર્મ થઈ ગયો છે અને તેની લીગ ફી હવે 18 કરોડથી ઘટી 14 કરોડ થઈ છે. બીજી તરફ, સેમસનનો ટ્રેડ પાંચ વખતના ચેમ્પિયન CSKમાં તેની હાલની લીગ ફી 18 કરોડમાં કરવામાં આવ્યો છે. સેમ કરનનો ટ્રેડ CSKમાંથી RRમાં 2.4 કરોડમાં થયો છે.

સિનિયર ફાસ્ટ બોલર મોહમ્મદ શમીનો ટ્રેડ સનરાઈઝર્સ હૈદરાબાદમાંથી લખનઉ સુપર જાયન્ટ્સ (LSG)માં થયો છે. સ્પિનર મયંક માર્કન્ડેનો ટ્રેડ KKRમાંથી MIમાં થયો છે, જ્યારે અર્જુન તેંડુલકર મુંબઈ ઈન્ડિયન્સમાંથી લખનઉમાં જશે.

વધુ એક સરપ્રાઈઝ ડીલ નીતિશ રાણાની છે. છેલ્લા કેટલાક વર્ષોથી રમતા IPLમાં રાજસ્થાને તેને 4.2 કરોડમાં દિલ્હીમાં ટ્રેડ કર્યો છે. જ્યારે રાજસ્થાને ડોનોવન ફરેરાનો ટ્રેડ DCમાંથી 1 કરોડની સુધારેલી લીગ ફી પર કર્યો છે. આવ્યો છે.

જડ્ડુએ જે ટીમથી શરૂઆત કરી હતી, તે જ ટીમમાં પરત ફર્યો રવીન્દ્ર જાડેજા હવે એક સ્ટાર ઓલરાઉન્ડર તરીકે સ્થાપિત થયા પછી રાજસ્થાન ટીમમાં પરત ફર્યો છે. જાડેજાએ કહ્યું કે રાજસ્થાન રોયલ્સ તેમના માટે પહેલું ઘર છે અને વાપસી તેમના માટે ખૂબ જ ઈમોશનલ મોમેન્ટ છે. 11 વર્ષ સુધી રાજસ્થાન રોયલ્સનો ચહેરો રહેલા સંજુ સેમસન હવે ચેન્નઈ સુપર કિંગ્સ (CSK)નો હિસ્સો હશે. જાડેજાની સાથે જ ઈંગ્લેન્ડના સ્ટાર ઓલરાઉન્ડર સેમ કરન પણ આ ટ્રેડનો હિસ્સો રહ્યો. . સિનિયર ફાસ્ટ બોલર મોહમ્મદ શમીનો ટ્રેડ સનરાઈઝર્સ હૈદરાબાદમાંથી લખનઉ સુપર જાયન્ટ્સ (LSG)માં થયો છે. સ્પિનર મયંક માર્કન્ડેનો ટ્રેડ KKRમાંથી MIમાં થયો છે, જ્યારે અર્જુન તેંડુલકર મુંબઈ ઈન્ડિયન્સમાંથી લખનઉમાં જશે. વધુ એક સરપ્રાઈઝ ડીલ નીતિશ રાણાની છે. છેલ્લા કેટલાક વર્ષોથી રમતા IPLમાં રાજસ્થાને તેને 4.2 કરોડમાં દિલ્હીમાં ટ્રેડ કર્યો છે. જ્યારે રાજસ્થાને ડોનોવન ફરેરાનો ટ્રેડ DCમાંથી 1 કરોડની સુધારેલી લીગ ફી પર કર્યો છે. આવ્યો છે.

જડ્ડુએ જે ટીમથી શરૂઆત કરી હતી, તે જ ટીમમાં પરત ફર્યો રવીન્દ્ર જાડેજા હવે એક સ્ટાર ઓલરાઉન્ડર તરીકે સ્થાપિત થયા પછી રાજસ્થાન ટીમમાં પરત ફર્યો છે. જાડેજાએ કહ્યું કે રાજસ્થાન રોયલ્સ તેમના માટે પહેલું ઘર છે અને વાપસી તેમના માટે ખૂબ જ ઈમોશનલ મોમેન્ટ છે. 11 વર્ષ સુધી રાજસ્થાન રોયલ્સનો ચહેરો રહેલા સંજુ સેમસન હવે ચેન્નઈ સુપર કિંગ્સ (CSK)નો હિસ્સો હશે. જાડેજાની સાથે જ ઈંગ્લેન્ડના સ્ટાર ઓલરાઉન્ડર સેમ કરન પણ આ ટ્રેડનો હિસ્સો રહ્યો. .

## વૈભવ સૂર્યવંશીએ માત્ર 32 બોલમાં સદી ફટકારી : ઈમર્જિંગ એશિયા કપમાં UAE સામે 144 રન બનાવ્યા ; 15 છગ્ગા ફટકાર્યા

**દિલ્હી, તા. 15**

14 વર્ષના વૈભવ સૂર્યવંશીએ ઈમર્જિંગ એશિયા કપમાં 32 બોલમાં સદી ફટકારી હતી. ઈન્ડિયા-A વતી રમતા તેણે UAE સામે 42 બોલમાં 144 રન બનાવ્યા હતા. શુક્રવારે દોહામાં ઈન્ડિયા-Aએ ટૉસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો અને 20 ઓવરમાં 4 વિકેટે 297 રન બનાવ્યા હતા. UAE ફક્ત 149 રન જ બનાવી શક્યું હતું. વૈભવે 15 છગ્ગા ફટકાર્યા વેસ્ટ એન્ડ પાર્ક ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં પ્રથમ બેટિંગ કરી રહેલી ઈન્ડિયા-A ટીમે બીજી ઓવરમાં એક વિકેટ ગુમાવી દીધી. પ્રિયાંશ આર્ય 6 બોલમાં 10 રન બનાવીને રન આઉટ થયો. નમન ધીર ત્રીજા નંબરે ઈનિંગમાં આવ્યો. તેણે એક છેડે ટકી રહી, જ્યારે વૈભવે બીજા છેડે 32 બોલમાં સદી ફટકારી. નમન 12મી ઓવરમાં 34 રન (23 બોલ) બનાવીને આઉટ થયો.

## ટિમ સાઉથી KKRના બોલિંગ કોચ તરીકે નિયુક્ત : IPLમાં 5 ટીમ માટે રમ્યો

- **KKRએ પહેલાથી જ ન્યૂઝીલેન્ડના ભૂતપૂર્વ ખેલાડી ટિમ સાઉથીને તેમના કોચિંગ સેટઅપમાં ઉમેરવાનો નિર્ણય લીધો છે.**



**દિલ્હી, તા. 15**

કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)એ શુક્રવારે ન્યૂઝીલેન્ડના ભૂતપૂર્વ ખેલાડી ટિમ સાઉથીને તેના બોલિંગ કોચ તરીકે નિયુક્ત કર્યો છે, જેની ફ્રેન્ચાઈઝીએ જાહેરાત કરી. IPL 2026 માટે મિની ઓક્શન 16 ડિસેમ્બરે યોજાવાનું છે, અને બધી ફ્રેન્ચાઈઝીઓ પાસે 15 નવેમ્બર સુધી તેમના રિટેન અને રિલીઝ કરાયેલા ખેલાડીઓની જાહેરાત કરવાનો સમય છે. KKRએ પહેલાથી જ ન્યૂઝીલેન્ડના ભૂતપૂર્વ ખેલાડી ટિમ સાઉથીને તેમના કોચિંગ સેટઅપમાં ઉમેરવાનો નિર્ણય લીધો છે. સાઉદીએ 54 IPL મેચ રમી ટિમ સાઉથીએ પોતાની IPL કારકિર્દીમાં 54 મેચ રમી છે, જેમાં તેણે 37.06 ની સરેરાશથી 47 વિકેટ લીધી છે. તે ચેન્નઈ સુપર કિંગ્સ, મુંબઈ ઈન્ડિયન્સ, રાજસ્થાન રોયલ્સ, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને KKR જેવી ફ્રેન્ચાઈઝી માટે રમી ચૂક્યો છે. ઈન્ટરનેશનલ ક્રિકેટમાં 770 વિકેટ લીધી ટિમ સાઉથી ન્યૂઝીલેન્ડનો સૌથી સફળ બોલર રહ્યો છે. સાઉથીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં ન્યૂઝીલેન્ડ માટે સૌથી વધુ 776 વિકેટ લીધી છે. સાઉથીએ ન્યૂઝીલેન્ડ માટે 104 ટેસ્ટ, 161 વન-ડે અને 126 T20 મેચ રમી છે. તેણે ટેસ્ટમાં 391, વન-ડેમાં 221 અને T20માં 164 વિકેટ લીધી છે. સાઉથીએ ચાર ODI વર્લ્ડ કપ, સાત T20 વર્લ્ડ કપ, બે ચેમ્પિયન્સ ટ્રોફી ટુર્નામેન્ટ અને 2019-21 સાયકલની વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલમાં ન્યૂઝીલેન્ડનું પ્રતિનિધિત્વ કર્યું છે.

## ઈન્ડિયા-Aએ પહેલી વન-ડે જીતી : સાઉથ આફ્રિકા-Aને 4 વિકેટથી હરાવ્યું

**હર્ષિત અને અર્શદીપે 2-2 વિકેટ લીધી ઈન્ડિયા-A તરફથી, ઝડપી બોલરો અર્શદીપ સિંહ અને હર્ષિત રાણાએ બે-બે વિકેટ લીધી**

**દિલ્હી, તા. 15**



ઈન્ડિયા-A એ પ્રથમ વન-ડેમાં સાઉથ આફ્રિકા-A ને ચાર વિકેટથી હરાવીને સિરીઝમાં 1-0 ની લીડ મેળવી. રાજકોટમાં આફ્રિકન ટીમે નવ વિકેટે 285 રન બનાવ્યા. ભારતે 50મી ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને ટાર્ગેટ ચેઝ કર્યો. વાઈસ કેપ્ટન ઋતુરાજ ગાયકવાડે સદી ફટકારી. ખરાબ શરૂઆત પછી સાઉથ આફ્રિકા રિકવર થયું નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે રમાયેલી આ મેચમાં સાઉથ આફ્રિકાએ ટૉસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ટીમની શરૂઆત ખરાબ રહી હતી અને તેણે ફક્ત 53 રનમાં 5 વિકેટ ગુમાવી દીધી હતી. કેશિલે 15 અને રિવાલ્ડો મૂનસામીએ 10 રન બનાવ્યા હતા. રુબિન હર્મન, જોર્ડન હર્મન અને કેપ્ટન માર્કસ એકરમેન કોઈ રન બનાવી શક્યા ન હતા. નીચલા ક્રમમાં, ડિયાન ફોરેસ્ટર, ડેલાનો પોટગીટર અને યોર્ન ફોર્ચ્યુને ત્યારબાદ ફિફ્ટી ફટકારી. ફોરેસ્ટરે 77, પોટગીટરે 90 અને ફોર્ચ્યુન 59 રન બનાવીને ટીમને 300 રનની નજીક પહોંચાડી. અંતે, ટિયાન વાન વ્યુરેને 16 રન બનાવીને સ્કોર 285 સુધી પહોંચાડ્યો.

## 'તેરે ઈશ્ક મેં'નું ટ્રેલર રિલીઝ

**કૃતિ - ધનુષ સ્ટારર ફિલ્મના ટ્રેલરમાં નાના શહેરની એક ઝનૂની લવ સ્ટોરીની ઝલક; પાવરફુલ ડાયલોગ સાથે એક્શનની ભરમાર**

**મુંબઈ, તા. 15**

ધનુષ અને કૃતિ સેનનની લાંબા સમયથી રાહ જોવાતી ફિલ્મ 'તેરે ઈશ્ક મેં' નું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. 3 મિનિટ અને 22 સેકન્ડના આ ટ્રેલરમાં કૃતિ અને ધનુષની પ્રેમ અને નફરતથી ભરપૂર તીવ્ર કેમેસ્ટ્રી દર્શાવવામાં આવી છે. ટ્રેલરમાં નાના શહેરની એક ઝનૂની લવ સ્ટોરીની ઝલક જોવા મળે છે, જ્યાં ધનુષનું પાત્ર, શંકર, પ્રેમ માટે કંઈ પણ કરવા તૈયાર હોય છે, જ્યારે કૃતિ શરૂઆતમાં શંકરને નફરત કરે છે અને પછી તેના પ્રેમમાં પડી જાય છે.ટ્રેલર ધનુષની એન્ટ્રીથી શરૂ થાય છે, ત્યારબાદ કૃતિ સેનન જોવા મળે છે. બંને મળે છે, પછી વાર્તા ફ્લેશબેકમાં જાય છે, જેમાં બનારસની ભાષા, કોલેજ રોમાંસ અને ઘણી બધી હિંસા દર્શાવવામાં આવે છે. ફ્લેશબેકમાં, ધનુષનું પાત્ર, શંકર, એક ક્રોધી પાત્ર છે, પરંતુ કૃતિનું પાત્ર મુક્તિ તેને વધુ અહિંસક માર્ગ તરફ પ્રેરણા આપે છે. શંકર જાહેર કરે છે, 'જો હું પ્રેમમાં પડી ગયો, તો હું દિલ્હીને ફૂંકી મારીશ.' અને પછી, એવું બને છે. શંકર મુક્તિના પ્રેમમાં પડે છે અને તેને મેળવવા માટે ઘણી હદ સુધી જાય છે. લગભગ સાડા ત્રણ મિનિટના ટ્રેલરમાં પુષ્કળ એક્શન, પ્રેમ માટે કોઈપણ હદ સુધી જવાનો દૃઢ નિર્ધાર અને ધનુષના કેટલાક શક્તિશાળી સંવાદો છે. એ.આર. રહેમાનનું પૃષ્ઠભૂમિ સંગીત અને અરિજિત સિંહનો અવાજ ગૂંજતો રહે છે, જેને ચાહકો ખૂબ જ પસંદ કરી રહ્યા છે.દિગ્દર્શક આનંદ એલ. રાયની ફિલ્મ 'તેરે ઈશ્ક મેં' ગુલશન કુમાર, ટી-સિરીઝ અને કલર યલો દ્વારા પ્રસ્તુત છે. એ.આર. રહેમાન દ્વારા સંગીત અને ઈર્શાદ કામિલ દ્વારા ગીતો સાથે, 'તેરે ઈશ્ક મેં' 28 નવેમ્બર, 2025 ના રોજ હિન્દી અને તમિલ ભાષામાં વિશ્વભરમાં રિલીઝ થશે.



**એ.આર. રહેમાનનું પૃષ્ઠભૂમિ સંગીત અને અરિજિત સિંહનો અવાજ ગૂંજતો રહે છે**

## સોનાક્ષી સિંહાનો મસ્જિદમાં જવાનો ઉત્સાહ જોઈ પતિ ઝહીર ઈકબાલનો ખુલાસો




**મુંબઈ, તા. 15**

એક્ટ્રેસ સોનાક્ષી સિંહા અને તેનો પતિ ઝહીર ઈકબાલ સોશિયલ મીડિયા પર સક્રિય રહે છે. તેઓ અવારનવાર ઈન્સ્ટાગ્રામ અને યુટ્યુબ પર રીલ્સ અને વ્લોગ્સ શેર કરતા રહે છે. તાજેતરમાં સોનાક્ષીએ એક વ્લોગ શેર કર્યો હતો, જેમાં તે પહેલીવાર મસ્જિદમાં જવા માટે ઉત્સાહિત જોવા મળી રહી હતી. જોકે, સોનાક્ષી અને ઝહીર સોશિયલ મીડિયા પર ટ્રોલ્સના નિશાના પર હોય છે. ત્યારે સોનાક્ષીના ધર્મ પરિવર્તનને લઈ ઝહીરે ખુલાસો કર્યો હતો. 'અબૂ ધાબી ટુરિઝમે આમંત્રણ આપ્યું' સોનાક્ષી અને ઝહીરે શેર કરેલા નવા વ્લોગની શરૂઆતમાં સોનાક્ષી જણાવે છે કે, તે એક્ટિંગ અને બિઝનેસની સાથે સાથે પોતાની રોજીંદી જિંદગી પણ શેર કરતી હોય છે. તેણે કહ્યું, 'આજે અમે અબૂ ધાબીમાં થીએ અને આ ટ્રિપ થોડી અલગ રહેવાની છે. અબૂ ધાબી ટુરિઝમે અમને શહેર ફરવા માટે આમંત્રણ આપ્યું છે અને અમારા માટે બધું તૈયાર કર્યું છે.' સોનાક્ષી આગળ કહે છે, 'અમે અબૂ ધાબીની સૌથી પ્રખ્યાત શેખ ઝાયદ ગ્રાન્ડ મસ્જિદ જોવા જઈ રહ્યા છીએ. આ પહેલીવાર છે, જ્યારે હું કોઈ મસ્જિદની અંદર જઈ રહી છું. હું પહેલા ક્યારેય મસ્જિદમાં ગઈ નથી. હું ચર્ચમાં ગઈ છું, મંદિર ગઈ છું, પણ હું ક્યારેય મસ્જિદમાં ગઈ નથી, તેથી તેને જોવા માટે હું ખૂબ જ ઉત્સાહિત છું.'સોનાક્ષી સિંહા અને ઝહીર ઈકબાલ અવારનવાર ટ્રોલ્સના નિશાના પર રહે છે. જોકે, બંને ટ્રોલ્સને જડબાતોડ જવાબો આપે છે. ત્યારે સોનાક્ષીએ પોતાનો ઉત્સાહ રજૂ કરતા ઝહીરે ટ્રોલ થયા પહેલા જ આ અંગે સ્પષ્ટતા કરી હતી.

## પીરિયડ્સ અંગે રશ્મિકાના નિવેદન પર વિવાદ

**'પુરુષોને પણ માસિકધર્મનો દુખાવો થવો જોઈએ ; એક્ટ્રેસે કહ્યું- જે કહ્યું તેનું ખોટું અર્થઘટન કરવામાં આવી રહ્યું છે**

**મુંબઈ, તા. 15**



રશ્મિકા મંદાના હાલમાં વિજય દેવરાકોંડા સાથેના લગ્નની અફવાઓને કારણે સમાચારમાં છે. જોકે, તેમના એક નિવેદને વિવાદ જગાવ્યો છે. માસિક ધર્મ અંગે રશ્મિકાના નિવેદને સોશિયલ મીડિયા પર વિવાદ જગાવ્યો છે. હકીકતમાં, એક્ટ્રેસ તાજેતરમાં જ એક્ટર જગપતિ બાબુના ટોક શોમાં આવી હતી. એક્ટરે રશ્મિકાને પૂછ્યું કે શું તેને લાગે છે કે પુરુષોને માસિક ધર્મનો અનુભવ થવો જોઈએ? રશ્મિકાએ જવાબ આપ્યો, 'હા... હું ઈચ્છું છું કે તેઓ ઓછામાં ઓછા એક વખત માસિક ધર્મનો અનુભવ કરે, જેથી તેઓ પીડા અને આઘાત સમજી શકે.' હોર્મોનલ અસંતુલનને કારણે આપણને એવી લાગણીઓનો અનુભવ થાય છે જે આપણે સમજી શકતા નથી. અને તમે પુરુષો પર આ માટે દબાણ કરી શકતા નથી કારણ કે, તમે ગમે તેટલું સમજાવો, તેઓ લાગણી સમજી શકશે નહીં. તેથી, જો પુરુષોને ફક્ત એક જ વાર માસિક ધર્મ આવે છે, તો તેમને સમજવા દો કે માસિક ધર્મનો દુખાવો કેવો હોય છે. પોતાનો અનુભવ શેર કરતાં રશ્મિકાએ કહ્યું, 'મારા માસિક ધર્મ એટલા પીડાદાયક છે કે હું એક વાર બેહોશ પણ થઈ ગઈ છું. મેં ઘણા બધા ટેસ્ટ કરાવ્યા છે અને ડોક્ટરોની સલાહ લીધી છે, પણ કોઈને ખબર નથી કે આવું કેમ થાય છે. દર મહિને, હું વિચારતી રહું છું કે, 'ભગવાન, તું મને આટલો ત્રાસ કેમ આપી રહ્યો છે?'' 'મને લાગે છે કે કોઈ વ્યક્તિ ફક્ત ત્યારે જ સમજી શકે છે જ્યારે તે તેનો અનુભવ કરે. એટલા માટે મને લાગે છે કે પુરુષોને ઓછામાં ઓછું એક વાર માસિક આવવું જોઈએ.' રશ્મિકાના નિવેદન સામે આવ્યા પછી, સોશિયલ મીડિયા યૂઝર્સ વિભાજિત થઈ ગયા. કેટલાક લોકોએ તેમના નિવેદનને સમર્થન આપતા કહ્યું કે તે જાગૃતિ ફેલાવી રહી છે, જ્યારે અન્ય લોકોએ તેમની ટિપ્પણીઓને બિનજરૂરી ગણાવી. જોકે, વિવાદ ફાટી નીકળ્યા પછી, રશ્મિકાએ સોશિયલ મીડિયા પર સ્પષ્ટતા કરતા લખ્યું, 'આ જ કારણ છે કે મને શો કે ઈન્ટરવ્યૂમાં જવામાં ડર લાગે છે.

## શાહરુખના નામે દુબઈમાં બની રહી છે ગગનચુંબી ઈમારત



**મુંબઈ, તા. 15**

શુક્રવારે મુંબઈમાં એક કાર્યક્રમમાં શાહરુખ ખાનના નામ પર દુબઈમાં બનેલી પહેલી પહેલી પ્રોપર્ટી લોન્ચ કરવામાં આવી હતી. તે દુબઈમાં એક ગગનચુંબી ટાવર છે. 56 માળની આ ઈમારતમાં આશરે 450,000 ચોરસ ફૂટ પ્રીમિયમ ઓફિસ સ્પેસ છે. આ કાર્યક્રમ દરમિયાન શાહરૂખ ખાન પોતાની માતાને યાદ કરીને ભાવુક થઈ ગયો. એક્ટરે કહ્યું, 'જો આજે મારી માતા જીવિત હોત, તો તે ખૂબ જ ખુશ થાત. આ મારા માટે ખૂબ જ સન્માનની વાત છે. જ્યારે મારા બાળકો અહીં આવશે, ત્યારે હું તેમને કહીશ કે પપ્પાનું નામ તેના પર લખેલું છે; આ પપ્પાનું મકાન છે.' આ કાર્યક્રમ મનોરંજનથી પણ ભરચક હતો. શાહરુખ ખાને પોતાની અનોખી શૈલીમાં મહેમાનોનું મનોરંજન કર્યું, તેની ફિલ્મો 'ઓમ શાંતિ ઓમ' અને 'ડોન'માંથી પ્રતિષ્ઠિત ક્ષણોને ફરીથી જીવંત બનાવી. આ કાર્યક્રમમાં ફારાહ ખાન પણ હાજર રહી હતી.

### ચાંદી ₹11,092 મોંઘી થઈ; સોનામાં ₹48,632નો અને ચાંદીમાં ₹73,350નો વધારો

# આ અઠવાડિયે સોનું ₹4,694 મોંઘુ થઈને ₹1.25 લાખને પાર

## હંમેશાં બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS)ના હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ સોનું જ ખરીદો


**નવી દિલ્હી, તા. 15**

ત્રણ અઠવાડિયાના સતત ઘટાડા પછી ચોથા અઠવાડિયામાં સોના અને ચાંદીના ભાવમાં તીવ્ર વધારો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર 7 નવેમ્બરના રોજ સોનું 1,20,100 પ્રતિ 10 ગ્રામ હતું, જે 4,694 વધીને 1,24,794 પર પહોંચી ગયું. 17 ઓક્ટોબરના રોજ, સોનું 1,30,874 પ્રતિ 10 ગ્રામ પર પહોંચ્યું, જે તેની સૌથી વધુ કિંમત હતી.

આ અઠવાડિયે ચાંદીમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો. ગયા અઠવાડિયાના છેલ્લા ટ્રેડિંગ દિવસે (7 નવેમ્બર) 1 કિલોગ્રામ ચાંદીનો ભાવ 1,48,275 રૂપિયા હતો, જે આ અઠવાડિયાના છેલ્લા ટ્રેડિંગ દિવસે, 14 નવેમ્બર સુધીમાં 11,092 રૂપિયા વધીને 1,59,367 રૂપિયા પ્રતિ કિલોગ્રામ થયો હતો. અગાઉ, 14 ઓક્ટોબરે, ચાંદી 1,78,100 રૂપિયા પર પહોંચી ગઈ હતી, જે તેની સૌથી વધુ કિંમત હતી. આ વર્ષે અત્યાર સુધીમાં સોનાના ભાવમાં 48,632નો વધારો થયો છે. 31 ડિસેમ્બર, 2024 ના રોજ, 24 કેરેટ સોનાના 10 ગ્રામનો ભાવ 76,162 હતો, જે હવે વધીને 1,24,794 થયો છે. આ સમયગાળા દરમિયાન ચાંદીના ભાવમાં પણ 73,350નો વધારો થયો છે. 31 ડિસેમ્બર, 2024 ના રોજ એક કિલોગ્રામ ચાંદીનો ભાવ 86,017 હતો અને હવે તે 1,59,367 પ્રતિ કિલોગ્રામ છે.

પરિવહન ખર્ચ: સોનું એક ભૌતિક વસ્તુ છે, તેથી તેના પરિવહનમાં ખર્ચ થાય છે. મોટાભાગની આયાત હવાઈ માર્ગે થાય છે. ત્યારબાદ સોનાને આંતરિક ભાગમાં પરિવહન કરવું પડે છે. પરિવહન ખર્ચમાં બળતણ, સુરક્ષા, વાહનો અને સ્ટાફ ફીનો સમાવેશ થાય છે. સોનાની ખરીદીનું પ્રમાણ: શહેર અને રાજ્ય પ્રમાણે સોનાની માગ બદલાય છે. ભારતના કુલ સોનાના વપરાશમાં દક્ષિણ ભારતનો હિસ્સો આશરે 40% છે. અહીં, વેચાણકર્તાઓ જથ્થાબંધ સોનું ખરીદે છે, જેના કારણે કિંમતો ઓછી થાય છે. જોકે, ટાયર-2 શહેરોમાં કિંમતો વધુ હોય છે. સ્થાનિક જ્વેલરી એસોસિએશન: ઉદાહરણ તરીકે તમિલનાડુમાં, સોનાનો દર જ્વેલર્સ અને ડાયમંડ ટ્રેડર્સ એસોસિએશન દ્વારા નક્કી કરવામાં આવે છે. તેવી જ રીતે, દેશભરમાં અન્ય ઘણા સંગઠનો છે જે ભાવ નક્કી કરે છે.

સોનાની ખરીદી કિંમત: વિવિધ શહેરોમાં સોનાના ભાવને અસર કરતું આ સૌથી મોટું પરિબળ છે. જે ઝવેરીઓએ પોતાનો સ્ટોક ઓછી કિંમતે ખરીદ્યો છે તેઓ ઓછા દર વસૂલ કરી શકે છે. ફક્ત પ્રમાણિત સોનું જ ખરીદો: હંમેશા એવું પ્રમાણિત સોનું ખરીદો જે બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) હોલમાર્ક ધરાવતું હોય. આ નંબર આલ્ફાન્યૂમેરિક હોઈ શકે છે, જેમ કે AZ4524. હોલમાર્કિંગ સોનાના કેરેટેજને દર્શાવે છે. કિંમતની ક્રોસ-



# શેખ હસીના પર ચુકાદો આવે તે પહેલાં બાંગ્લાદેશમાં હિંસા

### એક જ દિવસમાં 32 વિસ્ફોટ, ડઝનબંધ બસોમાં આગચંપી; ઢાકામાં 400 અર્ધલશ્કરી દળો તહેનાત

**નવી દિલ્હી, તા. 15**

બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીના વિરુદ્ધ કોર્ટના ચુકાદા પહેલા હિંસા વધી ગઈ છે, જેના વિરોધમાં તેમની અવામી લીગ પાર્ટીએ દેશવ્યાપી લોકડાઉનની માગણી કરી છે. તેના જવાબમાં, બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP) અને બાંગ્લાદેશ જમાત-એ-ઈસ્લામીના કાર્યકરો ગુરુવારે ઢાકાના અનેક વિસ્તારોમાં રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા અને કેટલીક જગ્યાએ સરઘસ પણ કાઢ્યા હતા. અલ-જઝીરાના અહેવાલ મુજબ, બુધવારે 32 બોમ્બ વિસ્ફોટ થયા હતા, જેમાં ડઝનબંધ બસોમાં આગ લાગી હતી. ગુરુવારે રાત્રે ઢાકા એરપોર્ટ નજીક વધુ બે બોમ્બ વિસ્ફોટ થયા હતા, પરંતુ કોઈને ઈજા થઈ ન હતી. રાજધાની ઢાકા અને મુખ્ય શહેરોની શાળાઓ ઓનલાઈન ખસેડવામાં આવી હતી. જાહેર પરિવહન સંપૂર્ણપણે બંધ કરવામાં આવ્યું હતું. રાજધાનીમાં 400 અર્ધલશ્કરી દળો તહેનાત કરવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટ 17



નવેમ્બરે ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીના સામે માનવતા વિરુદ્ધના ગુનાઓના કેસમાં પોતાનો ચુકાદો આપશે, જેમના પર 2024ના વિદ્યાર્થી વિરોધ પ્રદર્શન દરમિયાન હિંસા ભડકાવવાનો આરોપ છે. ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીનાએ ગયા વર્ષના હિંસક વિરોધ પ્રદર્શનો દરમિયાન હત્યા અને માનવતા વિરુદ્ધના ગુનાઓના આરોપોને સ્પષ્ટપણે નકારી કાઢ્યા છે.

# વિશ્વની ડાયાબિટીસ રાજધાની- ભારત, 10.1 કરોડ લોકો પીડિત

### 13.6 કરોડ પ્રારંભિક તબક્કામાં, 20 સ્વાસ્થ્ય નિયમોનું પાલન કરી 20 જ દિવસમાં સુગર લેવલ કંટ્રોલ કરો

**મુંબઈ, તા. 15**

14 નવેમ્બરે, વિશ્વ ડાયાબિટીસ દિવસ હતો. આ દિવસ ડાયાબિટીસ વિશે જાગૃતિ લાવવા માટે ઉજવવામાં આવે છે. ઈન્ટરનેશનલ ડાયાબિટીસ ફેડરેશન (IDF) અનુસાર, 2024માં વિશ્વભરમાં આશરે 58.9 કરોડ લોકો ડાયાબિટીસથી પીડિત છે. એવો અંદાજ છે કે 2050 સુધીમાં આ સંખ્યા વધીને 85.3 કરોડ સુધી પહોંચી શકે છે.

IDF ના 'ડાયાબિટીસ એટલાસ 2025' રિપોર્ટ મુજબ, વિશ્વની વસ્તીના 11.1%, અથવા 9માંથી 1 વ્યક્તિ, ડાયાબિટીસથી પીડાય છે. આમાંથી 40%થી વધુ લોકો તેમની સ્થિતિથી અજાણ છે.

ભારતમાં ડાયાબિટીસ એક મહામારી બની રહ્યો છે. ભારતને 'વિશ્વની ડાયાબિટીસ રાજધાની' તરીકે ઓળખવામાં આવે છે કારણ કે અહીં વિશ્વમાં ડાયાબિટીસના દર્દીઓની સંખ્યા સૌથી વધુ છે. ગ્લોબલ હેલ્થ જર્નલ 'ધ લેન્સેટ' માં પ્રકાશિત 2023ના અહેવાલ મુજબ, ભારતમાં 10.1 કરોડ લોકો ડાયાબિટીસથી પીડાય છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) ના એક સર્વે મુજબ, દેશમાં 13.6 કરોડ લોકો (કુલ વસ્તીના 15.3%) પ્રી-ડાયાબિટીસના રોગથી પીડાય છે. આનો અર્થ એ થયો કે તેઓ ડાયાબિટીસના પ્રારંભિક લક્ષણો બતાવી રહ્યા છે. જો આ વ્યક્તિઓ તાત્કાલિક પગલાં નહીં લે, તો તેમાંથી 60% લોકો આગામી પાંચ વર્ષમાં ડાયાબિટીસના દર્દી બની જશે. જોકે, પ્રી-ડાયાબિટીસના રોગનું નિદાન વહેલા થાય, તો માત્ર 20 દિવસના યોગ્ય પ્રયાસથી તેને ઉલટાવી શકાય છે.

તો, આજે કામના સમાચારમાં, આપણે પ્રી-ડાયાબિટીસ વિશે



વિગતવાર ચર્ચા કરીશું. આપણે આ વિશે પણ શીખીશું: પ્રી-ડાયાબિટીસ અને ડાયાબિટીસ વચ્ચે શું તફાવત છે? પ્રી-ડાયાબિટીસની સ્થિતિને કેવી રીતે ઉલટાવી શકાય? નિષ્ણાત: ડૉ. અભિનવ કુમાર ગુપ્તા, સિનિયર કન્સલ્ટન્ટ, એન્ડોક્રિનોલોજી એન્ડ ડાયાબિટીસ, નારાયણા હૉસ્પિટલ, જયપુર પ્રશ્ન: પ્રી-ડાયાબિટીસ એટલે શું? જવાબ: પ્રી-ડાયાબિટીસ એ એવી સ્થિતિ છે જેમાં બ્લડ સુગરનું લેવલ સામાન્ય કરતા વધારે હોય છે પરંતુ ડાયાબિટીસ કરતા ઓછું હોય છે. આને ટાઈપ 2 ડાયાબિટીસનો પ્રારંભિક તબક્કો ગણી શકાય.

આ સ્થિતિમાં, સ્વાદુપિંડ ઈન્સ્યુલિન ઉત્પન્ન કરે છે, પરંતુ શરીરના કોષો આ ઈન્સ્યુલિન પ્રત્યે યોગ્ય રીતે પ્રતિક્રિયા આપતા નથી. આને ઈન્સ્યુલિન પ્રતિકાર કહેવામાં આવે છે. આના કારણે ગ્લુકોઝ કોષોમાં પ્રવેશવાને બદલે લોહીના પ્રવાહમાં રહે છે, જેના કારણે લોહીમાં શર્કરાનું લેવલ વધે છે.

# ભારતના પાંચ પડોશી દેશો ચીનથી નોટો છપાવી રહ્યા છે, નેપાળે 43 કરોડ નોટ છાપવા માટે ટેન્ડર આપ્યું

**નવી દિલ્હી, તા. 15**

ભારતના મોટાભાગના પડોશીઓની જેમ, નેપાળ હવે તેના ચલણ છાપકામ માટે ચીન તરફ વળ્યું છે. નેપાળ રાષ્ટ્ર બેંક (NRB) એ 7-8 નવેમ્બરના રોજ 43 કરોડ 1,000 રૂપિયાની નોટો છાપવા માટે ટેન્ડર બહાર પાડ્યું હતું. આ ટેન્ડર ચીનની એક કંપનીએ મેળવ્યું છે. ત્યારબાદ નેપાળી બેંકે ચીન CBPMC ને ટેન્ડર આપ્યું. 1945 થી 1955 સુધી, બધા નેપાળી નોટ નાસિકમાં ભારતના સુરક્ષા પ્રેસમાં છાપવામાં આવતા હતા, અને તે પછી પણ, ભારત પ્રાથમિક ભાગીદાર બની રહ્યું. જોકે, 2015માં, નેપાળ રાષ્ટ્ર બેંક (NRB) એ વૈશ્વિક ટેન્ડર દ્વારા ચાઈના બેંક નોટ પ્રિન્ટિંગ એન્ડ મિન્ટિંગ કોર્પોરેશન (CBPMC) ને કોન્ટ્રાક્ટ આપ્યો, ત્યારબાદ મોટાભાગની નેપાળી નોટો ચીનમાં છાપવાનું શરૂ થયું. નેપાળ ઉપરાંત, શ્રીલંકા, મલેશિયા, બાંગ્લાદેશ અને થાઈલેન્ડ પણ ચીનમાં તેમના ચલણો છપાવે છે. હાલના વર્ષોમાં, ચીન એશિયન ચલણો માટેનું એક મુખ્ય કેન્દ્ર બની ગયું છે. આનાથી યુએસ અને યુકેના ચલણ છાપકામ બજારો પર નકારાત્મક



અસર પડી રહી છે. બાંગ્લાદેશ 2010થી અને શ્રીલંકામાં 2015થી ચીનમાં ચલણ છપાવી રહ્યું છે બાંગ્લાદેશનું ટકા ચલણ 2010થી ચીનમાં છાપવામાં આવી રહ્યું છે, જ્યાં તેની ઓછી કિંમત અને અદ્યતન સુરક્ષા સુવિધાઓએ તેને પ્રોત્સાહન આપ્યું છે. શ્રીલંકાનો રૂપિયો 2015થી મુખ્યત્વે ચીન પર નિર્ભર છે. અફઘાનિસ્તાને પણ 2000ના દાયકાથી તેના અફઘાની ચલણ માટે ચીનને પસંદ કર્યું છે. થાઈલેન્ડ અને મલેશિયા પણ ચીનમાં સસ્તા પ્રિન્ટિંગનો લાભ લઈ રહ્યા છે સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટના એક અહેવાલ મુજબ, ભારતના પડોશી દેશો, થાઈલેન્ડ અને મલેશિયામાં પણ ચીનમાં ચલણી નોટ છાપવાની સુવિધા છે. થાઈલેન્ડ 2018થી ચલણી નોટ છાપી રહ્યું છે. 2010થી મલેશિયાનું રિંગિટ પણ ચીનમાં શિફ્ટ થયું, જ્યાં પોલિમર આધારિત નોટ છાપવાથી નકલી નોટ છાપવામાં 50% ઘટાડો થયો. મની કંટ્રોલના 2025ના અહેવાલ મુજબ, તેઓ ચીનના બેલ્ટ એન્ડ રોડ ઈનિશિયેટિવ (BRI) હેઠળ આર્થિક લાભ માટે ચીન તરફ વળ્યા, જ્યારે ભારતની સિક્યોરિટી પ્રિન્ટિંગ અને મિન્ટિંગ કોર્પોરેશનથી પોતાને દૂર રાખ્યા. જોકે, ભૂટાન ભારત પર નિર્ભર રહે છે. તેનું ચલણ નાસિક પ્રેસમાં છાપવામાં આવે છે. જોકે, હાલની ચર્ચાઓમાં, ભૂટાને ચીન સાથે સહયોગની શક્યતા પણ વ્યક્ત કરી છે. પાકિસ્તાન પોતાના પ્રેસમાં ચલણ છાપે છે આ દરમિયાન, પાકિસ્તાન સ્થાનિક પ્રેસમાં તેનું ચલણ છાપે છે, પરંતુ કેટલાક અહેવાલોમાં ચીન સાથે સહયોગનો ઉલ્લેખ છે. ઈકોનોમિક ટાઈમ્સ (2018) અનુસાર, પાકિસ્તાનને ક્યારેક ક્યારેક ચાઈના બેંકનોટ પ્રિન્ટિંગ અને મિન્ટિંગ કોર્પોરેશન (CBPMC) તરફથી ટેક્નિકલ સહાય મળી છે. જોકે, સંપૂર્ણ આઉટસોર્સિંગની પુષ્ટિ થઈ નથી.

# ભારત G-20માં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર રહ્યું છે

## મૂડીઝે 2027 સુધીમાં અર્થતંત્રમાં 6.5% વૃદ્ધિની આગાહી કરી; યુએસ ટેરિફની કોઈ અસર થશે નહીં

**નવી દિલ્હી, તા. 15**

મૂડીઝ રેટિંગ્સે અનુમાન લગાવ્યું છે કે આગામી બે વર્ષ સુધી ભારત G-20 દેશોમાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર રહેશે. મૂડીઝ અનુસાર, 2027 સુધીમાં ભારતનો GDP વૃદ્ધિ દર સરેરાશ 6.5% રહેવાનો અંદાજ છે.

રિપોર્ટ અનુસાર, અમેરિકાના ઊંચા ટેરિફ અને વૈશ્વિક અનિશ્ચિતતાઓ છતાં ભારતનું અર્થતંત્ર મજબૂત રહેશે.

અમેરિકન ટેરિફથી ભારતીય અર્થતંત્ર પર કોઈ અસર નહીં પડે 50% યુએસ ટેરિફ હોવા છતાં, ભારતીય નિકાસકારોએ સફળતાપૂર્વક નવા બજારો શોધી કાઢ્યા છે. સપ્ટેમ્બરમાં ભારતની કુલ નિકાસ 6.75% વધી હતી, જ્યારે યુએસમાં નિકાસ 11.9% ઘટી હતી.

મૂડીઝે તેના 'ગ્લોબલ મેક્રો આઉટલુક 2026-27' રિપોર્ટમાં જણાવ્યું હતું કે ભારતના વિકાસને મજબૂત માળખાગત રોકાણ, સ્થાનિક ગ્રાહક માગ અને નિકાસ વૈવિધ્યકરણ દ્વારા ટેકો મળશે. આ પરિબળો આર્થિક ગતિને મજબૂત રાખશે.

G-20 ગ્રૂપ શું છે? G-20, અથવા ગ્રૂપ ઓફ ટ્વેન્ટી, વિશ્વની 20 સૌથી મોટી અર્થવ્યવસ્થાઓનો એક અનૌપચારિક ગ્રૂપ છે, જેની રચના વૈશ્વિક આર્થિક મુદ્દાઓ પર ચર્ચા કરવા અને ઉકેલો શોધવા માટે કરવામાં આવી છે.

તેની રચના 1999માં નાણાકીય સ્થિરતા મંચ તરીકે કરવામાં આવી હતી, પરંતુ 2008ના વૈશ્વિક નાણાકીય કટોકટી પછી, 2009થી તેનું નામ બદલીને G-20 સમિટ રાખવામાં આવ્યું જેથી મુખ્ય દેશો ફુગાવા, વેપાર, આબોહવા પરિવર્તન અને વિકાસ જેવા મુદ્દાઓ પર સહયોગ કરી શકે અને વૈશ્વિક અર્થતંત્રને સ્થિર કરી શકે.

તેમાં 19 દેશોનો સમાવેશ થાય છે: આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, કેનેડા, ચીન, ફ્રાન્સ, જર્મની, ભારત, ઈન્ડોનેશિયા, ઈટાલી, જાપાન, મેક્સિકો, રશિયા, સાઉદી અરેબિયા, દક્ષિણ આફ્રિકા, દક્ષિણ કોરિયા, તુર્કી, યુનાઈટેડ કિંગડમ અને યુનાઈટેડ સ્ટેટ્સ. યુરોપિયન યુનિયન (EU) પણ એક સભ્ય છે, તેમાં 19 દેશોનો સમાવેશ થાય છે: આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, કેનેડા, ચીન, ફ્રાન્સ, જર્મની, ભારત, ઈન્ડોનેશિયા, ઈટાલી, જાપાન, મેક્સિકો, રશિયા, સાઉદી અરેબિયા, દક્ષિણ આફ્રિકા, દક્ષિણ કોરિયા, તુર્કી, યુનાઈટેડ કિંગડમ અને યુનાઈટેડ સ્ટેટ્સ. યુરોપિયન યુનિયન (EU) પણ એક સભ્ય છે, અને તેઓ મળીને વિશ્વના GDPના 85% અને વૈશ્વિક વેપારના 75% ભાગને આવરી લે છે. GDP શું છે? GDP નો ઉપયોગ અર્થતંત્રના સ્વાસ્થ્યને ટ્રેક કરવા માટે થાય છે. તે ચોક્કસ સમયગાળા દરમિયાન દેશમાં ઉત્પાદિત તમામ માલ અને સેવાઓના મૂલ્યને પ્રતિબિંબિત કરે છે. તેમાં દેશની સરહદોની અંદર કાર્યરત વિદેશી કંપનીઓ દ્વારા ઉત્પાદનનો પણ સમાવેશ થાય છે. GDP શું છે? GDP નો ઉપયોગ અર્થતંત્રના સ્વાસ્થ્યને ટ્રેક કરવા માટે થાય છે. તે ચોક્કસ સમયગાળા દરમિયાન દેશમાં ઉત્પાદિત તમામ માલ અને સેવાઓના મૂલ્યને પ્રતિબિંબિત કરે છે. તેમાં દેશની સરહદોની અંદર કાર્યરત વિદેશી કંપનીઓ દ્વારા ઉત્પાદનનો પણ સમાવેશ થાય છે.





## પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન

નં. ડબલ્યુ/૧૧૮/એન.આઈ.ટી./ઈ-ટેન્ડર/૨૦૨૫-૨૬/ડબલ્યુએ/૩૮ તારીખ : ૧૪.૧૧.૨૦૨૫

**વિવિધ એન્જીનિયરીંગ કામ**

| ક્રમ નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર મૂલ્ય (₹) | ઈએમડી (₹) |
|---|---|---|---|---|
| ૦૧ | ૨૧૧-૨૦૨૫-૨૬ | ભાવનગર ડિવિઝન :- સિનિ. DEN (C) અધિકારક્ષેત્ર હેઠળ માળખાકીય ખામીઓ દૂર કરવા દ્વારા પોઈન્ટ્સ અને ક્રોસિંગ્સનું ધોરણસ્થાપન કરવાનું કામ. | ૨૦,૮૦,૦૨૦.૬૪ | ૪૧,૬૦૦.૦૦ |
| ૦૨ | ૨૧૨-૨૦૨૫-૨૬ | રાજકોટ-જેતલસર સેક્શન - રીબડા અને વીરપુર સ્ટેશન ખાતે ટ્રેક મશીન સાઈડીંગ માટે સાઈડીંગ સુવિધાઓની રચના કરવાના મંજૂર થયેલા કામની સામે સહાયક સિવિલ અને આનુષંગિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર કામ. | ૩,૭૫,૦૯,૫૫૭.૮૦ | ૩,૩૭,૬૦૦.૦૦ |
| ૦૩ | ૨૧૩-૨૦૨૫-૨૬ | રાજકોટ-જેતલસર સેક્શન - ટ્રેકની સાથે CRO કિ.મી. : ૪૪/૪ થી ૪૭/૪ (૬૦૦૦RM) રોકવા W-બીમ સ્ટીલ બેરીયર સંસ્થાપિત કરવા દ્વારા સુરક્ષા ફેન્સીંગની જોગવાઈ કરવાનું કામ. | ૨,૨૫,૧૯,૬૧૭.૩૬ | ૨,૬૨,૬૦૦.૦૦ |
| ૦૪ | ૨૧૪-૨૦૨૫-૨૬ | ADEN બોટાદ અધિકારક્ષેત્રનું સંતુલન કામ :- SSE/P-Way/વઢવાણ શહેરના અધિકારક્ષેત્ર હેઠળ બે વર્ષો માટે PRCL સેક્શનમાં વિવિધ P-Way જાળવણી કામ અમલમાં મુકવાનું કામ. | ૧,૪૯,૪૪,૯૮૧.૭૪ | ૨,૨૪,૭૦૦.૦૦ |
| ૦૫ | ૨૧૫-૨૦૨૫-૨૬ | DEN (પૂર્વ) BVP અધિકારક્ષેત્ર :- ભાવનગર ડિવિઝન:-ટ્રેક માઉન્ટેડ ઓટોમેટિક ગેજ ફેસ લુબ્રિકેટર્સની જોગવાઈના મંજૂર થયેલા કામની સામે ટ્રેક માઉન્ટેડ ઓટોમેટિક ગેજ ફેસ લુબ્રિકેટર્સ (૭૪ નંગ ક્વર્સ) ની જોગવાઈ કરવાનું કામ. | ૭,૧૩,૨૨,૭૩૯.૨૦ | ૫,૦૬,૬૦૦.૦૦ |
| ૦૬ | ૨૧૬-૨૦૨૫-૨૬ | સુરેન્દ્રનગર-ઢસા - ૦૬ સ્ટેશનો ખાતે ટ્રેક મશીન સાઈડીંગ. | ૨૦,૩૬,૫૯,૧૧૪.૮૯ | ૧૧,૬૮,૩૦૦.૦૦ |
| ૦૭ | ૨૧૭-૨૦૨૫-૨૬ | રાજકોટ-જેતલસર સેક્શન - રીબડા અને વીરપુર સ્ટેશન ખાતે ટ્રેક મશીન સાઈડીંગ માટે સાઈડીંગ સુવિધાઓની રચનાના સંબંધમાં ટ્રેક કામ. | ૧,૫૦,૭૪,૯૭૦.૮૬ | ૨,૨૫,૪૦૦.૦૦ |

**ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે :- બિડિંગ પ્રારંભ થવાની તારીખ :** ૨૪-૧૧-૨૦૨૫ **અને બિડિંગ બંધ થવાની તારીખ:** ૦૮-૧૨-૨૦૨૫

**વેબસાઈટ વિગત:** www.ireps.gov.in

BVP-192

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly


# ઈફકોના અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણીએ આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી શ્રી એન. ચંદ્રાબાબુ નાયડુ સાથે શુભેચ્છા મુલાકાત કરી



1. ઈફકો કિસાન SEZ પ્રોજેક્ટ રાજ્યના ઔદ્યોગિક વિકાસ માટે મહત્વપૂર્ણ છે : મુખ્યમંત્રી શ્રી ચંદ્રાબાબુ નાયડુ
2. ઈફકો કિસાન SEZના વિકાસ અંગે વ્યાપક અને ઊંડાણપૂર્વકની ચર્ચા થઈ : દિલીપ સંઘાણી
3. મુખ્યમંત્રીશ્રીના સકારાત્મક અભિગમ અને ત્વરિત સહકાર બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત : દિલીપ સંઘાણી

**નવી દિલ્હી, તા. 15**

ઈફકોના અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણીએ આજે આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી શ્રી એન. ચંદ્રાબાબુ નાયડુ સાથે મુલાકાત કરી અને ઈફકો કિસાન SEZના વિકાસ કાર્યોને આગળ ધપાવવા અંગે અત્યંત સારગર્ભિત અને સકારાત્મક ચર્ચા કરી. મુખ્યમંત્રીએ શ્રી દિલીપ સંઘાણીનું સ્વાગત કરી સૌજન્ય વ્યક્ત કર્યું. બેઠક દરમિયાન પ્રોજેક્ટની વર્તમાન પ્રગતિ, ભવિષ્યની સંભાવનાઓ અને રાજ્ય સરકાર તરફથી વધારાના સહકારને વધુ મજબૂત બનાવવાના મુદ્દાઓ પર ચર્ચા કરી. મુખ્યમંત્રી શ્રી ચંદ્રાબાબુ નાયડુએ ઈફકો કિસાન SEZ પ્રોજેક્ટ રાજ્યના ઔદ્યોગિક વિકાસ માટે ખૂબ જ મહત્વપૂર્ણ હોવાનું જણાવ્યું અને સંબંધિત અધિકારીઓને પ્રોજેક્ટ માટે જરૂરી તમામ સહકાર અને કાર્યવાહી તાત્કાલિક આપવાના નિર્દેશો આપ્યા.

શ્રી દિલીપ સંઘાણીએ મુખ્યમંત્રીશ્રીના સકારાત્મક અભિગમ તથા તાત્કાલિક સહકાર બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરતાં જણાવ્યું કે રાજ્ય સરકારના આ સમર્થનથી પ્રોજેક્ટને નવી ગતિ મળશે તથા ક્ષેત્રના ઔદ્યોગિક અને આર્થિક વિકાસને મજબૂત આધાર મળશે. બેઠકમાં આંધ્ર પ્રદેશના ઉદ્યોગ મંત્રી શ્રી ટી.જી. ભારત, ઉદ્યોગ વિભાગના સચિવ ડૉ. એન. યુવરાજા (IAS), ઈફકાના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.જે. પટેલ, સંયુક્ત મેનેજિંગ ડિરેક્ટર શ્રી રાકેશ કપૂર, ઈફકો કિસાન SEZના મેનેજિંગ ડિરેક્ટર શ્રી ટી. સુધાકર અને નેલ્લોરના કલેક્શનર શ્રી હિમાંશુ શુક્લા (IAS) ઉપસ્થિત રહ્યા.

7 ફેબ્રુઆરીએ અંતિમ યાદી જાહેર થશે, મતદાર યાદીમાં નામ યથાવત્ રાખવા માટે SIRની પ્રોસેસ ફરજિયાત

# શહેરમાં 1 ડિસેમ્બર સુધી ઘર-ઘર જઈને BLO મતદારોને ફોર્મ આપશે

- 1 ડિસેમ્બર સુધીમાં કુલ 5524 જેટલા BLO ઘર-ઘર જઈને મતદારોને યુનિક ફોર્મ આપશે.
- 2002ની યાદીમાં નામ હશે તો પ્રાથમિક રીતે તે યથાવત્ રહેશે,
- મતદાન મથકો ખાતે 15, 16 અને 22, 23 નવેમ્બરના રોજ સવારે 9 થી 1 વાગ્યા સુધી વિશેષ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.



તસ્વીર પ્રતિકાત્મક છે

અમદાવાદ, તા.15

અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા SIRની કામગીરી પ્રગતિમાં છે, ત્યારે શહેર-જિલ્લાના વિવિધ વિસ્તારોમાં રિડેવલપમેન્ટ, ડિમોલિશન અથવા અન્ય કોઈ કારણસર સ્થળાંતર કરનારા તેમજ એ સિવાયના તમામ મતદારો માટે જિલ્લાના તમામ 5524 મતદાન મથકો ખાતે 15, 16 અને 22, 23 નવેમ્બરના રોજ સવારે 9 થી 1 વાગ્યા સુધી વિશેષ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે આજે અમદાવાદના અલગ અલગ વિસ્તારમાં BLO પોતાની કામગીરી કરવા પહોંચ્યા હતા. ત્યારે SIRની પ્રક્રિયા અંગે જિલ્લા કલેકટર સુજિત કુમારે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે 1 ડિસેમ્બર સુધીમાં કુલ 5524 જેટલા BLO ઘર-ઘર જઈને મતદારોને યુનિક ફોર્મ આપશે. દરેક ફોર્મમાં મતદારોની પ્રાથમિક માહિતી પહેલેથી જ લખેલી હશે, જ્યારે બાકી વિગતો મતદારોને જાતે જ પૂરી પાડવાની રહેશે. આ પ્રક્રિયામાં મતદારોને કોઈપણ પ્રકારના પુરાવાની જરૂર નહીં પડે. BLO ને સંબંધીત કામગીરી માટે સંપૂર્ણ તાલીમ આપવામાં આવી છે અને જરૂરી હોય તો મતદારો ફોર્મ નંબર 6, 7 અને 8 પણ મેળવી શકશે. 2002ની મતદાર યાદી સર્ચ કરવાનું સરળ બને તે માટે નવી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે, જેમાં માત્ર ત્રણ શબ્દો દાખલ કરતાં જ માહિતી મળી શકશે. જોકે, BLOને 2002ની સંપૂર્ણ યાદી આપવામાં નહીં આવે, પરંતુ તેમના વિસ્તારમાંની યાદી જ આપવામાં આવી છે. 2002ની યાદીમાં નામ હશે તો પ્રાથમિક રીતે તે યથાવત્ રહેશે, પરંતુ બાદમાં તેવા લોકો પાસેથી સત્તાવાર ફોર્મ

### મતદાર યાદીમાં નામ યથાવત્ રાખવા માટે ફોર્મ ભરવું ફરજિયાત

મતદાર યાદીમાં નામ યથાવત્ રાખવા માટે ફોર્મ ભરવું ફરજિયાત ગણવામાં આવ્યું છે. જો કોઈ મતદાર ફોર્મ સબમિટ નહીં કરે તો બાદમાં નિયમ મુજબના 12 પુરાવામાંથી કોઈપણ પુરાવો આપવો ફરજિયાત બની જશે.

### 7 ફેબ્રુઆરીએ અંતિમ મતદાર યાદી જાહેર થશે

આ સમગ્ર અભિયાન 4 નવેમ્બરથી 4 ડિસેમ્બર સુધી ચાલુ રહેશે. ત્યારબાદ 4 થી 9 ડિસેમ્બર દરમિયાન ડ્રાફ્ટ રોલની પ્રક્રિયા હાથ ધરાશે. 9 ડિસેમ્બરથી 8 જાન્યુઆરી સુધી વિવિધ ફોર્મ સ્વીકારવાની કામગીરી ચાલશે, જ્યારે 9 ડિસેમ્બરથી 31 જાન્યુઆરી સુધી નોટિસનો તબક્કો રહેશે.

**1 ડિસેમ્બર સુધીમાં BLO ઘરે-ઘરે જઈને મતદારોને યુનિક ફોર્મ આપશે** આજે અમદાવાદના અલગ અલગ વિસ્તારમાં BLO પોતાની કામગીરી કરવા પહોંચ્યા હતા. ત્યારે SIRની પ્રક્રિયા અંગે જિલ્લા કલેકટર સુજિત કુમારે માહિતી આપી હતી.

# વ્યાજખોરનો ત્રાસ, 3.57 લાખની સામે 10.96 લાખ વ્યાજ સહિત ચૂકવ્યા

## મણીનગરમાંથી બાઇક લઈ જઈને વધુ પૈસાની માગણી કરનાર સામે ફરિયાદ નોંધાઈ

અમદાવાદ, તા.15

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં વ્યાજખોરના આતંકની ફરિયાદ નોંધાઈ છે. મણીનગરમાં રહેતા પરિવારે પરિચિત વ્યક્તિ પાસેથી 3.57 લાખ રૂપિયા વ્યાજે લીધા હતા. જેની સામે 10.96 લાખ થઈ ચૂકવી દીધા છતાં વ્યાજખોર દ્વારા ઘરમાંથી બળજબરીથી બાઈક લઈ જઈને લેવામાં આવ્યું હતું.




ધાકધમકી આપીને વધુ નાણાંની માગણી કરવામાં આવતી હતી. પરિવાર એટલા હદે કંટાળી ગયો હતો કે ઘરમાં હોય ત્યારે ઘરની બહાર લોક મારીને ઘરમાં રહેતા હતા.આ અંગે ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે. મળતી વિગત અનુસાર, મણિનગરમાં રહેતા પિનાકીન માસ્ટર સિવિલ હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવે છે. 10 વર્ષ અગાઉ તેમના પતિ ડેનિયલ માસ્ટરનો વ્યાજનો ધંધો કરતા કિશોર થદાની સાથે સંપર્ક થયો હતો. 10 વર્ષ પહેલાં તેમના પતિએ કિશોર પાસેથી 10,000 વ્યાજ લીધા હતા જે સમયસર ચૂકવી દીધા હતા. ત્યારબાદ જેમ જેમ પૈસાની જરૂર પડતી તેમ ડેનિયલભાઈ કિશોર પાસેથી વ્યાજે પૈસા લેતા હતા. 3 નવેમ્બર 2022થી 5 સપ્ટેમ્બર 2024 સુધીમાં કિશોર પાસેથી તેમણે 3.57 લાખ રૂપિયા લીધા હતાં. જેમાં 10% વ્યાજ આપવાનું હતું. ડેનિયલ ભાઈએ અને તેમના પત્નીએ ટુકડે ટુકડે 3.57 લાખ રૂપિયાની સામે 10.96 લાખ ચૂકવી દીધા હતા. કિશોરે ડેનિયલ ભાઈના દીકરાની બાઈક પણ બળજબરીપૂર્વક લઈ લીધું હતું. કિશોરે ધમકી આપી હતી કે તમે રૂપિયા નહીં આપો તો બાઈક અને તમારું મકાન વેચાવડાવી મારા રૂપિયા વસૂલ કરીશ. કિશોર સતત ઊઘરાણી કરતો હતો. જેના કારણે પરિવાર જ્યારે ઘરમાં હોય ત્યારે બહાર તાળું મારીને ઘરમાં રહેતા હતા. વ્યાજખોરના ત્રણથી કંટાળીને ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવતા કિશોર થદાની વિરુદ્ધ ગુનો નોધી તપાસ શરૂ કરી છે. સુધીમાં કિશોર પાસેથી તેમણે 3.57 લાખ રૂપિયા લીધા હતાં. જેમાં 10% વ્યાજ આપવાનું હતું. ડેનિયલ ભાઈએ અને તેમના પત્નીએ ટુકડે ટુકડે 3.57 લાખ રૂપિયાની સામે 10.96 લાખ ચૂકવી દીધા હતા. કિશોરે ડેનિયલ ભાઈના દીકરાની બાઈક પણ બળજબરીપૂર્વક લઈ લીધું હતું. કિશોરે ધમકી આપી હતી કે તમે રૂપિયા નહીં આપો તો બાઈક અને તમારું મકાન વેચાવડાવી મારા રૂપિયા વસૂલ કરીશ. કિશોર સતત ઊઘરાણી કરતો હતો. જેના કારણે પરિવાર જ્યારે ઘરમાં હોય ત્યારે બહાર તાળું મારીને ઘરમાં રહેતા હતા. વ્યાજખોરના ત્રણથી કંટાળીને ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવતા કિશોર થદાની વિરુદ્ધ ગુનો નોધી તપાસ શરૂ કરી છે.

# બે મિત્રએ યુવતી સાથે દુષ્કર્મ આચર્યું

## એકે લગ્નની લાલચ આપીને સંબંધ બાધ્યો તો બીજાએ ફોટોગ્રાફ્સ વાઈરલ કરવાની ધમકી આપી બળજબરી કરી

અમદાવાદ, તા.15

શહેરના દાણીલીમડા વિસ્તારમાં રહેતી એક યુવતીને લગ્નની લાલચ આપીને યુવકે દુષ્કર્મ આચર્યું હોવાની ઘટના સામે આવી છે. આટલેથી નહીં અટકતા યુવકના મિત્રએ પણ યુવતીને બ્લેકમેઈલ કરીને દુષ્કર્મ કરતો હતો. બે મિત્રો સતત યુવતી પીંખતા અંતે પોતાના પરિવારને જાણ કરી હતી. પરિવારે યુવતીને હિંમત આપતા અંતે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. દાણીલીમડા વિસ્તારમાં રહેતી 24 વર્ષિય યુવતીએ દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં એઝાજ (રહે. દાણીલીમડા) અને આરજુ ઉર્ફે વસિમ વિરૂદ્ધ દુષ્કર્મ ફરિયાદ કરી છે. યુવતી સંયુક્ત પરિવારમાં રહે છે અને ઘરેથી કપડામાં ટીકી સ્ટોન લગાવવાનું કામ કરે છે. યુવતીના ઘરે કપડાના ટીકી સ્ટોનનું કામ આપવા માટે અનવર નામનો યુવક આવે છે. અનવર ઘણા સમયથી આવતો હોવાથી તે યુવતીના પરિવારને સારી રીતે ઓળખે છે. અનવર જ્યારે પણ ઘરે આવે ત્યારે તે યુવતીની દાદીને તેના લગ્નની વાત કરતો હતો. યુવતી માટે લગ્નની વાત હોવાથી તેની દાદીએ ઘરમાં મુલાકાત ગોઠવવાનું નક્કી કર્યુ હતું. અનવર તેમના પરિચિત દિલશાન અને અજાજને આવ્યો હતો.

# મૂળ ગુજરાત હાઈકોર્ટના જજીસ સુપ્રીમ કોર્ટમાં જજ બન્યા

ગુજરાત, તા.15

ગુજરાત બાર કાઉન્સિલ એસોસિએશન દ્વારા આજે મૂળ ગુજરાતના અને ગુજરાત હાઈકોર્ટથી સુપ્રીમ કોર્ટમાં એલિવેટ થયેલા જજ નિલય અંજારિયા અને વિપુલ પંચોલીનો સન્માન સમારોહ હાઈકોર્ટ ઓડિટોરિયમ ખાતે યોજાયો હતો. જેમાં ગુજરાત હાઈકોર્ટના ચીફ જજ સુનિતા અગરવાલ, સોલિસિટર જનરલ તુષાર મહેતા, એડિશનલ સોલિસિટર જનરલ એસ.વી.રાજુ, બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના ચેરમેન મનન મિશ્રા, એડવોકેટ જનરલ કમલ ત્રિવેદી અને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે.જે.પટેલ ઉપસ્થિત




રહ્યા હતા. જજ એન.વી. અંજારિયા 21 નવેમ્બર, 2011 થી ગુજરાત હાઈકોર્ટમાં જજ તરીકે કાર્યરત રહ્યા હતા. તેઓ કર્ણાટક હાઈકોર્ટના ચીફ બન્યા હતા. આમ તેમની પાસે 12 વર્ષથી વધુ સમય હાઈકોર્ટના જજ તરીકેનો અનુભવ છે. તેઓ સિવિલ, કંપની, લેબર અને બંધારણીય કેસોના નિષ્ણાંત છે. સુપ્રીમ કોર્ટની કોલેજીયમ જજની સિનિયોરીટી અને મેરીટસના આધારે તેમની ભલામણ કરવામાં આવી હતી. તેઓએ હાજર વકીલોને કહ્યું હતું કે, હવે કોર્ટ રૂમ હ્યુમર ગાયબ થયું છે. વળી જજીસ બોલતા ના હોય તેવું સોશિયલ મીડિયામાં ચાલે છે. આઈડીઓલોજીનો આગ્રહ રાખતા નહીં પણ પ્રેફરન્સ આપજો, રાષ્ટ્રીયતાને આઈઆડીઓલોજી બનાવજો. ઉલ્લેખનિય છે કે, સુપ્રીમના જજ નિલય અંજારિયા અને વિપુલ પંચોલી, સોલિસિટર જનરલ તુષાર મહેતા અને એડિશનલ સોલિસિટર જનરલ એસ.વી.રાજુ અને એડવોકેટ જનરલ કમલ ત્રિવેદી અમદાવાદની એલ.એ.શાહ કોલેજમાં ભણેલા છે. સુપ્રીમના જજ વિપુલ પંચોલીને ગુજરાત હાઈકોર્ટથી પટના હાઈકોર્ટ ટ્રાન્સફર કરાયા હતા. બાદમાં તેઓ ત્યાં ચીફ જસ્ટિસ બન્યા હતા. તેમના પિતા એલ.એ.શાહ લો કોલેજમાં પ્રિન્સિપાલ હતા. તેઓ પોતે સાયન્સના વિધાર્થી રહી ચૂક્યા છે. તેમણે જણાવ્યું હતું કે, અમદાવાદ મેટ્રો કોર્ટ, ગ્રામ્ય કોર્ટ અને હાઈકોર્ટમાં તેઓ વકીલ તરીકે ફરતા, તેમને કહ્યું હતું કે જીવનમાં સફળ થવા મહેનત અને નસીબ બંને જરૂરી છે. સુપ્રીમના જજ વિપુલ પંચોલીને ગુજરાત હાઈકોર્ટથી પટના હાઈકોર્ટ ટ્રાન્સફર કરાયા હતા. બાદમાં તેઓ ત્યાં ચીફ જસ્ટિસ બન્યા હતા. તેમના પિતા એલ.એ.શાહ લો કોલેજમાં પ્રિન્સિપાલ હતા. તેઓ પોતે સાયન્સના વિધાર્થી રહી ચૂક્યા છે. તેમણે જણાવ્યું હતું કે, અમદાવાદ મેટ્રો કોર્ટ, ગ્રામ્ય કોર્ટ અને હાઈકોર્ટમાં તેઓ વકીલ તરીકે ફરતા, તેમને કહ્યું હતું કે જીવનમાં સફળ થવા મહેનત અને નસીબ બંને જરૂરી છે.

# 9 વર્ષના બાળકના કબજા માટે થયેલી હેબિયસ કોર્પસ અરજીનો મામલો, બાળકનો કબજો માતાને સોંપાશે

અમદાવાદ, તા.15

ગુજરાત હાઈકોર્ટમાં અમદાવાદથી એક મહિલાએ પોતાના 9 વર્ષના બાળકને મેળવવા હેબિયસ કૉર્પસ અરજી કરી હતી. જે બાળક મહારાષ્ટ્રના સાંગલીમાં પોતાના નાના-નાની સાથે રહી રહ્યું હતું. આથી હાઈકોર્ટે પક્ષકારોને પોલીસ દ્વારા નોટિસની બજવણી કરી હતી. હાઈકોર્ટમાં સાંગલીથી PSI હાજર રહ્યા હતા. PSIને કોર્ટે કોર્પસ એટલે કે, બાળકને કોર્ટ સમક્ષ ઉપસ્થિત કરવા હુકમ કર્યો હતો. કોર્ટના આદેશ મુજબ પોલીસે બાળકને કોર્ટ સમક્ષ રજૂ કર્યું હતું. બાળક સાથે મહારાષ્ટ્રથી તેની દાદી પણ



આવ્યા હતા. કોર્ટ સમક્ષ રજૂઆત કરાઈ હતી કે, અરજદાર મહિલાના બીજા લગ્ન અમદાવાદ ખાતે થયા હતા. બીજા લગ્નથી બાળક થવામાં મુશ્કેલીઓ સર્જાતા બાળક ત્રણ વર્ષનું હતું, ત્યારે તેની માતા મહારાષ્ટ્રમાં તેની નાનીને ત્યાં મૂકી આવી હતી. હવે બાળક સાંગલીમાં ભણી રહ્યું છે. કોર્ટે નોંધ્યું હતું કે, અરજદાર દીકરી અને તેની માતા વચ્ચે સારા સંબંધો છે. બંને એક બીજાના ઘરે આવ-જા કરે છે, જેથી કોર્ટે બંનેને સાથે બેસીને સમાધાનકારી વલણ અપનાવવા જણાવ્યું હતું. માતા દીકરી વચ્ચે સમાધાન થતાં નક્કી થયું હતું કે, અત્યારે દીકરો ધોરણ 4માં અભ્યાસ કરે છે, જેનું એકેડેમિક વર્ષ 30 એપ્રિલ, 2026ના રોજ પૂર્ણ થાય છે. ત્યારે દીકરાની કસ્ટડી નાની તેની માતાને આપશે અને ઉનાળુ, દિવાળી અને ક્રિસમસ વેકેશનમાં માતા દીકરાને નાનીને ત્યાં મહારાષ્ટ્રમાં લઈ જશે, જ્યાં નાની સાથે પૌત્ર સમય ગાળશે.

# 30 વર્ષ સુધી કામ કરતા કર્મચારીએ છેતરપિંડી કરી

અમદાવાદ, તા.15

અમદાવાદના બોડકદેવમાં રહેતા વેપારી અને તેમના પિતા પાસેથી પૂર્વ કર્મચારીએ નવો ધંધો શરૂ કરવા અને રોકાણ કરી નફો આપવા લાખો રૂપિયા લીધા હતા. જેમાંથી કેટલીક રકમ પરત આપી હતી, પરંતુ 60 લાખ પરત આપ્યા નહોતા. પૂર્વ કર્મચારીએ 10 મહિના સુધી પૈસા પરત ન આપતા વેપારીએ સેટેલાઈટ પોલીસ સ્ટેશન પૂર્વ કર્મચારી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. બોડકદેવમાં રહેતા પ્રતીક શાહ કેમિકલનો ધંધો કરે છે. અગાઉ તેમના ભાઈ અને પિતા પણ કેમિકલનો ધંધો કરતા હતા. વર્ષ 2023માં પ્રતિકભાઈના પિતા બિપીનચંદ્રનું અવસાન થયું હતું. પ્રતીકભાઈની કંપનીમાં વર્ષ 1990 થી 2020 સુધી મનીષ મહેતા નોકરી કરતો હતો. 2022માં મનીષે પોતાનો ધંધો શરૂ કરવા અને ધંધામાં રોકાણ કરી નફો આપવા માટે પ્રતિકભાઈના પિતાને જણાવ્યું હતું. શરૂઆતમાં 19 લાખ આપ્યા હતા. જે બાદ 1.03 કરોડ અને 11 લાખ આપ્યા હતા. મનીષે આ પૈસાથી કેમિકલનો ધંધો પણ શરૂ કર્યો હતો. મનીષે ટુકડે ટુકડે પૈસા પરત આપ્યા હતા. બિપીનભાઈનું અવસાન થયું ત્યારે 48 લાખ લેવાના બાકી હતી.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

જાનકી ટ્રેડર્સ
FinOlex PIPES
NILKANTH STEEL


નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર

MAMTA SOLUTION
House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.

- લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
- લેબર જોતા હોય તો કોલ કરો
- કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.
લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.
લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.
88 66 21 7393